શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત દ્વિમાસિક

પંચોલી જયયુગ

સાચું શું પૈસો કે ધન ?

ધન કોનું નામ ? જે માણસને સમૃદ્ધ બનાવે, સુખી બનાવે, જીવનને જીવવા જેવું બનાવે અને મૃત્યુને મંગળમય બનાવે. જે ધન માણસને ચિંતા લાવે, જે ધન માણસને કંગાળ બનાવે, જે ધન વડે માણસ મનથી અને તનથી અહંકારી બને, અજ્ઞાની બને એ ધન નથી, એને પૈસો કહી શકો !

પૈસો અને ધન એ બે વચ્ચે મોટું અંતર છે. પૈસો જુગારીની પાસે પણ હોઈ શકે, નટ પાસે પણ હોઈ શકે પણ ધન તો સંસ્કાર સંપન્ન નરનારી પાસે જ હોય.

એટલા માટે જ પૈસો મેળવ્યા પછી ધન મેળવવાનું બાકી રહી જાય છે, જ્યાં સુધી આવું ધન ન આવે ત્યાં સુધી વ્યક્તિ પૈસાદાર કહેવાય પણ ધનવાન નહીં ! ધનપતિ, શ્રીપતિ, લક્ષ્મીપતિ એ બધાં જ જીવનની શોભાના ઉપનામ છે.

જે ધન-વડે કરીને માણસ સુખી હોય, પ્રસન્ન હોય, હૃદયનો ઉદાર અને ઉદાત્ત હોય. જ્ઞાનનો ઉપાસક હોય. જીવનને ધન્ય બનાવતો હોય અને મૃત્યુને મંગળમય બનાવતો હોય એ જ સાચું ધન છે. બાકી તો એ પૈસો કોડીમાંના કાકરા સમાન છે.

પૈસો ચાલ્યો જાય પણ આ ધન જતું નથી ! માણસ પૈસાથી નાદાર થઈ જાય તો ચાલે પણ આધ્યાત્મિક સંસ્કૃતિથી કંગાલ થઈ જાય તે નહીં જ ચાલે. તેથી આપણે ધનથી નિર્ધન ન થઈ જઈએ તે માટે સમાજને શકય રીતે ઉપયોગી થવાનો આજથી જ સંકલ્પ કરીએ.

પૂ મુનિશ્રી (ચિત્રભાનું)

અધિવેશન વિશેષાંક

વર્ષ-૭

અંક-૨/૩

મે જુન
જુલાઈ-ઓગષ્ટ ૧૯૬૮

સળંગ અંક ૩૮/૩૯

* શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ *

સને ૧૯૬૮-૬૯ વર્ષના સૂત્રધારો :—

પ્રમુખ : શ્રી જયેન્દ્ર નટવરલાલ પંચોલી (અમદાવાદ) ઉપપ્રમુખ : શ્રી જીતેન્દ્ર નગીનદાસ મીસ્ત્રી (મુંબઈ)
મહામંત્રી : શ્રી કુમાર અમૃતલાલ મીસ્ત્રી (અમદાવાદ) સહમંત્રી : શ્રી ભીખુભાઈ ખુશાલદાસ પંચોલી (વ્યારા)

—: કારોબારી સભ્યો :—

શ્રી છગનલાલ ઘેલાભાઈ મીસ્ત્રી,	મુંબઈ	શ્રી ચંદુલાલ ઈશ્વરલાલ લાકડાવાલા	સુરત
,, પરમાનંદ રામજીભાઈ પંચોલી	,,	શ્રીમતી પુષ્પાબેન બાબુકૃષ્ણ જરીવાળા	,,
,, ડાહ્યાભાઈ દુર્લભભાઈ મીસ્ત્રી	,,	,, પુષ્પાવતી નગીનદાસ લાકડાવાલા	,,
,, શાંતિલાલ અંબેલાલ પંચોલી	,,	શ્રી અમૃતલાલ મગનલાલ લોખંડવાલા	વ્યારા
શ્રીમતી વીરમતી જમનાદાસ પંચોલી	,,	શ્રીમતી ઉર્મિલાબેન હકોરલાલ પંચોલી	,,
,, દયાકોર ચુનીલાલ પંચોલી	,,	શ્રી જમનાદાસ ઘેલાભાઈ મીસ્ત્રી	નવસારી
,, લલીતાબેન હરગોવિંદભાઈ મીસ્ત્રી	,,	શ્રીમતી તારાબેન ચુનીલાલ પંચોલી	,,
શ્રી નવીનચંદ્ર છોટાલાલ ગજ્જર	સુરત	શ્રી બકુભાઈલાલ હકોરલાલ મીસ્ત્રી	બારડોલી
,, નાનુભાઈ છગનલાલ ઝવેરી	,,	,, હીરાલાલ મકનદાસ મીસ્ત્રી	નવાપુર

—: બંધારણ બોર્ડ :—

શ્રી ચંપકલાલ મોતીરામ મીસ્ત્રી (મુંબઈ) શ્રી હિંમતલાલ અમૃતલાલ મહેતા (સુરત)
(મહામંડળના મુખ્ય બંધારણશ્રી) (માજી મુખ્ય બંધારણશ્રી)

શ્રી ભગવાનદાસ મકનજી મીસ્ત્રી (બારડોલી) શ્રી ભીખુભાઈ ખુશાલદાસ પંચોલી (વ્યારા)
(નવયુગ પ્રકાશનના બંધારણશ્રી) (માજી નવયુગ પ્રકાશન બંધારણશ્રી)

શ્રી હિંમતલાલ ત્રિભોવનદાસ મીસ્ત્રી (નવસારી)

—: પ્રકાશન સમિતિ :—

શ્રી છગનલાલ ત્રિભોવનદાસ મીસ્ત્રી (સુપા) શ્રી શાંતિલાલ નાથુભાઈ પંચોલી (વડોદરા)
શ્રી મહાંત વિઠલદાસ ગાંધી (વ્યારા) શ્રી ભગવાનદાસ મકનજી મીસ્ત્રી (બારડોલી)

મંત્રીશ્રી
શ્રી ભગવાનદાસ મકનજી મીસ્ત્રી (બારડોલી)

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના છેલ્લા ત્રણ પ્રમુખશ્રીઓ.

૧૯૬૪-૬૫ ૧૯૬૫-૬૬ — ૧૯૬૬-૬૭ ૧૯૬૭-૬૮



શ્રી નરોત્તમદાસ મકનદાસ મીસ્ત્રી (મુંબઈ)



શ્રી છગનલાલ ત્રિભોવનદાસ મીસ્ત્રી (સુપા)



શ્રી છગનલાલ ઘેલાભાઈ મીસ્ત્રી (મુંબઈ)

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પંચમ અધિવેશન, સુરત.
પ્રસંગે રજૂ થયેલ પ્રકાશન સમિતિનો અહેવાલ

તા. ૧/૨-૬-૧૯૬૮

માનનીય પ્રમુખશ્રી, પધારેલા વડીલજનો, બાલ-બાલિકા મિત્રો,



તંત્રી નોંધ

આપ સૌના સાથ અને સહકારથી પાંગરેલું આપણા પંચોલી સમાજ મહામંડળના ગૌરવસમું દ્વિમાસિક "શ્રી પંચોલી નવયુગ" છ વર્ષની બાલ્યાવસ્થા વટાવી કિશોર અવસ્થા પામ્યું છે. અને આપ સૌના વધુ વાત્સલ્યનું અભિલાષી છે. આપ સૌ સ્નેહીજનોએ અમારામાં વિશ્વાસ રાખીને ગ્રોપેલ કામગીરી અમોએ શકય તેટલી અદા કરી છે. છતાં જાણ્યે-અજાણ્યે જો કંઈ ક્ષતિ થઈ હશે તો તે બદલ દીલગીર છીએ અને ક્ષમા યાચીએ છીએ. અને હવે પછી પણ અમારા તરફ તેવી જ ક્ષમા દૃષ્ટિ રાખશો એવી વિનંતી છે.

દેશ અંદર તથા દરિયાપાર વસતા આપણા સમાજના દાનવીર ભાઈ બહેનોએ શ્રી પંચોલી નવયુગ પ્રકાશન ફંડમાં માંગલિક પ્રસંગે ભેટ આપીને, સ્વર્ગસ્થ સ્વજનોના સ્મરણાર્થે ભેટ આપીને—'અંક અર્પણ' કરીને, જાહેરાત આપીને તથા અન્ય રીતે આર્થિક મદદ કરી છે તેમના આપણે સૌ ખુબ ઋણી છીએ. કારણ કે, તેમની આ ઉમદા સહાય વગર આપણે આગળ વધી શકયા ન હોત. આ ઉપરાંત આપણા સમાજ બહારના વેપારી ભાઈઓ પોતાના વેપાર-ઉદ્યોગની જાહેરાત આપીને મદદરૂપ થયા છે તેમના પણ આપણે આભારી છીએ અને પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થીએ કે તેમનો વેપાર-ઉદ્યોગ ખુબ આગળ વધો અને આવો જ દાનગંગાનો પ્રવાહ વહેતો રહો.

શ્રી પંચોલી નવયુગ પ્રકાશન માટે નાની-મોટી રકમો લોન તરીકે આપનાર ભાઈ-બહેનોના ખાસ ઋણી છીએ. અને તેમને વિનંતી છે કે આપની લોન પરત કરવાની મુદત પાકી ગયેલી છે છતાં આપને વિનંતી છે કે જો આપને અનુકુળ હોય તો આપ બીજા વધુ સમય માટે લોન ચાલુ રાખશો. આપને વિદીત હો કે આપે આપેલ લોનની રકમોને આપણે સહકર બેંકોમાં બાંધી મુદતની થાપણો તરીકે રોકાણ કરેલ છે અને દર વર્ષે એક હજાર જેટલી વ્યાજની રકમ આપણે મેળવી શકીએ છીએ અને આ આધારે શ્રી પંચોલી નવયુગ આર્થિક સહકાર ના ક્ષેત્રે આગેકૂચ કરી રહ્યું છે. ચાલુ વર્ષે કેટલાંક ભાઈ-બહેનોની માગણી આવવાથી રૂા. ૬,૦૦૦ (રૂપિયા છ હજાર) જેટલી રકમ લોનદાતાઓને પરત કરવામાં આવી છે. આથી સમાજના દાનવીર ભાઈ-બહેનોને શકય તેટલી વધુ રકમોની નવી લોનો આપી પત્ર પ્રકાશન ફંડને વધુ પગભર કરવા સહકાર આપવા નમ્ર વિનંતી છે.

આપ સૌ આજની દરેક વસ્તુની મોંઘવારીથી સુપરિચિત હશો જ. તેની અસર આપણા આ દ્વિમાસિકને પણ થઇ છે. વળી મે ૧૯૬૮થી ટપાલના દરોમાં વધારો થયો છે તેમજ બેંકો તરફથી અપાતાં વ્યાજના દરોમાં ઘટાડો થયો છે તે આપની જાણ માટે. અન્યત્ર આપેલ શ્રી પંચોલી નવયુગની આવક-જાવક, લોન વગેરેની વિગત આપને જોઈ જવા વિનંતી છે. આપણે આજસુધી પંચોલી નવયુગ વિના મુલ્યે ઘેર ઘેર પહોંચાડયું છે અને ભવિષ્યમાં પણ આજ રીતે તેને વિના મુલ્યે ઘેર ઘેર પહોંચાડવાની આપણી ઉમેદ છે પણ આ બધું આપ સૌના સહકાર ઉપર નિર્ભર છે—રહેશે.

(અનુસંધાન પાના ત્રીજા પર)

અમદાવાદના શ્રી દલસુખરામ મોરારજી પંચોલીના સ્મરણાર્થે

અર્પણ



શ્રી પંચોલી નવયુગ

જ-મ : ૩૦-૧૧-૧૪ મરણ : ૨૮-૧૦-૫૨

અર્પણકર્તા :

* શાંતાબહેન દલસુખરામ પંચોલી *

શ્રી દિનેશ પંચોલી
શ્રીમતી લોપા પંચોલી

卐

શ્રી અશોક પંચોલી
શ્રીમતી અનિતા પંચોલી

(અમદાવાદ)




શ્રી જયેન્દ્ર નટવરલાલ પંચોલી અમદાવાદ મહામંડળના ૧૯૬૮-૬૯ વર્ષ માટેના વરાયેલા 'પ્રમુખશ્રી' (આપણા સમાજના અગ્રગણ્ય ચિત્રકાર)

અધિવેશન પ્રસંગે સ્વાગત કરતી બાલિકાઓ !



કુ. જ્યોતિ, કુ. જ્યોત્સના, કુ. કુસુમ.

સને ૧૯૬૦-૬૮નું મહામંડળનું પંચમ અધિવેશન સુરત મુકામે તા. ૧/૨-૬-૬૮ના દિને ભરાયું હતું તેની "ઝાંખી તસ્વીર !"



શ્રી પંચોલી સેવા સદન, ગોપીપુરા, પંચોલી શેરી, સુરત. ના "શ્રી પાર્વતીબાઈ શેઠવિયા હૉલ"

મંત્રી નોંધ

સુજ્ઞ જ્ઞાતિ બંધુ-ભગિનીઓ,

આપણા પંચોલી સમાજનું પાંચમું અધિવેશન અને સામાન્ય સભા સુરત મુકામે તા. ૧-૨ જુન ૧૯૬૮ના રોજ મળી હતી. આ અધિવેશનની કાર્યવાહીમાં ઘણાં ભાઈ-બહેનોએ વિશાળ સમુદાયમાં હાજરી આપી અપૂર્વ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેથી આનંદ અનુભવી ગૌરવ લઈએ છીએ.

આ પ્રસંગે નવા વર્ષની (૧૯૬૮-૬૯) નવી નીમાયેલી કારોબારીની સભા બપોરે ૪ કલાકે નવા વરાયેલ પ્રમુખ શ્રી જયેન્દ્ર નટવરલાલ પંચોલી (અમદાવાદ)ના પ્રમુખ સ્થાને મળી હતી. પ્રમુખશ્રીએ ઉપપ્રમુખ તરીકે સમાજના જાણીતા તસ્વીરકાર શ્રી જીતેન્દ્રભાઈ નગીનદાસ મીસ્ત્રી (મુંબઈ) તેમજ મહામંત્રી તરીકે શ્રી કુમાર અમૃતલાલ મીસ્ત્રી (અમદાવાદ) તેમજ સહમંત્રી તરીકે ગયા વખતની કારોબારીના સહમંત્રી શ્રી ભીખુભાઈ ખુશાલભાઈ પંચોલી (વ્યારા)ની વરણી કરી હતી.

નવી કારોબારી સમક્ષ જ્ઞાતિના બે અસહાય બહેનોની આર્થિક મદદ અંગેની અરજી આવી હતી તેને મંજુર કરવામાં આવી હતી.

અધિવેશન તથા સામાન્ય સભા પ્રસંગે જે પ્રશ્ન ખૂબ ચર્ચાયો હતો અને બહુજન સમાજની ચિંતાનો વિષય બન્યો હતો તે "આંતર જ્ઞાતિય લગ્ન"નો પ્રશ્ન પણ આ નવી કારોબારી સમક્ષ આવ્યો હતો અને નવી કારોબારીએ આ બાબત સોંપાયેલ જવાબદારીનો વિચાર કરી આ લગ્નપ્રથા અંગે જ્ઞાતિનું સંગઠન કરી એકતા જળવાઈ રહે એ વસ્તુ ધ્યાન સમક્ષ રાખી પ્રમુખશ્રીની સૂચનથી પાંચ સભ્યોની એક સમિતિ નીમવામાં આવી હતી. જેના સભ્યો નીચે મુજબ છે:—

૧. શ્રી જયેન્દ્ર ન. પંચોલી (પ્રમુખ) અમદાવાદ.
૨ શ્રી જીતેન્દ્ર ન. મીસ્ત્રી (ઉપપ્રમુખ) મુંબઈ.
૩. શ્રી છગનલાલ ત્રિ. મીસ્ત્રી (માજી પ્રમુખ) સુપા.
૪. શ્રી અમૃતલાલ સી. જરીવાળા (માજી ખજાનચી) સુરત.
૫. શ્રી ડાહ્યાભાઇ દુ. મીસ્ત્રી (માજીમંત્રી) મુંબઈ.

ઉપરોક્ત સભ્યોની બનેલ સમિતિ આ પ્રશ્ન અંગે ચર્ચા-વિચારણા કરી તેનો અહેવાલ કારોબારી સમક્ષ રજુ કરશે. જે પરત્વે કરોબારી ફરી વિચારણા કરી તે અંગે ઘટતો નિર્ણય લેવા શક્તિમાન બનશે.

વિદ્યાર્થી ભાઈ-બહેનોએ તેમને જોઈતી શિષ્યવૃત્તિ તથા આર્થિક મદદ અંગેની અરજીઓ આ અંક મળ્યે ઓગષ્ટ માસની ૧૫ તારીખ સુધીમાં મહામંત્રીશ્રીને કરવાની રહેશે. વિદ્યાર્થીઓએ અરજી કરતી વખતે ચાલુ વર્ષે પોતે જે પરીક્ષામાં ઉત્તિર્ણ થયા હોય તેની ખરી નકલ અરજી સાથે પોતાના એકમ મારફતે અને જ્યાં એકમ ન હોય ત્યાં મહામંત્રીશ્રીને સીધી કરવાની રહેશે.

ગત વર્ષની મહામંડળની કારોબારીએ નીમેલ પ્રચાર સમિતિના સભ્યોના સક્રીય પ્રયાસને પરિણામે ચાલુ વર્ષે ગણદેવી, હજીરા, ગડતનું સંયુકત એકમ, તેમજ નવસારી તથા નવાપુરના એકમો અસ્તીત્વમાં આવ્યા હતા અને મહામંડળમાં જોડાવાથી મહામંડળ વધુ બળવાન બન્યું છે અને સમાજના વધુ સેવા બજાવવાની ઉમેદ રાખે છે.

આવી જ રીતે નવા વર્ષમાં પણ આવો સક્રીય પ્રયાસ વડોદરા રાજપીપળા, સંખેડા, બહાદુરપુર, છોટા ઉદેપુર ગામોના જ્ઞાતિજનોનો સંપર્ક સાધી ત્યાં નવા એકમો સ્થાપી મહામંડળને સર્વત્ર વિસ્તારવાની હમારી અપેક્ષા છે આશા છે કે હમારા એ નમ્ર પ્રયાસમાં આપ સૌનો સહકાર અને પરમકૃપાળુ પરમાત્માની કૃપા મળી રહેશે.

લિ. શ્રી કુમાર અ. મીસ્ત્રી (મહામંત્રી)
શ્રી ભીખુભાઇ ખુ. પંચોલી (સહમંત્રી)

(સાંધણ પાના ગઠેલાનું ચાલુ)

લેખક–લેખિકા, ભાઈ-બહેનો, બાલ–બાલિકાઓના પણ ખુબ આભારી છીએ. કારણ કે, તેમના સહકાર વડે જ આજસુધીમાં પંચોલી નવયુગના ૩૭ અંકો બહાર પાડી આપણા સમાજને કિંચિત ઉપયોગી થઇ શકયા છીએ. આપણે તેમના ઋણી છીએ અને સાથે વિનંતી છે કે આપનો આવો અદમ્ય ઉત્સાહ પૂર્વવત્ ચાલુ રાખી પંચોલી નવયુગના પ્રકાશન કાર્યમાં મદદ રૂપ થશો એવી પ્રાર્થના. ખબરપત્રી ભાઇઓ તથા ઘેર ઘેર પંચોલી નવયુગ પહોંચાડનાર ભાઇ–બહેનોના પણ આભારી છીએ.

અંતમાં અનિવાર્ય સંજોગોને લઈને પંચોલી નવયુગને સુરત છપાવી બારડોલીથી પ્રગટ કરવું પડે છે. તેને લઈને આપને કેટલીક અગવડ પડતી હશે તો દરગુજર કરશો અને ભવિષ્યમાં પણ નિભાવી લેશો એ જ પ્રાર્થના.

લિ૦ પ્રકાશન સમિતિના સભ્યો :–

(૧) **શ્રી પ્રશાંત ગાંધી,** વ્યારા.
(૨) **શ્રી શાંતિલાલ પંચોલી,** વડોદરા.
(૩) **શ્રી જયેન્દ્ર પંચોલી,** અમદાવાદ.
(૪) **શ્રી ભગવાનદાસ મીસ્ત્રી,** બારડોલી.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

હરીપુરા, પંચોલી શેરી, **સુરત–૩.**

પંચમ્ અધિવેશન

અને

સામાન્ય સભા

શનિવાર તા ૧ જુન તથા રવિવાર તા. ૨ જુન ૧૯૬૮ ના શુભ દિને **શ્રી અમૃતલાલ સાકેરલાલ જરીવાલા** ના પ્રમુખપદે **શ્રી પાર્વતીબાઇ શેઠલીઆ હૉલ, શ્રી પંચોલી સમસ્ત પંચની વાડી, પંચોલી શેરી, ગોપીપુરા, સુરત–૨** મુકામે મળશે. સર્વને હાજર રહેવા આગ્રહભર્યું આમંત્રણ છે. અધિવેશનમાં સત્તાવાર રીતે મળેલ ઠરાવો સુચનો નીચે જણાવ્યા મુજબના રહેશે.

૧. મહામંડળ દ્વારા નીયુક્ત કરાયેલ ઇતિહાસ સમિતિના કાર્યકર્તાઓએ જુદી જુદી જગ્યાના જ્ઞાતિ બંધુઓનો સંપર્ક સાધી પોતાના મંતવ્યો કારોબારી સભા સમક્ષ રજુ કર્યા એ ધ્યાનમાં લઈ તેમજ મહામંડળના અધિકૃત એકમોના પ્રત્યાઘાતોને પણ લક્ષમાં લઈ કારોબારી 'પંચોને મહામંડળમાં સામેલ ન કરવા અતી ભારપૂર્વક ભલામણ કરે છે.' અને એને અનુલક્ષીને બંધારણની કલમ નં. ૬ની પેટા કલમ નં. ૨ માં છેલ્લે કૌંસમાં 'પંચ સિવાય' શબ્દો ઉમેરવા સુચવે છે.

શ્રી વિઠ્ઠલભાઇ કે. પંચોલી (રાજપીપળા) સુચીત 'જ્ઞાનયજ્ઞ' સમારંભના આયોજન તેમજ તે પ્રસંગેના કાર્યક્રમ અર્થેના યોગ્ય સલાહ, સુચનો અંગે જાહેર વિચારણા.

સુચીત : **શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ કારોબારી.**

બંધારણની કલમ નં. ૭ ની પેટા કલમ નં. ૨૧ (અ) માં સુધારો.
મહામંડળના પ્રમુખશ્રી તથા બ્જનચી બોર્ડની ચૂંટણી અર્થે દરેક એકમે મહામંત્રી તરફથી દરેક એકમ દ્વારા રજુ થયેલ સામાન્ય સભ્યોની નામાવલીમાંથી પોતાના એકમના મહામંડળના સામાન્ય સભ્યોની બહુમતીથી નોમીનેશન્સ સામાન્ય સભાના ૧૫ દિવસ અગાઉ મહામંત્રીને મોકલવાના રહેશે, સદરહુ નોમીનેશન્સ મહામંત્રીએ સામાન્ય સભા સમક્ષ રજુ કરવાના રહેશે. તદ્ઉપરાંત જે સામાન્ય સભ્યોમાંથી વ્યક્તિગત રીતે ઉમેદવારી નોંધાતા, સામાન્ય સભા બહુમતીથી રજુ થયેલ નોમીનેશન્સ તથા નોંધાયેલ ઉમેદવારીમાંથી પ્રમુખ તથા બ્જનચી બોર્ડની ચૂંટણી કરશે.

કારોબારી તથા સામાન્ય સભાની કાર્યવાહી દરેક એકમ તરફી સર્વે સભ્યોની હાજરીથી અથવા એકમના કુલ પ્રતિનીધિઓમાંથી અમુક સભ્યો સત્તા મેળવી હાજર રહી એકમના કુલ પ્રતિનીધિઓ વતી કરવાની રહેશે. મત લેવાના પ્રશ્ન વખતે સત્તા મેળવીને હાજર રહેલ સભ્યોની મતોની ગણત્રી એકમના કુલ પ્રતિનીધિત્વ બરાબરની ગણાશે.

બંધારણની કલમ નં. ૬ ની પેટા કલમ ન. ૨ માં સુધારો.
એકમની વ્યાખ્યા—એકમ એટલે પંચોલી જ્ઞાતિના પુખ્ત વયના મુક્ત મતાધિકાર ધરાવતી ઓછામાં ઓછી પાંચ સભ્યોની અને સેવાભાવી ક્ષેત્રે સેવા કરવાના ધ્યેય ઉપર અસ્તીત્વમાં આવેલ સંસ્થા.

બંધારણની કલમ નં. ૭ ની પેટા કલમ નં. ૧૭ માં સુધારો.
સામાન્ય સભા બીજા વર્ષને માટે અન્વેષક (ઓડિટર) અને તેનું વેતન નક્કી કરવાના રહેશે. નીમાયેલ અન્વેષક મહામંડળની કારોબારી તથા બ્જનચી બોર્ડમાં સભ્યપદ મેળવવાને અધિકારી રહેશે નહીં. નીમાયેલ અન્વેષક જો એકમે મોકલેલ કારોબારી સભ્યોની યાદીમાંથી નીમવામાં આવે તો એકમે એક વધુ કારોબારી સભ્ય મોકલવાને રહેશે.

મહામંડળના અધિકૃત એકમોએ પોતાની સભ્ય સંખ્યાના દરેક પાંચ સભ્યે એક સામાન્ય સભ્ય તથા દરેક પચ્ચીસ સભ્યે એક કારોબારી સભ્ય અનુક્રમે મહામંડળની સામાન્ય સભા તથા કાર્યવાહક સમિતિ અંગે નીમવાના રહેશે. સભ્ય સંખ્યાને પાંચથી ભાગતા બાકી રહેતી ત્રણ ઉપરની સંખ્યા માટે એક વધુ સામાન્ય સભ્ય તથા પચ્ચીસથી ભાગતા બાકી રહેતી તેર ઉપરની સંખ્યા માટે એક વધુ કાર્યવાહક સભ્ય નીમવાના રહેશે

બંધારણની કલમ નં. ૭ ની પેટા કલમ નં. ૬ માં સુધારો.
અધિવેશનમાં ઠરાવેલ ફી ભરી હાજર રહેલ વ્યકિત મત આપી શકશે.

બંધારણની કલમ નં. ૧૦ની પેટા કલમ નં. ૧૦માં સુધારો.
મુખ્ય બ્જનચીએ પ્રમુખશ્રીને આવક જાવકના હિસાબ અંગે દર ત્રણ માસે વાકેફ કરવાના રહેશે. પ્રમુખશ્રીએ વધુમાં સદરહુ આવક-જાવકનો હિસાબ બ્જનચી બોર્ડને મોકલવાનો રહેશે.

સુચિત : **શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઇ.**

૧૦. જ્ઞાતિ બહાર થતાં લગ્નોને બની શકે ત્યાં સુધી સમજાવીને તે ન થાય તેવા પ્રયત્ન કરવા.

૧૧. અધિવેશન દર વર્ષે ભરાવું જોઇએ, જેથી આપણા સમાજના લોકો એકબીજાને પ્રત્યક્ષ રીતે મળી શકે અને દર વર્ષે ભેગા મળવાથી એકબીજાની વધુ નજદિક આવી શકાય અને મહામંડળ માટે સંગીન કાર્ય કરી શકાય.

૧૨. મહામંડળ તરફથી દર વર્ષે ડેલેન્ડરો છપાવી જ્ઞાતિમાં ઘેર ઘેર પહોંચી યથાશક્તિ ફાળો ઉઘરાવી મહામંડળના ફંડમાં વધારો કરવો.

૧૩. મહામંડળ તરફથી નોટબૂકો છપાવી તેનું વેચાણ કરવું, અને તેની આવક મહામંડળના ફાળામાં લઈ જવી.

૧૪. અધિવેશન પ્રસંગે જ બાળકોની પકતૃત્વ હરીફાઈ, ચિત્ર હરીફાઈ, સંગીત હરીફાઈ, રમત-ગમતની હરીફાઈ વગેરે રાખી તેમને ઈનામો આપી વધુ પ્રોત્સાહન આપવું.

૧૫. અધિવેશન પ્રસંગે આપણે જેને આવતી પેઢી તરીકેના સભ્યો સમજીએ છીએ તેવા યુવાન-યુવતીઓને ખાસ આમંત્રણ આપી તેમના વિચારો જાણવા, તેમની અભ્યાસ અંગેની મુશ્કેલીઓ સમજવી અને યોગ્ય માર્ગદર્શન આપવું તથા આર્થિક મદદ-લોન વગેરે આપવી

૧૬. પંચોલી નવયુગમાં બીજા સમાચારોની માફક સમાજના શિક્ષીત અને અપરણીત યુવાન-યુવતીના નામ, ઉંમર, અભ્યાસ વગેરે આપવા.

૧૭. આપણા સમાજની ફરીથી વસ્તી ગણત્રી કરવી જોઈએ અને પંચોલી નવયુગમાં દર અંકે ગામવાર અપાવી જોઈએ. બની શકે તો એક સ્વતંત્ર વસ્તી ગણત્રી અંક બહાર પાડવો જોઇએ. આ કામ તાકીદે કરવાની જરૂર છે.

૧૮. મહામંડળનું ફંડ આપણે જોઈએ તેવું બિકસાવી શકયા નથી. તો અમારા એકમનું સુચન છે કે મહામંડળમાં જેટલા એકમો જોડાયા હોય તેમની પાસે સ્થાનિક એકમોને આર્થિક મુશ્કેલી ઉભી ન થાય તેવી રીતે આવકનો અમુક ટકા ફાળો મહામંડળને મળે તે માટે યોગ્ય કરવું જોઈએ.

૧૯. જે ગામોમાં હજુ એકમો ન થયા હોય તેમનો સંપર્ક સાધી, તેમની મુશ્કેલી સમજી, તેમની શંકાઓ નીવારી એકમો થાય તથા મહામંડળમાં જોડાય તેવા પ્રયત્ન કરવા જોઈએ.

૨૦. દરિયાપાર થયેલ મંડળોને મહામંડળમાં અમુક હક્ક આપી, જોડાઈ જવા વિનંતી કરવી જોઇએ.

સુચીત : **શ્રી પંચોલી મિત્ર મંડળ, બારડોલી.**

૨૧. આજની આ સભા પંચોલી સમાજમાં થતાં આંતરજ્ઞાતિય લગ્નોને પખોડી રાહે છે અને ગાવા લગ્નોમાં સાથ આપનારને સમાજ પ્રગતિના અવરોધક ગણે છે

શ્રી પંચોલી ભગીની સમાજ નવસારી.

૨૨. આજની આ સભા આંતરજ્ઞાતિય લગ્નો કરનાર વ્યકિત સમાજને માટે વર્જ્ય છે એમ ગણીને મહામંડળના એકમોને એવાં લગ્ન કરનારને સભ્યપદ નહિ આપવા વિનંતી કરે છે.

શ્રી પંચોલી સેવા સમાજ નવસારી.

અધિવેશનમાં હાજરી આપવા ઇચ્છીત ભાઇઓ, બહેનો તથા મંડળોને પોતાના નામો પ્રવેશ ફી સાથે ઉપપ્રમુખશ્રી **શ્રી નવીનચંદ્ર સી ગજ્જર**, હરીપુરા, પંચોલી શેરી, સુરત-૩. ને જો ન જણાવ્યા હોય તો વહેલી તકે જણાવવા વિનંતી છે પ્રવેશ ફી મળ્યે અધિવેશનની આમંત્રણ પત્રિકાઓ રવાના કરાશે.

શ્રી પ્રમોદ મણીલાલ મીસ્ત્રી
મહામંત્રી.
શ્રી ભીખુભાઈ ખુશાલદાસ
પંચોલી સહમંત્રી.
શ્રી પં. સે સ મ. મં. કા વતી

"સ્વાગત ગીત"

પ્રેમે પધારો રે..... પંચોલી મિત્રો
હાંરે એવા સુરત શહેરના દ્વારે પધારો રે...પંચોલી મિત્રો
ગોપીપુરામાં સુંદર ધામ છે
પંચોલી સેવા સદન શુભ એવું નામ છે
હાંરે તેનું ઉદ્‌ઘાટન કરીએ આજે પધારો રે...પંચોલી મિત્રો
પ્રેમની પુષ્પમાળ અર્પણ કરીશું
આછા આછા ફુલડાના સાથિયા પુરીશું
હાંરે એમાં નવરંગ જ્યોત જગાવો પધારો રે...પંચોલી મિત્રો
જ્ઞાતિજનોને જોઈ આજે હૈયું હરખાય છે
સામસામી મળવા માટે દીલડું લલચાય છે
હાંરે એવા લ્હાવા જીવનના લઈએ પધારો રે...પંચોલી મિત્રો
ધન્ય એવા ભાગ્ય આજે સુરત શહેરનાં
નાના મોટા ભાઈબ્હેનો આવ્યા છે હહેરમાં
હાંરે એવી સેવા કરી જ્ઞાતિ ગૌરવ લેવા પધારો રે...પંચોલી મિત્રો
પંચોલી ભાઈબ્હેનો સ્વાગત કરે છે
પ્રેમભર્યા દાનની ગંગા વહે છે
હાંરે એવા પુનિત પ્રેમ સામસામી લઈએ પધારો રે...પંચોલી મિત્રો

(પંચમ્ અધિવેશન પ્રસંગે ગવાયેલુ)

સ્વાગત પ્રમુખશ્રી



પંચમ અધિવેશન પ્રસંગે સ્વાગત પ્રમુખશ્રીનું પ્રવચન

સજ્જનો અને સન્નારીઓ,

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના અધિવેશનના શુભ પ્રસંગે ઉપસ્થિત સર્વે વ્યક્તિઓને હું આવકારૂં છું. અને આ પ્રસંગે આપ સર્વે પધાર્યા તે સૌ ઉપસ્થિતોનું હું હાર્દિક સ્વાગત કરૂં છું. સુરત ખાતે બીજી વખત અધિવેશનનો સુયોગ પ્રાપ્ત થયો છે તે બદલ હું સુખની લાગણી વ્યકત કરૂં છું. એ પણ એક સુભગ સંજોગ છે કે શ્રી સુરત પંચોળી સમસ્ત પંચની નવી વાડીનું ઉદ્‌ઘાટન વિધિ અને અધિવેશનનો આરંભ એક જ દિવસે થઈ શકયો છે.

આ સૂરતની ઐતિહાસિક નગરીમાં શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનું અધિવેશન બીજી વખત મળી રહ્યું છે. એ અધિવેશનમાં સમાજના મહાનૂભાવો અત્રે એકત્ર થયા છે અને તેથી સમાજ હિતમાં વિચાર વિનિમય શકય બનશે અને તે અંગે સંપૂર્ણ સહકાર મળશે એવી હું આશા રાખું છું.

આ અધિવેશન પ્રસંગે આપની સરભરા કરવા અમારાથી શકય સર્વ વ્યવસ્થા યજમાન તરીકે કરી છે. તેમાં સમય અને સંજોગ અનુસાર જો કોઈ કચાશ રહી જાય તો ક્ષમા કરશો.

—શ્રી અમૃતલાલ ભીખાભાઈ પંચોલી

અધિવેશન પ્રસંગે મળેલ શુભ સંદેશાઓનો ટુંકસાર

સમાજના અગ્રગણ્ય વડીલો તરફથી અધિવેશનની સફળતા ઇચ્છતા પ્રસ્તુત તેમજ માર્ગદર્શન આપતા સંદેશાઓ સર્વ શ્રી લલ્લુભાઇ ગોમાભાઈ પંચોલી (રાજપીપળા) વલ્લભભાઈ નાગજીભાઇ મપારા (રાજપીપળા), નગીનદાસ જીવાભાઈ મહેતા (બીલીમોરા), છગનલાલ રામજીભાઇ મોદી (બીલીમોરા), નટવરલાલ મોતીરામ પંચોલી (ભરણ), જમનાદાસ ગોમ. પંચોલી (અમદાવાદ), શ્રીમતી મંજુલા નગીનદાસ મહેતા (બીલીમોરા), તરફથી મળ્યા હતા. સર્વેએ અધિવેશનની સફળતા ઇચ્છી હતી અને જ્ઞાતિ સેવાની જ્યોત ઉત્તરોઉત્તર પ્રજ્વલીત બને એવી અભિલાષા વ્યકત કરી હતી.

★ બીજી કોમોની માફક આપણા કોમના ધનિક ભાઇઓએ યથાશકિત ફાળો અર્પી મોટા ભંડોળની સ્થાપના શકય બનાવી આપણા ગરીબ વર્ગને તેમજ વિદ્યાર્થી ભાઇઓને મદદ કરવી.

★ મહામંડળને ચેરીટી કમીશનરની ઓફીસમાં રજીસ્ટર કરાવી સર્વે સમાજના ભાઈઓને મહામંડળની સહાયતાની ખાત્રી કરાવવી.

★ અરસપરસના ઝઘડાઓ ભૂલી જઈ જ્ઞાતિ હિત માટે જ વિચારણા કરી દરેક ભાઈ બહેનોને મદદરૂપ-માર્ગદર્શક થવાય તેવા સિદ્ધાંતો ઘડી તેનો અમલ કરવા તન, મન અને ધનથી દરેક નિશ્ચય કરીએ તો જ આવાં અધિવેશન સફળ ગણાય.

★ દર સાલે આવાં અધિવેશનો કે સભા ગોઠવી જ્ઞાતિ બંધુઓને એકબીજાની નજદીક લાવવા, જેથી સર્વે એકબીજાને સારી રીતે ઓળખી શકે, સમજી શકે.

★ મંડળના કાર્યકર્તાઓના સક્રિય કાર્ય તેમજ અગ્રગણ્ય પ્રયત્નોને સંપૂર્ણ સફળતા મળે અને પરમકૃપાળુ પરમાત્મા તેમને હજી વધુ ને વધુ આવાં કાર્યો અંગે ઉત્સાહ અર્પે.

★ વ્યકિત પુજામાં વધુ પડતા આંધળિયા કરવા કે અધોગતિના માર્ગે મોડા યા વહેલા લઇ જનાર છે. માટે તે માટે સાવધ રહેવું અને ત્રુટિને વિસારી કૃતિને અપનાવવી.

અધિવેશન પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન



માનનીય પ્રમુખશ્રી, ભાઈઓ અને બહેનો,

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તરફથી તેના પાંચમાં અધિવેશન પ્રસંગે અધિવેશન પ્રમુખ તરીકેનું સંચાલન મને આપવા બદલ હું સંસ્થાનો અત્યંત આભારી છું. આપ ઘણાંને વિદિત છે કે આવો કોઈપણ હોદ્દો નહિ સ્વીકારવાની મારી નીતિ છે, પરંતુ આ વખતના સંજોગાધિન ખાસ કરીને મારા મિત્રો અને સ્નેહિઓના પ્રેમવસ મારે મારી નીતિ આજ પુરતી છોડવી પડી છે અને વધુ દબાણના કારણે આ પદ સ્વીકારવાની મને ફરજ પડી છે. આ પદ માટે હું કેટલો લાયક છું તે તો હું જાણતો નથી છતાં આપે મને જે માન આપ્યું તે બદલ ફરી આપ સર્વેનો આભાર માનું છું

આપણું આ મહામંડળ પોતાના ૭ વર્ષ પુરાં કરી ૮માં વર્ષ માં પ્રવેશી રહ્યું છે અત્યાર સુધી મહામંડળે

પોતાની મર્યાદા અને અવધિમાં રહીને જે કાંઈ જ્ઞાતિ સેવા થઈ શકે તે કરીછે-કરે છે અને કરશે. કાર્યકર્તાઓની મહત્વકાંક્ષા ગમે તેટલી મોટી હોય પરંતુ તેને મંડળની સ્થિતિ અને મર્યાદાઓમાં રહીને કામ કરવું પડે છે. કાર્યકરો ફક્ત પોતાની મહત્વકાંક્ષા યોજનાઓ દ્વારા આપ સૌ સમક્ષ રજુ કરે છે. દોરવણી-સૂચનો આઘાત પ્રત્યાઘાત રજુ કરે છે. આવી અનેક વિવિધ યોજનામાં તેના બહુલક્ષી પાસાઓ વખતોવખત રજુ થાય છે. નવયુગ દ્વારા આપ સૌ સમક્ષ એ-મુકવામાં આવે છે. આ બધી યોજનાઓને સફળ બનાવવા આપ સાના સાથ અને સહકારની સંપૂર્ણ જરૂરત છે. ઉદાર હાથે દરેક ખુણેથી આવેલ મદદથી જ આ પૂર્ણ થઇ શકે. મહામંડળની સ્થાપના વખતે જ આપણે ઘણી જ વિશાળ દ્રષ્ટિ અપનાવેલી છે જ. સમગ્ર પંચોલી સમાજ આપણું અંગ જ છે એમ સમજીને સેવાના લાભો સમગ્ર પંચોલી સમાજને મળે એવી ભાવના રાખી છે. પરંતુ આટલા મોટા સમાજને પહોંચી વળવા માટે આપણી પાસે ઠીક ઠીક ભંડોળ હોવું ખાસ જરૂરી છે. અત્રેથી મારી તમામ જ્ઞાતિ બંધુઓને વિનંતી છે કે, આપ સૌ આ સંસ્થાને પગભર કરવા જ્ઞાતિ સેવાના આ પુણ્યમાં પોતાનો હિસ્સો આપશો. સેવાનું ક્ષેત્ર એટલું વિશાળ હોય છે કે તેની મર્યાદા હોતી નથી. મર્યાદા ફક્ત સાધનોની કમીને કારણે કાર્યકરોને જ રાખવી પડે છે જે દૂર કરવાની આપણી ફરજ છે.

કાર્યકર્તાઓએ પણ પોતાના મતભેદોને હંમેશા દૂર રાખવા જોઈએ કાર્ય કરનાર જુદા તો કરે જ. પરંતુ આવી પ્રમાણિક ભુલોને ઉદાર દ્રષ્ટિ રાખી, મતભેદો શાંતિથી ઉકેલવા જોઈએ. દુનિયાનો ઇતિહાસ કહે છે કે ભયંકર લડાઈ લડનારા પણ એક ટેબલ પર બેસી મતભેદ ઉકેલી શકે છે. સંસ્થાના હિતમાં વ્યક્તિને પોતાનો કોઈ ભોગ આપવો પડે તો આપીને પણ સંસ્થાનું હિત જાળવવું જોઈએ. વ્યક્તિ કરતાં સંસ્થા મહાન છે. જો આપણે આ ભાવના કેળવીશું તો જ્ઞાતિ ઉચ્ચ સ્થાન જરૂરી પ્રાપ્ત કરી શકે.

કેળવણી ક્ષેત્રે, આર્થિક મદદ ક્ષેત્રે આપણું મહામંડળ યથા યોગ્ય મદદ કરે છે પરંતુ તે ઘણી અલ્પ છે. આટલી મદદથી કોઈ વિદ્યાર્થી ભણી પાર ઉતરી શકે. નહિ પરંતુ આમાં મહામંડળની મર્યાદા વધારવા આપણા સૌની ઉદારતા જ કામ આવી શકે અને મોટું ભંડોળ હોય તો જ તેજસ્વી વિદ્યાર્થીને પૂરતી મદદ કરી શકીએ આ માટે કાયમી આવકની યોજના મહામંડળના કાર્યકર્તાઓ અને આપણે બધાએ વિચારની પડશે અને તેને પૂર્ણ કરવા આપણે બધાએ સાથ અને સહકાર આપવો જોઈશે.

જેના માટે આપણે આ બધું કરીએ છીએ, તેવા મારા ભણેલા વિદ્યાર્થીબંધુઓ અને ઉગતા યુવાનોને પણ ગારી નમ્ર વિનંતિ છે કે એઓ સંસ્થાના કાર્યમાં રસ લે. સેવાના ક્ષેત્રમાં સક્રિય સાથ અને સહકાર આપે અને સંગઠનની શક્તિનો સ્વીકાર પીછાંણી પોતાની સમાજ પ્રત્યેની નૈતિક ફરજ અદા કરે આપણા ભણેલા શિક્ષિત યુવાન ભાઇ બહેનો જો સંગઠનની શક્તિ અને તેના પરિણામની ઉપેક્ષા કરીએ તો એનું પરિણામ સારું ન જ આવે વ્યક્તિનો વિકાસ સમાજના વિકાસમાં જ છે એ ન ભુલાવું જોઈએ આપણે આપણાને ન અપનાવીએ તો અને આપણી જરૂરિયાત માટે બહાર દ્રષ્ટ ન દોડાવીએ તો સમાજ છિન્નભિન્ન થાય અને આના નિમીત્ત બનનાર પણ અંતે તો સમાજ કે બીરાદરીના પ્રેમભાવ ભરેલા સંગઠન અને સાથના અભાવે દુઃખી જ થાય છે. માટે જ અત્રેથી મારી આપણા યુવાન શિક્ષિત વર્ગને સમાજના સંગઠન અને સમાજની પ્રગતિનો વિચાર કરી, ભવિષ્યકાળના જરૂરિયાત નજર સમક્ષ રાખી પગલાં ભરવાં વિનતિ છે. સાથ, સહકાર અને સમાજની દરેક વ્યક્તિને જરૂરિયાત રહે જ છે. આપણું મહામંડળ એ દિશામા કાર્ય કરે જ છે. તો તેને બનતી તમામ મદદ કરવા અને તેની ઉણપ દૂર કરવાની આપણી ફરજ છે.

મહામંડળની ઉન્નતિ અને આપણો સહકાર પરિચય પધારનાર આપણા એકમાત્ર નવયુગ પ્રકાશનને આપણે ભૂલી શકીએ નહિ, એની સિદ્ધિઓ સ્વયં-સિદ્ધ હકીકત છે. આમ છતાં એની પ્રગતિમાં આપણા સાહિત્યરસિકો અને શિક્ષિતો સાથ આપતા નથી. લેખન સામગ્રીનો કાળો વિના મૂલ્ય આપીને જે મહાન સેવા થાય છે તે માટે આપણા યુવાનો અને ભણેલા ગણેલા દુર્લક્ષ સેવે છે એ દુઃખદ બીના છે. શિક્ષિતોને આ તરફ લક્ષ્ય આપી લેખનમાં વિવિધતા આપવા પોતાનો કાળો આપવાનો આમ વિનંતિ સહ વિરમું છું—

લિ. શ્રી અમૃતલાલ સાકરલાલ જરીવાલા, સુરત

અધિવેશનની સમાલોચના

અધિવેશન પ્રસંગે ગામવાર હાજર રહેલ સભ્યોની સંખ્યા

મુંબઇ	૬૨	સુરત	૨૭૮
બ્યારા	૧૩	બારડોલી	૨
અમદાવાદ	૮	નવાપુર	૮
નવસારી	૨૩	બીલીમોરા	૧
ગણદેવી	૯	સુપા	૬
ચીખલી	૩	વડોદરા	૬
ખુડારી	૧	અંકલેશ્વર	૧
		રાજપીપળા	૨
			૪૨૪

કુલ્લે ૪૨૪ સભ્યો (પ્રવેશ પત્રિકાને આધારે ગણાયેલ)

શ્રી પંચોલી સમસ્ત પંચ, સુરતના આમંત્રણ તેમજ શ્રી પંચોલી સેવા સમાજ, સુરતના સહકારથી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનું પંચમ અધિવેશન સુરત મુકામે તા. ૧ અને ૨ જુન ૧૯૬૮ના દિનોએ ભરવામાં આવ્યું હતું. કુલ્લે ૪૨૪ સભ્યોએ હાજરી આપી અધિવેશનની સફળતામાં બહુ મુલ્ય ફાળો આપ્યો હતો.

શનીવાર તા. ૧ જુનના દિને બપોરે ૧-૩૦ કલાકે સુરત પંચના આમંત્રણને અનુલક્ષીને શ્રી સુરત સમસ્ત પંચના નવા બંધાયેલ હોલના ઉદ્‌ઘાટન પ્રસંગે અધિવેશનમાં હાજર રહેલ વ્યક્તિઓએ હાજરી આપી હતી. ઉદ્‌ઘાટનની ક્રિયા પંચોલી સેવા સમાજ મહામંડળના આગેવાન કાર્યકર્તા શ્રી છગનલાલ ત્રીભોવનદાસ મીસ્ત્રીના વરદ હસ્તે થઈ હતી. ઉદ્‌ઘાટન ક્રિયા બાદ સર્વેનું ઠંડા પાણીથી સન્માન કરાયું હતું.

બપોરના ૪-૧૦ કલાકે અધિવેશન પ્રમુખ શ્રી અમૃતલાલ સાકરલાલ જરીવાલા (સુરત)નું સ્વાગત મહામંડળના પ્રમુખ શ્રી છગનલાલ ઘેલાભાઈ મીસ્ત્રી, સુરત પંચના સ્વાગત પ્રમુખ શ્રી અમૃતલાલ ભીખાભાઇ પંચોલી, મહામંત્રી શ્રી પ્રમોદ મણીલાલ મીસ્ત્રી તેમજ અન્ય કાર્યકર ભાઈઓ અને હાજર રહેલ વ્યક્તિઓ તરફથી કરાયું હતું. અને માનભેર અધિવેશન સ્થળે એમને લઈ જવાયા હતા. મહામંત્રી તરફથી સર્વે હાજર રહેલ વ્યક્તિઓનો આભાર વ્યકત કરાયો હતો અને જણાવ્યું હતું કે અધિવેશનની સર્વે કાર્યવાહી શાંતિથી ગુફાસરના વિચારો વખતો વખત જણાવી અને સહકાર આપી પતાવવા વિનંતી છે.

અધિવેશનનું પ્રમુખસ્થાન સ્વીકારવા શ્રી અમૃતલાલ સાકરલાલ જરીવાલાને વિનંતી કરાઈ હતી, વિનંતીને માન આપી એએ શ્રીએ પ્રમુખસ્થાન લીધું હતું.

શ્રી ગણેશ સ્તુતિ શ્રી છગનલાલ ઘેલાભાઈ મીસ્ત્રી દ્વારા કરાઇ હતી. બાદમાં સ્વાગત ગીત શ્રી સુરત નિવાસી બાળાઓએ રજુ કર્યું હતું. અધિવેશન પ્રમુખશ્રીને અધિવેશન ખુલ્લું મુકવા વિનંતી કરાઈ હતી. જેને અનુલક્ષીને અધિવેશન પ્રમુખશ્રીએ અધિવેશન ખુલ્લું જાહેર કર્યું હતું. વધુમાં એમણે અધિવેશનની કાર્યવાહીના સંચાલન બદલ મહામંત્રીને વિનંતી કરી હતી. જે સ્વીકારાતાં અધિવેશનની આગળની કાર્યવાહી શરૂ કરાઇ હતી.

વર્ષભરના સદ્‌ગત આત્માઓની શાંતિ અર્થે સર્વેએ બે મીનીટ મૌન ધ્યાન ધરી મુક પ્રાર્થના કરી હતી.

હાજર રહેલ વ્યક્તિઓનું સ્વાગત શ્રી પંચોલી સમસ્ત પંચ, સુરતના પ્રમુખશ્રી અને સ્વાગતાધ્યક્ષ શ્રી અમૃતલાલ ભીખાભાઈ પંચોલી તરફથી કરાયું હતું. સ્વાગત પ્રવચનની નોંધ અન્યત્ર રજુ કરાઇ છે.

અધિવેશનની સફળતા ઇચ્છતા શુભ સંદેશાઓ વાંચી સંભળાવાયા હતા જેનો ટુંકસાર અન્યત્ર રજુ કરાયો છે.

અધિવેશન પ્રસંગે જુદા જુદા એકમો તરફથી રજુ થયેલ ઠરાવો-સુચનો જે અધિવેશન પહેલા છાપીને સર્વેને પહોંચાડાયા હતા એનું વાંચન સભા સમક્ષ કરાયું હતું અને પાછળથી આવેલ બે ઠરાવો નં. ૨૧ અને ૨૨ અધિવેશન પ્રમુખશ્રીની સંમતિ મળ્યે રજુ કરાયા હતા. જેની વિગત અન્યત્ર કરાઇ છે.

સૌ પ્રથમ બારડોલી એકમ તરફથી રજુ થયેલ સુચન નં. ૧૧ ઉપર ચર્ચા-વિચારણા હાથ પર લેવાઈ હતી. જેના પ્રધાન સુરમાં સૌએ જણાવ્યું હતું કે અધિવેશન દ્વારા જ્ઞાતિની વ્યક્તિઓ એકબીજાના સંપર્કમાં વધુ આવી જ્ઞાતિ ભાવના વિસ્તૃત બને છે એમાં બે મત નથી. પરંતુ હાલના મોંઘવારીના જમાનામાં સર્વેને અને ખાસ કરીને મહામંડળ ઉપર આર્થિક દૃષ્ટિએ બોજો વધુ નાખવો યોગ્ય નથી. વધુમાં કાર્યકર્તાઓ ઉપર પણ કાર્યભાર વધારી એમની બીજા ક્ષેત્રોની કાર્યપાહીને અસર પહોંચાડવી યોગ્ય નથી. અધિવેશન પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે અધિવેશનની તૈયારી ત્રણ માસ પહેલાં કરી છેલ્લી ઘડીની દોડાદોડ રોકવી આવકારદાયક છે, અને એ રીતે આપણે અધિવેશનની યોગ્ય વ્યવસ્થા કરી શકીશું.

બહુમતિએ અધિવેશન દર બે વર્ષે ભરવા સુચન કરતાં યથાવત સ્થિતિ હાલની જે પ્રગાણે છે એ મંજુર રખાઈ હતી ચર્ચામાં સર્વશ્રી નવીનચંદ્ર છો. ગજ્જર, હિરાલાલ મોતીરામ ઝવેરી, છગનલાલ ત્રીભોવનદાસ, મીસ્ત્રી, ભગવાનદાસ મકનદાસ મીસ્ત્રી, અમૃતલાલ સાકરલાલ જરીવાલા તેમજ શ્રીમતી નીવેણીબેન જારીવાલાએ ભાગ લીધો હતો.

સુચન નં. ૧૨ની ચર્ચામાં સર્વશ્રી અમૃતલાલ હ. મહેતા, જયેન્દ્ર ન. પંચોલી, નવીનચંદ્ર છો. ગજ્જર, નટવરલાલ લલ્લુભાઈ પંચોલી, પ્રમોદ મ. મીસ્ત્રી, છગનલાલ ધોલાભાઇ મીસ્ત્રી, અમૃતલાલ સા. જરીવાલા, કુન્દનલાલ છગનલાલ મોદી, મધુસુદન મકનદાસ અને અમૃતલાલ ભીખાભાઇ પંચોલી તરફથી નીચે પ્રમાણેની વિગતો જણાવાઇ હતી.

કેલેન્ડર છાપી મહામંડળનો પ્રચાર કરવો યોગ્ય છે. પરંતુ એ અંગે ઘટતો ખર્ચ તેમજ કાર્યકર્તાઓ મળવા મુશ્કેલ છે. છતાં એ અંગે જો રચનાત્મક કાર્ય હાથ ધરવું હોય તો પ્રારંભમાં નાની શરૂઆત કરી ઉત્તરોઉત્તર સારૂં કાર્ય કરી શકાય અને કાર્યકર્તાઓની જહેમતથી મહામંડળના પ્રચાર સાથે સારો એવો ફાળો પણ એકત્ર કરી શકાય. બીજી ભિન્ન વિચાર સરણીમાં જણાવાયું હતું કે આર્થિક લાભ ન જોતાં મહામંડળના પ્રચાર તરફ જો લક્ષ આપીએ તો કેલેન્ડરો એ યોગ્ય માધ્યમ છે. જે દ્વારા સારા વિચારો તેમજ મહામંડળના કાર્યક્ષેત્રની સમજ બહુજન સમાજને આપી શકાય અને એ દ્વારા લાંબા ગાળે લાભ શકય બને. વર્ષ દરમ્યાન છ નવયુગના અંકો બહાર પડે છે એમાં પણ જો દર બે મહિનાનું કેલેન્ડર આપે જ કરીએ તો વર્ષભરની કેલેન્ડરની જોગવાઈ શકય બની શકે, વધુમાં કેલેન્ડરને સુવિચારોનું માધ્યમ બનાવી આવતી પેઢીને માર્ગદર્શક પણ બનાવી શકાય એમ એક ચર્ચાર્થીએ જણાવ્યું હતું. અને એક રૂબ્રુ રેડીમેડ કેલેન્ડરોની છપાઇ ઉપર મણતુ કમીશન મહામંડળને અર્પણ કરવા તૈયારી બતાવી હતી. ચર્ચાની સમાલોચનામાં આવતા વર્ષની મહામંડળની કારોબારીને પોતાને યોગ્ય પગલાં ભરવા વિનંતી કરાઈ હતી.

સુચન નં. ૧૩ અંગે પણ યોગ્ય પગલાં ભરવા કારોબારીને વિનંતી કરાઇ હતી.

સુચન નં. ૧૪ અંગેની ચર્ચામાં શ્રી અમૃતલાલ હ. મહેતા, શ્રી હર્ષકાન્ત પંચોલી, શ્રી સુનીલાલ છ. પંચોલી, તથા શ્રી પ્રમોદ મ. મીસ્ત્રી તરફથી વિચારો રજુ કરાયા હતા. અધિવેશન પ્રસંગે સમય ઘણો ઓછો મળતો હોવાથી હરીફાઇઓનું આયોજન શકય બનાવી ન શકાય, તેમજ દરેક એકમ એ પ્રત્યે પોતાની વ્યવસ્થા કરે એ ઇચ્છનીય અને આવકારદાયક છે. સર્વે પ્રકારની હરીફાઈ ઓ જો 'જ્ઞાનયજ્ઞ' કે યુવક મહોત્સવ પ્રસંગે આમે જ કરાયો થયેલ સુચનને યોગ્ય ન્યા

મળી રહે. આ સુચન અંગે પણ કારોબારીને વિચારણા અર્થે ભલામણ કરાઈ હતી.

સુચન નં. ૧૫ અંગેની જોગવાઈઓ અમુક અંશે મહામંડળ પોતે તેમજ નવયુગ મારફત કરાઈ છે એમ સર્વેનો પ્રધાનસુર જણાતા એ ઉપરની ચર્ચા સમેટી લેવાઈ હતી.

સુચન નં. ૧૬ અંગેની શક્યતાઓ તપાસાઈ હતી અને રદ કરાયેલ જાહેર થયું હતું.

સુચન નં ૧૭ ઉપરની ચર્ચામાં નવયુગને માધ્યમ બનાવી એના દરેક અંકમાં દરેક ગામે તેમ જ એકમો તરફથી મોકલાયેલ એમની વસ્તીગણત્રી અંગેની વિગતો છાપવા ભલામણ થઈ હતી. એ અંગે મુંબઈ એકમ તરફથી ભૂતકાળમાં થયેલ વસ્તીગણત્રી અંગેનું ફોર્મ મેળવી કારોબારીએ યોગ્ય પગલાં લેવા આદેશ કરાયો હતો.

સુચન નં. ૧૮ એકમોના કાર્યક્ષેત્રમાં હસ્તક્ષેપ કરનારું હોઈ ચર્ચાની ઓરણ ઉપર લેવાયું ન હતું.

સુચન નં. ૧૯ અંગેની ચર્ચામાં શ્રી પ્રમોદ મ. મીસ્ત્રી તરફથી જણાવાયું હતું કે સુચનની વિગત ઉપર ગત કારોબારીએ યોગ્ય પગલાં ભર્યા છે અને એ રીતે, નવાપુર સેવાસમાજ, નવસારી સેવાસમાજ તેમ જ નવસારી મહિલામંડળ મહામંડળમાં એકમ તરીકે દાખલ થયાં છે. વધુમાં એમની કાર્યવાહી અર્થે પણ સંપર્ક સમિતિના સભ્યો તરફથી યોગ્ય સલાહ સુચનો અપાયા છે અને પ્રચાર દ્વારા સુસુપ્ત એકમોને જાગૃત કરવા શક્તિમાન થયા છીએ. જેઓ વહેલા મોડા પણ મહામંડળમાં એકમ તરીકે જોડાઈ સાથ આપશે. મહામંડળની રીતી-નીતિ અનુકૂળનું સુચન હોઈ ચર્ચા આગળ ન ચલાવાતા પાસ જાહેર કરાયું હતું.

સુચન નં. ૨૦ ઉપર સંપર્ક સમિતિ તેમ જ કારોબારીને યોગ્ય પગલાં ભરવા સુચના કરાઈ હતી. ઉપરોક્ત સર્વે સુચનો બારડોલી જેવા નાના એકમ તરફથી આવ્યા હોઇ શ્રી ચુનીલાલ છગનલાલ પંચોલીએ અભિનંદન આપ્યા હતા અને બીજા મોટા એકમોને એમાંથી બોધપાઠ લેવા સુચના કરાઈ હતી.

સને ૧૯૬૭-૬૮ની મહામંડળની કારોબારી તરફથી રજુ થયેલ ઠરાવ નં. ૧ ની સમજ સભા સમક્ષ આપતા શ્રી પ્રમોદ મ. મીસ્ત્રીએ જણાવ્યું હતું કે ઠરાવની ભાષામાં જ લોકલાગણીનો તેમ જ એકમોનો પડઘો જાહેર થયેલો છે. એટલે એને સર્વાનુમતીએ પસાર કરવો યોગ્ય રહેશે વધુમાં શ્રી નવીનચંદ્ર છો. ગજ્જરે પણ લોકલાગણીને તેમ જ એકમોના મતોને ધ્યાનમાં લેવા સુચના કરી હતી. સભાજનોએ સર્વાનુમતીએ ઠરાવ પસાર જાહેર કર્યો હતો.

સુચન નં. ૨ અંગે શ્રી ડાહ્યાભાઈ દુ. મીસ્ત્રીને 'જ્ઞાનયજ્ઞના' વિચારક શ્રી વિઠ્ઠલભાઈ કેસુરભાઈ પંચોલીના વિચારો જણાવવા વિનંતી કરાઈ હતી. તેને અનુલક્ષીને 'જ્ઞાનયજ્ઞ'ની સર્વ વિગતો એમણે જાહેર કરી હતી, સુંદર યોજનાના આયોજન બદલ સર્વે એ ખુશાલી વ્યક્ત કરી હતી અને એમના વિચારોના આયોજન અંગે કારોબારીએ યોગ્ય પગલાં ભરવા ભલામણો થઇ હતી. શ્રી. ડાહ્યાભાઇ દુ. મીસ્ત્રીએ વધુમાં આયોજન અંગે ઘણો સમય માંગી લે એવી યોજના હોઈ સર્વે એ સહાયભૂત થઇ કાર્યકરોનો કાર્યભાર ઓછો કરવા વિનંતી કરી હતી અને સર્વે શિક્ષિત ભાઇઓ બહેનોને નવયુગમાં રજુ થયેલ મોજણીમત ભરી મોકલવા સુચવાયું હતું.

ઉપરોક્ત ચર્ચાબાદ રાત્રીભોજન અર્થે સભા મુલતવી રખાઈ હતી.

બંધારણીય સુધારાઓ મુંબઈ એકમ તરફથી સુચન નં. ૩ થી ૬ માં જણાવાયા હતા. જેની ચર્ચા વિચારણા ભોજન બાદ રાત્રે ૬ થી ૧૦-૩૦ દરમ્યાન કરાઇ હતી.

સુચન નં. ૩ ની સમજ મુંબઈ એકમ વતી શ્રી પ્રમોદ મ. મીસ્ત્રી તરફથી અપાતાં જણાવાયું હતું કે પદતે ઓછે અંશે બંધારણીય સુધારો જે સુચવાયા છે એ પ્રમાણે જ આપણે લગભગ કાર્ય કરી રહ્યા છીએ અને એ કાર્યને બંધારણીય સ્વરૂપ આપવા સુધારો રજુ કરાયો હોઈ પસાર થયેલ જાહેર કરવો.

સર્વાનુમતે સુધારો પસાર થતાં સુચન નં. ૪ ઉપર વિચારણા હાથ ધરાઇ હતી.

મુંબઈ એકમતથી સુચનના અનુસંધાનમાં શ્રી પ્રમોદ મ. મીસ્ત્રીએ જણાવ્યું હતું કે બંધારણને સંપૂર્ણ ખ્યાલમાં રાખીને આ સુધારો રજુ કરાયો છે. સર્વેનું પ્રતિનિધિત્વ પણ સુધારો પસાર કરાય તો આવી જાય છે. અને આવી જ રીતની કાર્યવાહી ભારતના બંધારણમાં રાષ્ટ્રપતિની ચૂંટણી તખ્તે આમે જ કરાઈ છે. સર્વે રાજ્યોની લોકસંખ્યાને ધ્યાન પર રાખી અધિકૃત પ્રતિનિધિના પ્રમેયની ચુણક સંખ્યા નકકી થાય છે જે તમોએ પેપરોમાં વાંચી હશે શ્રી નવીનચંદ્ર છો. ગજ્જરે સુધારો બંધારણમાં આમે જ ન કરવા હિમાયત કરી હતી. અને જણાવ્યું હતું કે આવા બંધારણીય સુધારાઓથી આપણે રચેલ બંધારણની અવગણના કરાઈ રહી છે. શ્રી મધુસુદન મકનદાસ મીસ્ત્રી તરફથી બંધારણીય સુધારાઓ પાસ કરતા પહેલા કારોબારીએ સંપૂર્ણ રીતે દરેક પાસાનો અભ્યાસ કરવો જરૂરી હોઈ કારોબારીને ઘટતા નિર્ણય લેવા જણાવવું જરૂરી છે. ઉપરોક્ત રજુઆતને આધારે આવતી કારોબારીએ વિચારણા કરી ઘટતા સુધારાવધારા કરવા આદેશ કરાયો હતો.

સુચન નં. ૫ અંગે સમજમાં જણાવાયું હતું કે આપણા બંધારણમાં એકમની વ્યાખ્યામાં 'સામાજીક ક્ષેત્રે' ઉપર કાર્ય કરવાના ધ્યેય ઉપર રચાયેલ સંસ્થા જણાવ્યું છે. પરંતુ મહામંડળ સેવાભાવી ક્ષેત્રે પોતાનું કાર્ય કરે છે. સામાજીક ક્ષેત્ર પંચની હદમાં આવેલું છે. અને અત્યાર સુધીમાં મહામંડળે સામાજીક ધ્યેય ધ્યાનુંમે રાખી કાર્ય કર્યું છે. જેની બંધારણીય સુધારાને માન્ય રાખવા કાર્યવાહી આવશ્યક છે. સર્વાનુમતે બંધારણીય સુધારો માન્ય રખાયો હતો.

સુચન નં. ૬ પણ બંધારણની તૃટીને દૂર કરનારો હોઈ પાસ જાહેર કરાયો હતો.

સુચન નં. ૭ માં ૧૪ની ઉપરની સંખ્યાના સભ્યો ધરાવતાં એકમે પણ એક કારોબારી સભ્ય નીમવાનો રહેશે' ઉમેરાઈ પસાર જાહેર થયું હતું.

સુચન નં ૮ નાં અનુસંધાનમાં અધીવેશન અને સામાન્ય સભ્ય શુ છે એની સમજ શ્રી. ડાહ્યાભાઈ કુ. મીસ્ત્રી દ્વારા અપાઈ હતી. અધીવેશનમાં સર્વે સભ્યો પોતાની લાગણીઓ જણાવી શકે છે અને સામાન્ય સભામાં ફક્ત અધિકૃત સભ્યો જ ભાગ લઈ શકે છે. સામાન્ય સભામાં અધિવેશન દરમ્યાન પડેલ લાગણીઓનો પડઘો સ્વાભાવિક રીતે ધ્યાનમાં લેવાતો હોઈ અધીવેશન દરમ્યાન બહુમતીએ જે બાબતોનું વિવરણ શકય બને એ ધ્યાનમાં લેવાનું હોઈ મતોની ગણત્રી કરવી જરૂરી બને.

બંધારણીય સુધારામાં 'પુખ્ત વયની ઠોંસમાં (૨૧ વર્ષ ઉપરની) ઉમેરાઈ પસાર થયેલ જાહેર કરાયો હતો.

સુચન નં. ૯ અંગે મુંબઈ તરફથી શ્રી પ્રમોદ મ. મીસ્ત્રીએ જણાવ્યું હતું કે મુખ્ય ખજાનચીની હિસાબ-કિતાબો રાખવાની જવાબદારી બંધારણમાં આવે જ છે. એ ધ્યાનમાં લઈ હિસાબના કારોબારથી વધુ માહિતગાર ખજાનચી હોય એ સ્વાભાવિક છે વધુમાં કારોબારીએ મંજુર કરેલ રકમો યોગ્ય વ્યકિતઓને કયારે પહોંચાડાઈ તેમજ બેટ રકમો દરેક સ્થાનિક ખજાનચીઓ મારફત અથવા સીધી ખજાનચી પાસે આવતી હોય એની વિગત પ્રમુખશ્રીને મુખ્ય ખજાનચીએ મોકલવી આવશ્યક છે. અને આ રીતે રજુ થયેલ વિગતો ખજાનચી બોર્ડના બાકીના સભ્યોને પ્રમુખશ્રીએ મોકલવી.

બંધારણીય સુધારો યોગ્ય જણાતા પસાર કરાયો હતો.

સુચન નં. ૧૦ તેમજ ૨૧ અને ૨૨ "આંતર જ્ઞાતિય" લગ્નોની બાબતમાં હોઈ એની સમગ્ર ચર્ચા હાથ પર લેવાઈ હતી જેમાં શ્રી પ્રમોદ મ. મીસ્ત્રીએ જણાવ્યું હતું કે, વ્યકિતગત રીતે મારૂં માનવું છે કે આ અગાઉ આપણે મહામંડળ સેવાભાવી ક્ષેત્રે કાર્ય કરતા એકમને પ્રતિનિધિત્વ આપશે એનો સુધારો સામાન્ય સભા સમક્ષ વિચારણા અર્થે સર્વાનુમતીથી પાસ કર્યો હોઈ 'આંતર જ્ઞાતીય' લગ્નો બાબત ચર્ચા કરવી અસ્થાને છે.

પરંતુ બહુજન સમુદાય એ અંગે મુકત ચર્ચા કરવી એવા ઝોક તરફ વળ્યો હતો. આ તબકકે સર્વેને વિચારણા કરવાનો યોગ્ય સમય મળે અને માંગણીના આવેગમાં ઉતાવળીયો નિર્ણય ન લેવાય એ ધ્યાન પર

લઈ તેમજ બહુ મોટી સંખ્યામાં મનોરંજક કાર્યક્રમ નિહાળવા ઉપસ્થિત થયેલ બાળક ગણને પુરતું મનોરંજન મળી રહે કે જે અંગે એઓએ અગાઉથી તૈયારીઓ કરી હોઈ ચર્ચા સવારે આગળ ચલાવવા હિમાયત શ્રી પ્રમોદ મીસ્ત્રી તરફથી થઈ હતી. જેમાં બાળકોનો નૈતિક વિજય થયો હતો. અને સુરતની તેમજ મુંબઇની બાળાઓએ ગીતો રજુ કર્યાં હતાં. વધુમાં આંતર રાષ્ટ્રીય ઈનામો વિજેતા શ્રી જીતેન્દ્ર નગીનદાસ મીસ્ત્રી (મુંબઈ) તરફથી કલર સ્લાઈડો રજુ થઈ હતી, સૌએ કાર્યક્રમ મનભરીને માણ્યો હતો. તાળીઓના ગડગડાટ વચ્ચે રાત્રે ૧૨ કલાકે કાર્યક્રમ સમાપ્ત થયો હતો

તા. ૨ જૂનના દિને સવારે ચર્ચાની શરૂઆતમાં શ્રી અમૃતલાલ સા. જરીવાલા સુરત તરફથી પ્રભુ સ્તુતિ કરાઈ હતી અને 'આંતર જ્ઞાતીય લગ્ન અંગેની ચર્ચા-વિચારણા હાથ ધરાઈ હતી.

ચર્ચામાં સર્વશ્રી ભગવાનદાસ મકનદાસ મીસ્ત્રી, જમનાદાસ ધોબાભાઈ મીસ્ત્રી, મધુસૂદન મકનદાસ મીસ્ત્રી, છગનલાલ ત્રીભોવનદાસ મીસ્ત્રી, હિરેન્દ્ર મોતીરામ ઝવેરી, નવીનચંદ્ર સી. ગજ્જર, નગીનદાસ રણછોડદાસ મારફતીયા, હર્ષકાન્ત વિઠ્ઠલાલ પંચોલી, સુભાષચંદ્ર શાંતિલાલ પંચોલી, ચુનીલાલ છગનલાલ પંચોલી, પ્રમોદ મણીલાલ મીસ્ત્રી, હરીષ છગનલાલ પંચોલી તેમજ ઘણાં નં ઓળખાયેલ જ્ઞાતિ બાંધવો અને બહેનો ઉપરાંત શ્રીમતી લલીતાબેન હરગોવિંદદાસ મીસ્ત્રી. તારામતી ચુનીલાલ પંચોલી, પ્રાપ્તાબેન વી. ગાંધી અને ચંપાગૌરીબેન ઇ. જરીવાલા વગેરેએ વિચારો રજુ કરેલા હતા.

વડીલ વર્ગ તેમજ ખાસ કરીને સ્ત્રી વર્ગ તરફથી આંતર જ્ઞાતીય લગ્નોની વિરૂદ્ધમાં વિચારો દર્શાવાયા હતા જેવા કે વ્યક્તિ સ્વાતંત્ર્યના નામે ફેશનેબલ થઈ આચરવો યોગ્ય નથી. સમાજમાં રહેલ વ્યક્તિઓને અમુક અંશે સામાજિક બંધન હોવું આવશ્યક છે. જાણેલ યુવાને જ્ઞાતિનું સ્તર ઉંચું જાયવા જ્ઞાતિમાંથી યોગ્ય પાત્ર શોધી લગ્ન કરવું જોઈએ. સમાજને સંગઠીત કરવા પચરંગીપણાને તજવું જોઈએ.

યુવાન તેમજ ઘણા શિક્ષિત વર્ગ તરફથી વ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર ભાર અપાયો હતો અને જીવનના આ એક આંતરિક પ્રશ્ન હોઈ મહામંડળે એમાં પડવું જોઇએ નહીં એવી લાગણી વ્યકત કરી હતી. સમયને અનુકુળ થતાં જાણીને વિચારવાની આવશ્યકતા ઉપર ભાર મૂકાયો હતો. વધુમાં યુવાન અને યુવતીઓ એમ બંનેની જોગવાઈઓ પ્રત્યે ધ્યાન દોરવાયું હતું.

ચર્ચાની સમાલોચનામાં ઉપરોકત પ્રશ્ન અંગે એક કમિટી નિમવાની ભલામણ થઈ હતી. જે અંગેની સત્તા સામાન્ય સભાને અપાઈ હતી.

અધિવેશન પ્રમુખશ્રી તરફથી અન્યત્ર રજુ કરાયા મુજબ એસ એસ. સી. તેમજ નવયુગ કાર્યો અને લેખોની હરીફાઈના વિભાગવારના વિજેતાઓને ઈનામો અપાયાં હતાં.

શ્રુતપૂર્વ ઉપપ્રમુખ શ્રી મધુસુદન મકનદાસ મીસ્ત્રી (B. G. Civil) HONS; I. S. I. ડેપ્યુટી ડાયરેકટર, ગ્રેડ-૧. ભારત સરકારનું સંપ્લાય ખાતું ની વોશીંગ્ટન, અમેરીકા ખાતેની ભારત સરકારની ઇન્ડીયા સપ્લાય મીશનની ઓફીસમાં ડાયરેકટર તરીકેની નીમણુંકને ધ્યાનમાં લઈ ફૂલહાર અર્પી બહુમાન કરાયું હતું. તેમ જ હાલના ઉપપ્રમુખ શ્રી નવીનચંદ્ર ઝોરાલાલ ગજ્જર, D. C. E. ને સુરત મ્યુનીસિપલ કોર્પોરેશનમાં બીલ્ડીંગ સુપ્રીન્ટેન્ડન્ટના હોદ્દા ઉપર થયેલ નિમણુંકને ધ્યાનમાં લઈ ફુલહાર અર્પી બહુમાન કરાયું હતું.

આ તબકકે અધિવેશનની કાર્યવાહી બરખાસ્ત જાહેર કરાઇ હતી. અધિવેશનમાં પાસ થયેલ સુચનો, ઠરાવો સામાન્ય સભાને વિધિપૂર્વક અર્પણ કરાયા હતા. સમગ્ર કાર્યવાહી દરમ્યાન હાજર રહેલ ભાઈઓ તેમ જ બહેનો તરફથી જે અપૂર્વ માથ અને સહકાર આપાયા હતો એ બદલ આભાર વ્યકત કરાયો હતો.

લિ. શ્રી પ્રમોદ મણીલાલ મીસ્ત્રી મહામંત્રી
શ્રી ભીખુભાઈ મુશાલદાસ પંચોલી સહમંત્રી

સામાન્ય સભા સમક્ષ રજુ કરાયેલ અધિવેશનની ભલામણો

સુચન નં. ૧, સુચન નં. ૨, સુચન નં. ૩, સુચન નં. ૫, સુચન નં. ૬, સુચન નં. ૭ સુધારા સાથે, સુચન નં. ૮ સુધારા સાથે, સુચન નં. ૯, સુચન નં. ૧૭, સુચન નં. ૧૯, સુચન નં. ૨૦, ૨૧ અને ૨૨ અંગે કમિટીના નિમણુંક કરી યોગ્ય વિચારણા કરવી

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

જ્ઞાનયજ્ઞ

(માહિતી પત્રક)

(આ ભાગ સભ્યે તંત્રીશ્રીને તરત ભરી મોકલવાનો)

નામ _____

ઉંમર _____

હાલ વ્યવસાય _____

પૂરું સરનામું _____

અભ્યાસ	આપેલી પરીક્ષા	સાલ	અન્ય વિગત
(મેટ્રીક			
તેમજ			
તે પછીનો)			

(નીચેનો ભાગ મોકલનારે પોતાની પાસે રાખવાનો)

નામ _____

ઉંમર _____

હાલ વ્યવસાય _____

પૂરું સરનામું _____

અભ્યાસ	આપેલી પરીક્ષા	સાલ	અન્ય વિગત
(મેટ્રીક			
તેમજ			
તે પછીનો)			

મંત્રી નિવેદન સને ૧૯૬૭–૬૮

સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ-ભગિનિઓ,

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સાત વર્ષની યશસ્વી કારકીર્દી બાદ આઠમાં વર્ષમાં પ્રવેશ કરે છે. એ પહેલાના સને ૧૯૬૭–૬૮ના સાતમાં વર્ષ દરમ્યાનની કાર્યવાહી શ્રી. છગનલાલ ધેલાભાઈ મીસ્ત્રીના પ્રમુખપણા હેઠળ સર્વે કારોબારી સભ્યો, બ્રહ્મનચી બોર્ડના સભ્યો, સર્વે એકમો ઉપરાંત અન્ય જ્ઞાતિજનોના તેમ જ ભારત બહારના અન્ય જ્ઞાતિજનોના સુંદર સહકારથી યશસ્વી રીતે પાર પડાઈ હતી જેની વર્ષ ભરની કાર્યવાહીનો ટુંક અહેવાલ રજુ કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

વર્ષ દરમ્યાન મુંબઈ, સુરત તેમ જ બીલીમોરા એમ જુદા જુદા સ્થળે ચાર કારોબારી સભાનું આયોજન કરાયું હતું અને એક સામાન્ય સભા બીલીમોરા સ્થળે યોજવામાં આવી હતી.

જે સમયે સમાજના અગ્રગણ્ય કાર્યકર્તા શ્રી છગનલાલ ત્રિભોવનદાસ મીસ્ત્રી (નાયબ બાંધકામ અધિકારી, ગુજરાત રાજ્ય)નું એમની મહામંડળ ક્ષેત્રેની, બહુમુલ્ય સેવાને ધ્યાનમાં લઈને બહુમાન કરી 'સમાજ પિતા'ની ઉપમા અપાઈ હતી. તેમ જ નવયુગને પ્રકાશનક્ષેત્રે પગભર કરવાની અથ ગ કાર્યશક્તિને ધ્યાન પર લઈ નિવૃત્ત થયેલ તંત્રીશ્રી શ્રી. પ્રશાંત વિઠ્ઠલદાસ ગાંધીનું બહુમાન કરાયું હતું.

'મહામંડળ' ખાતે વર્ષ દરમ્યાન રૂા. ૩૨૬૮–૬૦ની આવકની સામે ખર્ચ બાદ થતાં વધારો ઉમેરાતા 'મહામંડળનાં' અત્યાર સુધીની પોતીકી અસ્કયામત કુલ રૂા. ૮,૫૦૧.૩૭ની થઈ છે જેમાં રૂા. ૬૧૫૨.૨૫ની બણ અપાયેલ (UN PAID) લોન ઉમેરાતાં કુલ ભંડોળ રૂા. ૧૭,૬૫૩.૬૨નું રાકય બન્યું છે. તેમ જ પ્રમાણે નવયુગ ખાતે રૂા. ૪.૨૬૮.૬૭ પૈસાની આવકની સામે રૂા. ૩૧૩૧.૪૨ પૈસાની જાવક બાદ થતાં કુલે રૂા ૧૧૬૭.૨૧ પૈસાનો વધારો ઉમેરાતાં પ્રકાશન ક્ષેત્રે પોતીકી અસ્કયામત કુલ રૂા. ૧૧,૭૩૬.૬૭ પૈસાની શકય બની છે, જેમાં રૂા. ૭૦૬૦.૬૦ પૈસાની બણ અપાયેલ લોન ઉમેરાતા રૂા. ૧૮,૭૯૩.૬૭ પૈસાનું કુલ ભંડોળ આપ સૌનાં અપૂર્વ સાથ અને સહકારથી ભેગું થઇ શકયું છે.

બંનેની પોતીકી અસકયામત કુલ્લે રૂા ૨૦,૨૩૫.૦૪ પૈસાની તેમ જ બણઅપાયેલ લોન રૂા. ૧૬,૨૧૨.૨૫ પૈસાની ઉમેરાતાં રૂા ૩૬,૪૪૭.૨૯ પૈસાની કુલ ભંડોળની સાચવણી અંગેની જવાબદારી ભરી સ્થિતિ આપ સૌના સાથ અને સહકારને આભારી છે.

વર્ષ દરમ્યાનની કાર્યવાહીનું વિહંગાવલોકન

કેળવણી ક્ષેત્રે :

સમાજના જુદા જુદા સ્થળોના જેવા કે સંખેડા, જંબુસર, ગઢબોરીયાદ, બીલીમોરા, હજીરા, નવસારી, અમદાવાદ તેમ જ સુરતના ૧૬ વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓને માધ્યમિક તેમ જ ઉચ્ચ કેળવણી અર્થે રૂા. ૭૫૬.૫૦ની મદદ વર્ષ દરમ્યાન આપવામાં આવી છે.

માર્ચ તેમ જ ઓકટોબર-૧૯૬૮ની એસ એસ.સી. પરીક્ષામાં ગુણવત્તાની દૃષ્ટિએ પ્રથમ તેમજ દ્વિતીય ક્રમાંક હરીફાઈમાં, શ્રી કમલેશ મણીલાલ પંચોલી (રાજપીપળા) ૭૦૦-૭ % માર્ક સાથે પ્રથમ આવી રૂપિયા ૫૦નું તેમજ શ્રી રમેશકાન્ત ભગવાનદાસ મીસ્ત્રી (મુંબઇ), ૬૯૦૭૧ % માર્ક સાથે દ્વિતીય આવી રૂપિયા ૨૫નું ઇનામ મેળવવા ભાગ્યશાળી થયા હતા.

સમાજના શિક્ષિતભાઈઓ સમૂહમાં એકબીજાને મળી સમાજના ઉત્કર્ષમાં એમની અમીદૃષ્ટિરૂપી શુભ યોજનાઓ, સુચનો વગેરે મળે એ નજર સમક્ષ રાખી વડીલ શ્રી વિઠ્ઠલદાસ કે પંચોલી સુચીત 'જ્ઞાનયજ્ઞ' સમારંભની યોજના અંગે કારોબારીએ આવી સુંદર યોજનાના આયોજન બદલ ધન્યવાદ વ્યકત કરી હતી. જેના પ્રથમ તબકકાએ સમગ્ર સમાજના મેટ્રીક તેમજ ઉચ્ચ અભ્યાસ પસાર કરેલ અને સાથે સાથે વિશિષ્ટ પરિક્ષાઓ પસાર કરેલ જ્ઞાતિ ભાઇબહેનોની મોજણી અંગે નવયુગ દ્વારા શુભ શરૂઆત કરી હતી. તેમજ 'જ્ઞાનયજ્ઞ'ના આયોજન તેમ જ કાર્યક્રમ અર્થે ચર્ચા વિચારણાઓ કરી હતી. સદરહુ યોજનાને સંપૂર્ણ

ન્યાય મળી રહે એ ધ્યાનમાં રાખી કારોબારીએ સુરત ખાતેના અધિવેશન પ્રસંગે એજેન્ડા ઉપર રાખી જાહેર ચર્ચા વિચારણા કરી છે. અને એ અંગેની બાકી કાર્યવાહી હવે પછીની કારોબારી હાથ પર લેશે આ યોજનાના પ્રથમ તબકકામાં આપેલ. માહીતી પત્રક ભરીને ન મોકલ્યું હોય તો ભરી મોકલી આપવા વિનંતી છે. એકમો અને એકમો ન હોય ત્યાં ગામની સેવાભાવી વ્યકિતઓને ઘરેઘરથી આ માહિતી એકત્ર કરી મોકલી આપવા વિનંતી છે.

આર્થિક ક્ષેત્રે :

ચીખલી, બીલીમોરા, અમદાવાદ તેમજ સુરત બાતેની વ્યતિકઓને આર્થિક સહાય વર્ષ દરમ્યાન આપવામાં આવી છે. મહામંડળ ના અલ્પ ભંડોળને લઇને બહુ જ થોડી સહાય આપી શકાય છે એ ધ્યાનમાં લઈ જ્ઞાતિના સર્વે શુભેચ્છકોને વધુમાં વધુ સહાય મોકલવા વિનંતી છે કે જેથી આજના કપરા કાળમાં આપણા અસહાય જ્ઞાતિજનોને વધુ સહાય શકય બને.

લોક સંપર્ક અને મહામંડળ વિસ્તાર :

બીલીમોરા મુકામેની સામાન્ય સભાના આદેશાનુસાર વર્ષ દરમ્યાન વ્યારા, ગણદેવી, હજરાઇ, બીલીમોરા, નવસારી તેમજ નવાપુરા વગેરે સ્થળોની મુલાકાતો યોજાઈ હતી. જેનાં ફળસ્વરૂપે આ વર્ષ મહામંડળમાં ત્રણ નવા એકમો જોડાયા છે (૧) શ્રી પંચોલી ભગિની સમાજ, નવસારી. (૨) શ્રી પંચોલી સેવા સમાજ, નવાપુર. ૩) શ્રી પંચોલી સેવા સમાજ, નવસારી. મહામંડળની લોકપ્રિયતા તેમજ એકમો તરફથી થતાં જ્ઞાતિ હિતોના કાર્યોનાં સાથ અને સહકાર આપવા વધુમાં પ્રયાસો કરાયા હતા; જેનાં અનુસંધાનમાં વ્યારા મુકામે શ્રી. પંચોલી સેવા સમાજ, વ્યારા તેમજ શ્રી. પંચાલ ભગિની સમાજ, વ્યારાના સભ્યોની સંયુકત સભામાં મુકત ચર્ચા વિચારણા કરાઈ હતી અને બંને એકમને એકબીજાના પુરક બની રહે એવી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

શ્રી સુરત પંચની વાડીના બાંધકામ અર્થે રૂા. ૨૫૦૦ની લોન ૬% વ્યાજે, શ્રી વ્યારા પંચની વાડીના બાંધકામ અર્થે રૂા. ૨૫૦૦ની લોન તેમજ ઉનાઈ માતાના ધાર્મિક સ્થાનકેની જ્ઞાતિ ભાઈઓની ધર્મશાળાના બાંધકામ અર્થે રૂ. ૧૦૦૦ની બેટ અર્પણ કરાઈ હતી.

સંપર્ક સમિતિના પ્રયાસોને આભારી વધુમાં ગણદેવી વિભાગની સ્થાપના શકય બની છે. જેમાં ગણદેવી, હજરાઈ, ચીખલી તેમજ સુપાના જ્ઞાતિ ભાઇઓ સભ્યો તરીકે જોડાયા છે. ટુંક સમયમાં મહામંડળમાં 'ગણદેવી વિભાગ' એકમ તરીકે જોડાય એવી અપેક્ષા અસ્થાને નથી.

ઈતિહાસ સમિતિના પ્રયાસોને લઇને વધુમાં વડોદરા તેમજ અન્ય સ્થળોના સુસુપ્ત એકમોએ પોતાની પ્રવૃત્તિનો વિસ્તાર વધારવા શકય એવા પ્રયાસો હાથ ધર્યા છે, અને ટૂંક સમયમાં એઓ પણ મહામંડળમાં પોતાનો સાથ અને સહકાર આપશે એની વિનંતી છે.

વધુમાં વ્યારા પંચની વાડી અર્થે તેમજ ઉનાઈ ધર્મશાળાના બાંધકામ અર્થે મુલાકાતો યોજી યોગ્ય સલાહ સુચનો તેમજ ફેરફારો સુચવાયા હતા.

જન સંપર્કના કાર્યમાં વર્ષ દરમ્યાન સર્વેશ્રી છગનલાલ ત્રીભોવનદાસ મીસ્ત્રી, મધુસુદન મકનદાસ મીસ્ત્રી, ભોગીલાલ કીકાભાઈ મીસ્ત્રી, ડાહ્યાભાઈ દુર્લભરામ મીસ્ત્રી, જીતેન્દ્ર નગીનદાસ મીસ્ત્રી ઉપરાંત કારોબારી સભ્યો વતી પ્રમુખશ્રી છગનલાલ ધેલાભાઇ મીસ્ત્રી, મહામંત્રી શ્રી પ્રમોદ મણીલાલ મીસ્ત્રી, સહમંત્રી શ્રી ભીખુભાઇ ખુશાલદાસ પંચોલી, નવયુગ તંત્રીશ્રી ભગવાનદાસ મકનદાસ મીસ્ત્રી તેમજ અમદાવાદના શ્રી કુમાર અમૃતલાલ મીસ્ત્રીઓએ સક્રિય ભાગ લીધો હતો જે બદલ હમો તેમના આભારી છીએ.

ઇતિહાસ ક્ષેત્રે :

ઇતિહાસ અંગેની માહિતીઓ ભેગી કરવા અંગે સમિતિના સભ્ય શ્રી ડાહ્યાભાઈ દુર્લભરામ મીસ્ત્રીઓ વર્ષ દરમ્યાન જુદા જુદા સ્થળો જેવા કે અમદાવાદ, અંકલેશ્વર, રાજપીપળા, ચાંદોદ, કબોઈ, છોટાઉદેપુર, વડોદરા, સુરત, નવાપુર, વ્યારા, બારડોલી, સુપા, નવસારી, બીલીમોરા, ગણદેવી વગેરે સ્થળોએ જ્ઞાતિની વસતી ધરાવતી વ્યકિતઓની મુલાકાતો લઈ બહુમુલ્ય માહિતી

ભેગી કરી હતી. વધુમાં મુંબઈ વિદ્યાપીઠના ઈતિહાસ વિભાગમાં જઈ સંશોધન કાર્ય હાથ ધરાયું છે.

એકમો તેમજ અધિકૃત સંસ્થાઓ તરફથી ઇતિહાસ સમિતિએ માંગેલી કાર્યોની માહિતીઓ હજુ મળી ન હોઈ ઈતિહાસ સમિતિને ઈતિહાસ અર્પણ કરવાની તારીખ ૩૦મી જૂન સુધી લંબાવી અપાઇ છે. જે નજર સમક્ષ રાખી સર્વે એકમોને એ અંગે ઘટતું કરવા વિનંતી છે.

ઈતિહાસની ચકાસણી તેમજ પ્રકાશન અર્થે કારોબારીએ સર્વશ્રી છગનલાલ ત્રીભોવનદાસ મીસ્ત્રી, અમૃતલાલ શાકેરલાલ જરીવાલા તેમજ શાંતિલાલ નાથુભાઈ પંચોલીની નિમણુંક કરી છે. જેમાં મહામંડળના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી તેમજ મહામંત્રીશ્રી સહકાર આપશે.

અગાઉ રજુ થયા મુજબ તા. ૩૧મી મે ૧૯૬૮ સુધીમાં વધુમાં વધુ રૂ. ૧૦૦૧નો ફાળો ઈતિહાસ અર્પણ અંગે શ્રી છગનલાલ ત્રીભોવનદાસ મીસ્ત્રી તરફથી મળતા એમની ઇચ્છા પ્રમાણે અર્પણ કરાશે.

નવયુગક્ષેત્રે :

ગત વર્ષે નવયુગ પ્રકાશન અંગે રૂા. ૩૦૦૦નું બજેટ પસાર કરાયું હતું. પરંતુ કુલ્લે રૂા. ૩૧૩૧.૪૨ પૈસાનો ખર્ચ કરી પાંચ અંકો બહાર પડાયા હતા.

વર્ષભરના સર્વશ્રેષ્ઠ લેખો તેમજ કાવ્યોની હરીફાઈમાં નિમાયેલ પરીક્ષકો શ્રી ડાહ્યાભાઈ દુર્લભરામ મીસ્ત્રી તેમજ શ્રીમતી હસુમતી ડાહ્યાભાઈ મીસ્ત્રી તરફથી નીચે પ્રમાણે ઈનામો જાહેર કરાયા હતા.

પુરૂષ વિભાગ	પ્રથમ ઈનામ	લેખ અંગે	શ્રી શાંતિલાલ નાથુભાઈ પંચોલી (વડોદરા)
,,	,,	કાવ્ય અંગે	શ્રી નવીનચંદ્ર ચુનીલાલ પંચોલી (નવાપુર)
સ્ત્રી વિભાગ	,,	લેખ અંગે	કુ. શોભા નરોત્તમદાસ મીસ્ત્રી (નવાપુર)
,,	,,	કાવ્ય અંગે	કુ. અનિલા અં. પંચોલી (બારડોલી)
બાળ વિભાગ	,,	લેખ અંગે	કુમાર યોગેશચંદ્ર ભગવાનદાસ મીસ્ત્રી (બારડોલી)
,,	,,	કાવ્ય અંગે	કુમાર દિનેશચંદ્ર મણીલાલ પંચોલી (નવાપુર)

વધુમાં પ્રશાસાપાત્ર કૃતિઓ અંગે અભિનંદન નીચે પ્રમાણે અપાયા હતા.

પુરૂષ વિભાગ	લેખ	શ્રી ડાહ્યાભાઈ ગોરાજી પંચોલી (ફારેસલામ)
,,	કાવ્ય	શ્રી અમૃતલાલ છગનલાલ પંચોલી 'અધિર' (મુંબઈ)
સ્ત્રી વિભાગ	લેખ	કુ શારદા ચંદ્રવદન પંચોલી (બહાદુરપુર)

આ વર્ષે "નવયુગમાં તંત્રીશ્રીને પત્રો" નામનો નવો વિભાગ ઉમેરાયો હતો, જેમાં જ્ઞાતિના ભાઈઓએ યોગ્ય લખાણો મોકલી નવયુગ તેમજ મહામંડળના કાર્યોને બીરદાવ્યા છે :

વર્ષભર પ્રકાશન સમિતિમાં રહી. સર્વશ્રી પ્રશાંત વિઠ્ઠલદાસ મીસ્ત્રી (વ્યારા), શ્રી શાંતિલાલ નાથુભાઈ પંચોલી (વડોદરા) શ્રી જયેન્દ્ર નટવરલાલ પંચોલી (અમદાવાદ) શ્રી લાગધાનદાસ મકનદાસ મીસ્ત્રી (બારડોલી) એ પોતાની સેવાઓ આપી હતી જેના હમો આભારી છીએ.

પ્રકાશન ક્ષેત્રે વર્ષભર ભારત બહારના અને ખાસ કરીને આફ્રિકાના જ્ઞાતિજનો તરફથી વખતો વખત અમુલ્ય ભેટો મળી હતી. જેનો ઉલ્લેખ કરતા આનંદ અનુભવીએ છીએ.

બારડોલી અધિવેશનમાં પસાર કરાયેલ આપના વડીલો, સ્નેહીજનોની કાયમી યાદગીરી રૂપી વિવિધ યોજનામાં ફાળો આપી યશસ્વી બનાવી જ્ઞાતિ સેવાની તક ઝડપવા સર્વને વિનંતી છે.

એ જ રીતે મહામંડળ નવયુગ તેમજ એના અન્ય ક્ષેત્રે યથાશકિત ફાળો, વિચારો, સુચનો, લેખો મોકલતા ભલામણ છે. નવયુગમાં શ્રી શાંતિલાલ

શ્રી ચેતનકુમાર વિઠ્ઠલદાસ પંચોલી, રાજપીપળા
P. Sc. I Class.
„ પ્રફુલ્લભાઇ સોમાભાઇ „ „
P. Sc. II Class.
„ સુરેશચંદ્ર પરશોતદાસ „ „
P. Sc II Class.
કુમારી કુસુમબેન હીરાલાલ „ „
P. Arts I Class.
શ્રી મુકેશચંદ્ર કંચનલાલ „ „
P. Arts II Class.
„ જગદીશ સી. પંચોલી, ભાટપુર
P. Arts III Class.
„ જમિયત જેકીશનદાસ „ વ્યારા
P. Arts II Class.
„ ગોવિંદભાઈ કાલીદાસ „ સંખેડા
P. Arts ૪૭.૩ %
કુમારી ઈન્દીરા મણીલાલ મીસ્ત્રી મુંબઈ
P. Arts પાસ.
શ્રી અશોકકુમાર નાથુભાઇ „ નવસારી
P. Com. ૫૧ %
„ પ્રફુલ્લ નગીનદાસ „ વ્યારા
P. Com. II Class.
„ સુર્યકાંત ચીમનલાલ „ બીલીમોરા
Fy. E. E. Dip. II Class.
„ સુભાષકુમાર શાંતિલાલ પંચોલી, વડોદરા
T. Y. C. E II Class.
„ જીતેન્દ્ર મણીલાલ મીસ્ત્રી, મુંબઇ
T. Y. Archi પાસ.
„ યોગેશચંદ્ર બાલુભાઈ પંચોલી, રાજપીપળા
P. M Sc. પાસ.
કુમારી પદ્માબેન નકતલાલમ પારા, રાજપીપળા
S. S. C. ૭૬ ૩%
શ્રી પ્રવિણચંદ્ર મણીલાલ પંચોલી, રાજપીપળા „ ૫૭ „
„ રાજકુમાર ચીમનલાલ „ છોટાઉદેપુર „ ૫૫ „
„ જનકકુમાર ત્રિભોવનદાસ „ વ્યારા „ ૫૫ „
કુમારી લતાબેન સોમળભાઈ „ રાજપીપળા „ ૫૪ „
શ્રી કિશોરકુમાર ભગવાનદાસ „ વ્યારા „ ૫૪ „
„ પ્રવિણચંદ્ર મૂળજીભાઈ „ રાજપીપળા „ ૫૩ „
કુમારી યોગિનીબેન જયંતિલાલ મપારા,
રાજપીપળા „ ૪૭ „
„ હંસાબેન ચીમનલાલ પંચોલી,
રાજપીપળા „ ૪૬ „
શ્રી નવીનચંદ્ર ચુનીલાલ પંચોલી, નવાપુર
S. S. C. ૪૫ ટકા
કુમારી સુરેખાબેન „ „ નવસારી „ ૪૩ „
શ્રી હરેશકુમાર બાબુભાઈ „ રાજપીપળા „ ૪૨ „
„ રમેશચંદ્ર મગનલાલ „ „ „ ૪૨ „
„ અશોકકુમાર કાંતિલાલ „ વ્યારા „ ૪૧ ટકા
„ કિશોરકુમાર નરભેરામ „ નવાપુર „ ૩૮ ટકા
„ હસમુખલાલ રામજીભાઈ „ બીલીમોરા
S. S. C. III Class
„ પ્રવિણચંદ્ર બીખુભાઈ પંચોલી, નવાપુર
S. S. C. III Class
„ મહેશકુમાર ગોરધનદાસ પંચોલી, રાજપીપળા
S. S. C. પાસ
„ સનમુખભાઈ સોમાભાઈ „ રાજપીપળા
S. S. C. પાસ
કુમારી ધર્મિષ્ઠાબેન રમણલાલ „ રાજપીપળા
S. S. C. પાસ
„ જ્યોતિબાળા ઉમંગલાલ „ ભાટપુર
વ ફા. ૪૭,૮ ટકા
„ વસુધારા કેશવલાલ પંચોલી, બીલીમોરા
વ. ફા. ૪૨ ટકા
„ કૈલાસબેન વાડીલાલ ગાંધી, નવાપુર
T. C. W. શિવણ II Class
„ હંસાબેન મગનલાલ પંચોલી, નવાપુર
T. C. W. શિવણ II Class
શ્રી બીપીનચંદ્ર ડી. પંચોલી, ભાટપુર ધો. ૧૦ પ્રથમ
„ મહેન્દ્રકુમાર ડી. „ „ ધો. ૫ પ્રથમ
„ વિઠ્ઠલદાસ મોહનલાલ પંચોલી, સંખેડા
S. Y. B. A. II Class
„ પ્રવિણચંદ્ર રમણલાલ પંચોલી, સંખેડા
S. Y. B. A. II Class
કુમારી ધનલક્ષ્મી ચીમનલાલ પંચોલી, સંખેડા
C. P. E. D. II Class
કુમારી સાવિત્રીબેન ત્રિભોવનદાસ પંચોલી સંખેડા,
P. T C. II Class

નાથુભાઈ પંચોલી દ્વારા રજુ થયેલ વિચારો જેવાં કે, "આપણે જે જ્ઞાતિમાં જન્મ્યા છીએ, જે પીંડથી આપણું શરીર બંધાયું છે, જ્ઞાતિના વડીલો અને મહાનુભાવોનો આપણને સ્નેહ મળ્યો છે. એવા સ્નેહની રેશમી દોરીથી ગુંથાયને આપણે સૌ એક માળાના મણકા બન્યા છીએ એવી જ્ઞાતિ અને સ્નેહના બંધનોને તોડી ફોડીને ફગાવી દેવા એના જેવી કૃતઘ્નતા, બીમાર મનોવૃત્તિ આવકાર પાત્ર નથી. હવે આપણે એક એવી મનોવૃત્તિનું સર્જન કરવાનું છે કે સ્નેહની દોરીથી ગુંથાએલ સાચા મોતીના હારનો પ્રકાશ ગ્રહણ કરે અને પોતાનો પ્રકાશ બહારના જગતને આપે. એટલી સુવિધા અને ખુલ્લી બારણાં તો આપણે રાખવા જ પડશે. ઈન્કલાબ [ક્રાંતિ]ના ઘોડાપુરને ખાળવાની શક્તિ માત્ર લાચારપદ જ, નીવડવાની છે એ સત્ય આજે કોઈથી પણ અજાણ નથી. "ગમે કે ના ગમે છતાં પણ પરીવર્તનના પ્રકારાને આપણે આવકારવો જ પડશે. દુનિયા સાથે સામાજીક સમન્વય સાધવો જ પડશે." એ યાદ કરી આપણે સૌ અમલમાં મૂકીએ.

મહામંડળના દરેક એકમો એના કાર્ય પ્રત્યે પૂરી મમતા ધરાવે છે તેમજ એના કાર્યમાં સંપુર્ણ સાથ અને સહકાર આપે છે છતાં આ વર્ષે કોઈપણ એકમ તરફથી પોતાના ગત વર્ષના અહેવાલ તેમજ હિસાબ મોકલાયા નથી જેની તોંધ લેતા રંજ અનુભવીએ છીએ. સર્વે કાર્યકર્તાઓના હૃદયે પણ મહામંડળ સર્વોચ્ચ સ્થાને છે છતાં પોતાના યા બીજાના અણસમજભર્યા માનસને બદલે યોગ્ય સંગઠીતતા રજુ શકય બની નથી તેમ જ કવચીત અંગત ગેરસમજુઓતને લઈને જ્ઞાતિજનોના મનમાંથી આશંકાના અંકુર દુર થઈ શકયાં નથી એ ખેદની વાત છે. મહામંડળનો વિસ્તાર દુર સુધી પ્રસર્યો હોઈ અંગત મુલાકાતોના અભાવે વિચાર વિનિમય બહુ જ જુજ થતો હોઈ કાર્યમાં ક્ષતિ જોવા મળે એ પ્રત્યે ઉદાસીનતા ન કેળવતા શકય એટલી સુધારણા કરવી એ કાર્યકરોનો ઉદ્દેશ હોવો જરૂરી છે. વધુમાં દરેક કાર્યકરોને શ્રી. સુભાષ પંચોલી રચિત નવયુગમાં પ્રસિદ્ધ થયેલ કાવ્યોની પંકિતઓની યાદ આપી એ રીતે વર્તવા જાહેર વિનંતી કરીએ છીએ. 'સત્તા તણી લોલુપતા પર ઢોળ સેવાનો ચઢાવ્યો છે. ફરતા બધે ધોળા થઈ કાળો રંગ દિલે જમાવ્યો છે.!

અંતમાં વડીલોની અમીભરી આશિષોથી આપણા સમાજનો આ "દીપ" પ્રગટયો છે. જ્ઞાતિભાઈ–બહેનોના સ્નેહભર્યા સહકારથી જ એનો પ્રકાશ ચોમેર ફેલાવો છે. "એની તેલ પુરવણી" એની "વાટ સંકોરણી" "એની જ્યોત જાળવણી" આપ સૌને હાથ છે. આપણા સમાજના "આ દિપકનો સેવામય પ્રકાશ આપણા સાના ઘરને કાયમને માટે ઉજાળશે એજ અભ્યર્થના."

લિ.

શ્રી. પ્રમોદ મણીલાલ મીસ્ત્રી–મહામંત્રી

શ્રી. ભીખુભાઈ ખુશાલદાસ પંચોલી–સહમંત્રી.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ કારોબારી વતી.

Best Compliments
From :
BABOOLAL
& CO.
476, Falkland Road,
BOMBAY-4.
Dealers in :
Electrods, Hacksaw Blades, Tool Bits, Files, Bolts & Nuts, Reivets, Machine Screw, Drills, Tapes, Dies, Wirefiles Emery Cloths, Brass Nut Bolts & Washers, Alan Cap and Crab Screws
Phone : 331793

અધિવેશન

મળે છે જ્ઞાતિ મંડળનું અધિવેશન જ્યારે,
સમાજના આબાલ-વૃદ્ધ, લોગાં મળે છે ત્યારે;
ન મળવા જવાય બધાને, ત્યાં સૌ ભેગા મળે છે,
આ ટાંણે વળી એકબીજાની, ઓળખાણો નવી
થાય છે.

ત્યાં થાય છે ચર્ચા, ઘણી સમાજ ઉન્નતિની
મૂલવાય મહામંડળનું કાર્ય, વાતો ભાવિ પ્રગતિની;
ઠરાવો મૂકાય, ચર્ચાઓ, ગરમાગરમ થાય છે,
સાથે સાથે આ બહાને, સૌને ટ્રીપ મજાની થાય છે.

વિવિધ ઠાનના ફાળા, ત્યાં સ્વમૂએ બોલાય છે,
જ્ઞાન જ્યોત પ્રગટાવવા, શિષ્યવૃતિ શકય અપાય છે.
ને તેમાંથી નિરાધાર અશકતોને મદદો થાય છે;
વળી ઉત્તમ કૃતિઓને, ઇનામો અપાય છે,

કોનો 'બાબો', કોની 'બેબી' 'કુંવારી' જોવાય છે?
મહામંડળના કાર્ય સાથે, બહેવાર પણ બંધાય છે!
મોડું થાતાં, ચર્ચામાં, પેટમાં બિલાડા બોલે છે!
શરીર બેઠું હોય સભામાં, મન રસોડે દોડે છે!

જમવાની ઉતાવળ જાગે સૌને, દોડાદોડી થાય છે.
સ્ત્રી-બાળકો કરતા પહેલા, ભાઈ ઓ બેસી જાય છે.
જામ છતાં અધિવેશન આવા, આનંદે ઉજવાય છે.
પંચોલી સમાજના ભવ્ય ભાવિનું દર્શન
થાય છે.

લેખક : શ્રી સુભાષ શાંતિલાલ પંચોલી
(ઘુમ્મસ) વડોદરા.

માણસની મોટાઈનો આધાર

માણસની મોટાઈનો આધાર શાના ઉપર હોઈ શકે? તેના સામાજિક દરજ્જા, મિલકત કે તેના જીવન અને આચરણ ઉપર?

બીજાની નિસ્વાર્થ સેવા કરવી એ માણસનું કર્તવ્ય છે. એવી સેવા તેણે બીજાનું ભલું કરીએ છીએ એવા ભાવથી નહીં પણ સેવા કરવી તે પોતાનો જન્મસિદ્ધ હક છે. કેટલાક લોકો માને છે કે તેના વર્તનની અસર આપણા પોતાના ઉપર થવાની હોય તેવી બાબતમાં આપણે આપણી મરજી મુજબ વર્તી શકીએ, પણ હકીકતમાં માણસ જે કાંઈ કરે તેની સીધી કે આડકતરી અસર પોતાના માનવ બંધુઓ ઉપર થયા વગર રહેતી નથી.

દરેક વ્યકિતએ યાદ રાખવું જોઈએ કે તેના ગુપ્તમાં ગુપ્ત વિચારોની અસર તેના પોતાના ઉપર તેમજ બીજાઓ ઉપર પણ પડે છે. તેથી તેણે આત્મસંયમ પાળવો જોઈએ. જેથી તે પોતના મનમાંથી હલકા વિચારોને હાંકી કાઢી શકે અને ઉમદા તથા મહાન વિચારોને પોતાના મનમાં સ્થાપિત કરી શકે. તેણે સ્વજનતને પણ પોતાના મનની બારીક વિશુદ્ધ રાખવી જોઈએ. માણસ એના વિચારોની જ નિપજ છે. તે જેવા વિચારો કરે છે તેવો બને છે. તેથી અનિષ્ટની દિશામાં લઈ જનારાં પ્રલોભનોને સખતાઇથી દબાવી દેવાં જોઇએ. જેણે પોતાની ઇન્દ્રિયો ઉપર અને વાસના ઉપર સંપૂર્ણ વિજય નથી મેળવ્યો તે કશું જ સારૂં કરી શકશે નહીં.

જે માણસ પોતાના મનને શુદ્ધ અને નિષ્કલંક રાખતાં શીખ્યો છે તેને સ્વજીવન ધ્યેયની સ્પષ્ટ કલ્પના પણ હોવી જોઈએ. જે માણસ પોતાનો ધ્યેય નક્કી કર્યા વગર જીવનમાં ઝંપલાવે છે તેની શક્તિ નકામી વેડફાઈ જાય છે અને છેવટે તે સમુદ્રનાં મોજામાં આમથી તેમ ફેંકાતા સુકાની વગરના વહાણની સમાન નાશ પામે છે.

ઉમદામાં ઉમદા ધ્યેય ઈશ્વરની ઉપાસના છે; અને નીતિ નિયમો અનુસાર જીવન વ્યતીત કરીને અને માનવ જાતની નિસ્વાર્થ સેવા કરીને ઈશ્વરનું કામ કરવું એ ઈશ્વર-ઉપાસનાનું ઊંચામાં ઊંચું સ્વરૂપ છે. પણ હજારો દુષ્ટ અને દુરાચારી લોકો પ્રભુનું ફોગટ નામ લે છે. પોપટને રામ રામ રટવાનું શીખવી શકાશે પણ તેને ધાર્મિક કે પવિત્ર કરી શકાય ?

માનવ સેવા કરવાનું સર્વને માટે અને સર્વ સંજોગોમાં શકય છે. જે માણસ સેવાને જીવનનો ઊંચામાં ઊંચો ધ્યેય માને છે તે અત્યંત નીતિમાન બન્યા વગર ન રહે. કારણ કે વિશ્વકલ્યાણને નૈતિક ગુણોના આચારણ સાથે સંબંધ છે.

માણસના કાર્યની કસોટી કરતી વખતે તે કામ જગતનું કલ્યાણ કરવામાં સહાયભૂત અને એવું છે કે કેમ, એ લક્ષમાં લેવું જોઈએ. જેઓ અયોગ્ય સાધન વડે પૈસા કમાય છે તેના કરતાં ગરીબ નિરક્ષર માણસ ઘણો મોટો માણસ છે. આપણે ભૂલવું ન જોઈએ કે આપણામાંનો કોઈપણ માણસ ઉપરના સિદ્ધાંત મુજબ જીવન જીવી શકે. કારણ કે માણસની મોટાઈનો આધાર ધનદોલત કે સામાજિક દરજ્જા ઉપર નથી હોતો પણ તેનો બધો આધાર કેવળ તેના જીવન અને આચરણ ઉપર હોય છે. માણસના ચારિત્ર્યની કસોટી કરવી હોય તો તેના અંતરમાં શું ચાલે છે તે જાણવું જોઈએ. એક માણસ ભિખારીને પોતાની નજર આગળથી દૂર કરવા માટે એક રૂપિયો આપે છે અને બીજો માણસ દયાથી અને પ્રેમથી દ્રવિત થઇને ચાર આના આપે છે તો આ બેમાંથી મહાન કોણ ? બને કે બીજા માણસે પહેલા માણસ કરતાં ઓછું આપ્યું છે પરંતુ દયાથી અને પ્રેમથી આપ્યું છે તેથી તે જ મહાન છે.

મતલબ કે સાચો ધાર્મિક કે નીતિવાન તે કહેવાય કે જેનું મન દ્વેષ યા સ્વાર્થથી ખરડાયેલું ન હોય અને સાદું તથા નિસ્વાર્થ જીવન ગાળતો હોય, વળી સાચો ધનવાન અને સાચો સુખી પણ તે જ ગણાય. એવા માણસો જ સમાજને ઉપયોગી થાય. કારણ કે જે કાંઇ સારું કે મહાન છે તે સર્વનો પાયો સત્ય છે. સારામાં સારી લોકસેવા કઈ એવો પ્રશ્ન સાચા લોકસેવકને કદી થતો નથી. જ્યારે આપણે નીતિ-નિયમનું ગૌરવ સમજીશું ત્યારે તે આપણને સમજાશે કે આપણા સુખદુઃખનો આધાર તંદુરસ્તી, સફળતા, કીર્તિ વગેરે ઉપર કેટલો ઓછો રહે છે. સારા માણસોના દુઃખ અને શોક પણ તેમનાં સુખમાં ફાળો આપે છે; જ્યારે નઠારા માણસોનાં ધનદોલત અને કીર્તિ પણ તેમને માટે જ નહિ, જગતને માટે પણ દુઃખદાયક થઈ પડે છે.

માણસની મોટાઇનો આધાર નમ્રતા અને સેવા ઉપર અવલંબે છે.

—શ્રી અશોક દલસુખરામ પંચોલી (બીલ્લર)

"પાણી પહેલાં પાળ"

માનવી બાંધી લેજે, પાણી પહેલાં પાળ,
ધન જોબનની જૂઠી માયા, જૂઠી માયા જળ,
માનવી૦

મળ્યું છે. અધીક મનથી તારા. ફોગટના કુલાજે,
પાપ તજી સંગે થોડું (૨) પુણ્ય કરીને જાજે,
પાપ મહીં ફસતા રે તારી જડશે નહિ ભાળ,...
માનવી૦

જોબનને ઝુલે ઝુલતા રાખજે મનડે ખ્યાલ,
નશ્વર દેહ આ પડતા રે કરશે નવ કોઇ વ્હાલ,
થાજે ના ગુમાની, અન્તરે આવરી તારો કાળ,...
માનવી૦

મારૂં તારૂં નવ કરજે, સહુના દુઃખ તું હરજે,
'અધીર' થઈ સહુના મારગમાં જઇ દીવો ધરજે,
પ્રેમરૂપી જગમે તું પીરસી જાજે થાળ....
માનવી૦

શ્રી અમૃતલાલ છગનલાલ પંચોલી
"અધીર"

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સને ૧૯૬૭-૬૮

તા. ૩૧-૩-૬૮ સુધીનું સરવૈયું

ફંડો

૧૬૮૦-૫૩ શ્રી સ્થાયી ફંડ ખાતે
૭૬૨-૧૭ ,, પ્રમુખ ફંડ ખાતે (જનરલ ખર્ચ)
૧૩૨૪-૩૪ ,, નિરાધાર સહાયક ફંડ
૧૨૭૦-૪૧ ,, માધ્યમિક શિક્ષણ ફંડ
૩૧૦૮-૬૨ ,, ઉચ્ચ શિક્ષણ ફંડ

લોન

૫૧૫૨-૨૫ શ્રી જનરલ લોન

પ્રકીર્ણ

૪૦૦૦-૦૦ શ્રી નવયુગ પ્રકાશન
૨૫-૦૦ ,, ઈતિહાસ સંશોધન

૨. ૧૭૬૫૩-૬૨

ભેટ

૧૦૦૦-૦૦ શ્રી જનરલ ભેટ (ઉનાઈ ધર્મશાળા)

૫૦૦૦-૦૦ **લોન**

૨૫૦૦ શ્રી સરત પંચોલી પંચ સમસ્ત
૨૫૦૦ ,, પંચોલી પંચ, બારા

૬૦૦૦-૦૦ **ફીક્સ ડીપોઝીટો**

૨૦૦૦ ધી બેંક ઓફ ઇન્ડિયા, સુરત.
૬૦૦૦ ધી બેંક ઓફ બરોડા, સુરત.

૮૬૧ ૨૪ **સેવીંગ્સ ખાતે**

૧૦૦-૦૦ ધી બેંક ઓફ ઇન્ડિયા, સુરત.
૩૮૬-૩૬ ધી બેંક ઓફ બરોડા, સુરત.
૪૦૧-૮૮ ધી બેંક ઓફ બરોડા, સુરત.

પ્રકીર્ણ

૨૪૦ ૦૦ સરપેન્સ એકાઉન્ટ (ઉપલક ખાતે)
૩૬૦-૦૦ શ્રી ફુલ્સકેપ મશીન ખાતે
૪૦-૦૦ ,, ધર્મારા ફંડ ખાતે
૧૫૬-૪૧ ,, ખરચ ખાતે બાકી ઉધાર
૩૧૮-૧૮ ,, અધિવેશન ખરચ ખાતે
૬૪૪-૭૬ ,, સીલક હાથ પર

૨. ૧૭૬૫૩-૬૨

આવક—જાવકનો હિસાબ સને ૧૯૬૭-૬૮

આવક

૨૧૫-૦૦ શ્રી જનરલ ભેટ ખાતે
૧૮૮-૫૦ ,, કેળવણી ભેટ ખાતે
૧૨૫૫-૭૧ ,, લવાજમ ખાતે
૧૪૫૦-૨૮ ,, વ્યાજ ખાતે
૧૫૬-૪૧ ,, સરવૈયામાં ખરચ ખાતે ઉધાર બાકી બેંચી તેના

૨. ૩૨૬૮-૬૦

તપાસ્યું અને બરાબર માલુમ પડયું.

(સહી) **શ્રી ચંપકલાલ મોતીરામ મીસ્ત્રી**
આંતરિક અનવેષક
તા. ૩૧-૫-૬૮

જાવક

૩૭૪-૬૧ શ્રી ખરચ ખાતે
૨૮૬૩-૬૬ ચાલુ સાલનો વધારો આવકનો નીચે મુજબના ખાતામાં ફાળવ્યો
૫૭૮-૮૦ સ્થાયી ફંડ
૧૦૪૧-૧૦ ઉચ્ચ શિક્ષણ ફંડ
૩૨૬-૬૬ માધ્યમિક શિક્ષણ ફંડ
૫૪૧-૨૦ નિરાધાર સહાયક ફંડ
૪૦૫-૬૭ પ્રમુખ ફંડ

૨. ૩૨૬૮-૬૦

(સહી) **શ્રી હીરાલાલ અમૃતલાલ મહેતા**
મુખ્ય મંત્રીનથી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સંચાલિત–શ્રી પંચોલી નવયુગ-પ્રકાશન

સરવૈયું–સને ૧૯૬૭-૬૮ (F. D. ખાતાએ.)

રકમ	વિગત	રકમ	વિગત
૭૦૬૦-૦૦	શ્રી પ્રકાશન લોન	૪૦૦૦-૦૦	બેંક ઓફ બરોડા, સુરત.
૬૮૦૭-૩૬	,, ,, ભેટ	૨૦૦૦-૦૦	સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિઆ, સુરત.
૧૮૪૫-૦૦	,, જાહેરાત આવક	૧૦૬૦-૦૦	સ્ટેટ બેંક ઓફ ઈન્ડિઆ, વ્યારા.
૩૦૮૧-૩૧	,, વ્યાજ આવક	૧૧૦૦૦-૦૦	દેના બેંક લિ., બારડોલી. (ચાલુ ખાતુ)
		૨૧૫-૧૬	,, ,, ,, (સેવીંગ્સ)
		૪૭૫-૦૦	ફરનીચર અસ્કયામ
		૧૧-૦૦	વસંત સો મીલ, વડોદરા
		૩૨-૫૧	હાથ પર સિલક
૧૮૭૬૩-૬૭		૧૮૭૬૩-૬૭	

શ્રી પંચોલી નવયુગ સને ૧૯૬૭-૬૮

આવક—જાવક હિસાબ

૨૫૨૧-૫૩	શ્રી પત્ર પ્રકાશ ભેટ	૪૧૦-૮૬	શ્રી તાર-ટપાલ ખર્ચ
૭૭૮-૦૦	,, જાહેરાત આવક	૨૪૪૩-૦૦	,, છપાઈ ખર્ચ
૬૬૬-૧૦	,, વ્યાજ આવક	૭૬૨૨	,, બ્લોક ખર્ચ
		૧૩૨-૧૫	,, પ્રવાસ ખર્ચ
		૧૬૮-૧૮	,, સ્ટેશનરી ખર્ચ
		૩૧૩૧-૪૨	
		૧૧૬૭-૨૧	ચાલુ વર્ષ-વધારો
૪૨૬૮-૬૩		૪૨૬૮-૬૩	

તપાસ્યું અને બરાબર માલુમ પડ્યું

(સહી) **શ્રી ચંપકલાલ મોતીરામ મીસ્ત્રી**

આંતરિક અન્વેષક

તા. ૩૧-૫-૬૮

(સહી) **શ્રી જગવાનદાસ મકનજી મીસ્ત્રી**

તંત્રી–બજાનચી

શ્રી પંચોલી નવયુગ પ્રકાશન સમિતિ



"સ્ત્રી કેટલાકની નજરે"

કુ. શોભા નરોત્તમદાસ પંચોલી
નવાપુર.

સ્ત્રી વિશે સમાજની એકાંગી દ્રષ્ટિ રહી છે. એથી સ્ત્રીએ પોતાનું મૂલ્ય ઓછું આંકવાની કે લઘુતા ગ્રંથીથી પીડાવાની લેશ જરૂર નથી. સ્ત્રીને માટે સમાજ ગમે તે કહે અને મનફાવે તેવી આલોચના કરે એથી સ્ત્રી જો ડરી જઈને ડગ ભરશે તો કેમ ચાલશે? સમાજ ગમે તે કહે પણ નારી પોતાના સ્નેહ સમર્પણ અને સેવાને કારણે ચિરગૌરવની અધિકારિણી રહેશે. જનની અને સંગીની તરીકેના રૂપે તે યુગ યુગથી પ્રેરણા પાતી વંદનિયા રહી છે. આ ગૌરવ અને મહાનતાને કારણે તો નારીત્વ ઉજ્વલ છે. સ્ત્રી એ શું નથી? એ ઘરની લક્ષ્મી છે, પ્રિયતમ પતિની વહાલસોયી પત્ની છે, સ્નેહાળ ભાઈની એ એક ભગિની છે, દેવતુલ્ય માતાપિતાની લાડલી દીકરી છે. તે પોતાના પ્રેમને સંસારમાં વહેંચી દે છે. છતાં એનાં પ્રેમની ઉણપ લાગવા દેતી નથી. તે સહનશીલતા અને ધૈર્યની મૂર્તિ છે. સ્ત્રી સંસારના કડવા અનુભવોના ઘુંટડા પી જશે પણ સંસારને મીઠા મધુરા અનુભવોનો આનંદ આપશે. પુરૂષની બુદ્ધિ અને સ્ત્રીનું હૃદય એ બન્નેના મિલનથી આ સંસાર મીઠો અને મધુરો લાગે છે.

પરંતુ આજે નારીની સામે આ મહત્વ, આ ગૌરવ એક પ્રશ્નચિહ્ન બની ઉભું છે. તે પ્રશ્નની પૂરી જવાબદારી તેના પર આધારીત છે. આજે સ્ત્રી ઝાકઝમાળ ફેશનમાં પડીને પોતાનો સાચો માર્ગ ભૂલી ગઇ છે. માર્ગ આખરે માર્ગ છે, ચાલનાર ઠોકર ના ખાય એ પથિકની નિશાની છે. સાવચેતી પૂર્વક કદમ ઉઠાવે છે એ જ ખરો પથિક છે. માર્ગમાં ભૂલા પડતાં રહીને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એ જ રીતે જીવનનું લક્ષ્ય ભૂલી જનાર સ્ત્રીને પણ અનેક આપત્તિઓનો સામનો કરવો પડે એમાં શી નવાઇ? નારીને પ્રકૃતિએ મહાન વરદાન આપ્યું છે એની પૂર્ણકૃપા વરસી છે. સ્નેહ, દયા, મમતા, સુકુમારતા જેવા વિવિધ ભાવનાઓનું નંદનવન નારીના હૃદયમાં ખીલવ્યું છે. માટે જ તે પોતાના અને કુટુંબના જીવનને સુખથી કલ્લોલતું અને આનંદથી પાંગરતું રાખી શકે છે. સ્ત્રી-કુટુંબ અને સમાજની આધારશીલા છે. એના પર જ તેના ભાવિનો આધાર છે પોતાના કર્તવ્યની કેડીએ ડગ ભરતા દરેક નારીએ કેટલીક વાતો સમજી લેવાની છે. નારીએ જીવનને સ્વસ્થ અને સફળ બનાવવા માટે પોતાનો સંવેગ અને ઇચ્છાઓને વશ રાખવાનો અભ્યાસ કરવો જોઇએ. એ કામ સરળ નથી છતાં પણ પ્રયત્ન પાસે કશું જ મુશ્કેલ નથી–એ વાત પણ એટલી જ સાચી છે. આપણાં જ્ઞાની સંત પુરૂષોએ પણ એજ વાત કામ, ક્રોધ, લોભ, મોહ, મદ રૂપે કહી છે. આ રીતે જેમણે પોતાના સંવેગો અને ઇચ્છાઓ વશ કરી તેમણે જીવન પર વિજય મેળવ્યો છે.

સંવેગ અને ઇચ્છાઓ વશ કર્યા પછી બીજાઓની જરૂરિયાતોને સમજવી એ સ્ત્રીનું મુખ્ય કર્તવ્ય છે. જે સ્ત્રી આ વાત નથી સમજતી તેને આંગણે જ કલહ-કંકાસના બી વવાય છે. સ્ત્રી જ્યારે પરણીને પતિગૃહે જાય ત્યારે ત્યાં આ સ્થિતિ તેની સામે આવી ઉભે છે બે જુદા કુટુંબોના વિચારોનું મિલન અહીંથી આરંભાય છે. જો કે બે કુટુંબોની વિચારશ્રેણી એકરાશ્મી ન જ હોય છતાં સ્ત્રીએ અહીં આવીને તેના સમન્વય રૂપ ભાગ ભજવવાનો છે. જે સ્ત્રીઓમાં સહકાર અને એક્તાની ભાવના નથી તે પારકાં પોતાનાં બનાવી નથી શકતી અને પોતાને પણ બીજાને યોગ્ય બનાવી નથી શકતી. આમ થવાનું ફક્ત એક કારણ છે કે આજની કેળવણી કોરા અક્ષરની કેળવણી છે તે જીવનને કેળવતી નથી.

કુટુંબ અને સ્ત્રી આજની એક ગુઢ સમસ્યા છે ત્યારે સ્ત્રીઓ ભણીગણીને કુટુંબ-ઘરની જવાબદારીથી દૂર ભાગે છે એ ભાવના જ નારીત્વનું દેવાળું સૂચવે છે. પુરૂષોની જેમ સ્ત્રી પણ પૈસા કમાઈ શકે છે, પછી ઘરકામમાં રૂચિ શા માટે રહે? આજનું શિક્ષણ કંઈ આવી વૃત્તિ અને ભાવનાને પોષી રહ્યું છે નારીએ પોતાના ગૌરવને કારણે તો જોહર કર્યાં છે એ ઇતિહાસ વિદિત છે. સ્ત્રી જરા પાછી વળીને નજર કરશે, આત્મ ખોજ તરફ વળશે તો મને શ્રદ્ધા છે કે, પોતાને જ હાથે ગુમાવેલા ગૌરવને મેળવતા તેને વાર નહીં લાગે. અને ત્યારે તે એક આદર્શ માતા, સફળ પત્ની અને ઉત્તમ ગૃહણી બની રહેશે અને એમાં જ પોતાના કુટુંબનું અને સમાજનું કલ્યાણ સમાયેલું છે. લોકો ગમે તો કહે, પણ નારી પોતાના ગૌરવને જાળવી રાખીને ગમે તેવાં પરિવર્તનો સામે જાગૃત અવાજ ઉઠાવશે તો તેમાં તે સફળ બની સમાજનું નેતૃત્વ કરશે. અને નારીસમાજ ગૌરવશીલ અને જાગૃત બનશે તેમાજ સમાજનું કલ્યાણ છે.

"ભૂલશો નહીં"

ભૂલો ભલે બીજું બધું મા—બાપને ભૂલશો નહીં,
અગણિત છે ઉપકાર પામ્યા મા-બાપને ભૂલશો નહીં.
કાઢી મુખેથી કોળિયો મોંમાં દઈ મોટા કર્યા,
એ અમીતણાં પાનાર પર વિષ-વમન કરશો નહીં.
લાખો લડાવ્યા લાડ તમને કોડ સૌ પૂરા કર્યા,
એ કોડનાં પૂરનારને ઉર-બંદના ભૂલશો નહીં.
લાખો કમાતા હો ભલે, મા—બાપ સેવ્યા ના તમે,
એ લાખ નહીં પણ આખ છે, એ ખ્યાલને ભૂલશો નહીં.
સંતાનથી સેવા ચહો, સંતાન છો, સેવા કરો,
જેવું કરો તેવું ભરો એ સત્યને ભૂલશો નહીં.
ધન અર્થતા ગળશે બધું, માત—પિતા મળશે નહીં,
પૂજ્ય પરમ મા—બાપ છે એ ભાવના ભૂલશો નહીં.

શ્રીમતી અનિલા અશોકચંદ્ર પંચોલી. લીસ્ટર.

"લક્ષ્મી"

ઓ લક્ષ્મી! તું અવનિમાં, અદ્‌ભુત દેવી એક,
મોટા તુજ મહિમા થકી, ઊપજે અર્થ અનેક.
જીવન જેવી જગતને, તું પ્રિય પ્રાણાધાર;
તુજ અર્થે જનતન તજે, પામે કષ્ટ અપાર,
તું તોડાવે સંપને, તું જોડાવે સંપ. (૧)
તુજ કારણ ક્ષમતા ક્ષમે, જીવને પામે જંપ,
પુત્ર પિતા સાથે લડે, પુત્રી સાથે માત,
લક્ષ્મી માટે આપસમાં, લડે ભ્રાત ને ભ્રાત,
પંડિત તો પાછળ રહે, મૂરખ પામે માન,
વખાણ પામે બહુવિધી, વિશ્વ વિષે ધનવાન. (૨)
કોઇ ધરાય ન તુજ થકી, ભલે લાખ કે ક્રોડ,
ધણી ભલે તેમજ ધણી ગાટે માંડે દાણાદોડ,
બહું લક્ષ્મી ત્યાં દુઃખ બહુ, નહીં સુખ-સંતોષ
જોતાં જોતાં જાય છે, જીવ-વગર મોત,
જાણે શુભ કારજ કર્યા, લઈને તારો લાવ. (૩)

કુ. સર્મિષ્ઠાબેન મંગુભાઇ મીસ્ત્રી [નવાપુર]

"ત્રિવેણી સંગમ સેવાયજ્ઞ"

માનવંતા જ્ઞાતિના પુજ્ય વડીલશ્રીઓ, ભાઈઓ, બ્હેનો તથા પ્રિય બાળકો,



આપણા ભારત દેશમાં ત્રણ મહા નદીઓનું મિલન **"ત્રિવેણી સંગમ"**માં સ્નાન કરી જેમ પવિત્ર થવાય છે તેમ આજના મંગળદિને અત્રે સૌ જ્ઞાતિજનો પંચની નવીન વાડીના ઉદ્‌ઘાટનવિધિમાં, પંચોલી જ્ઞાતિનાં અધિવેશનમાં અને મહામંડળની વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપી પંચોલી જ્ઞાતિમાં જન્મ સાર્થક કર્યાનું ગૌરવ અનુભવશે એવી અંતઃકરણની સદ્‌ભાવના સહિત હું આજ આ શુભ સંદેશ પાઠવી આનંદ અનુભવી રહ્યો છું.

(૧) આપણી પંચોલી જ્ઞાતિમાં પ્રાચીન સમયથી જ્ઞાતિની રચનાનું તથા સંભાળનું કાર્ય સંભાળતી અનેક પંચો જુદા જુદા ગામે છે. તેમાં **"શ્રી સમસ્ત પંચોલી પંચ સુરતે"** આ નવિન વાડી તૈયાર કરી ઘણાં વર્ષોની તપશ્ચર્યા બાદ અત્યંત પરિશ્રમ ઉઠાવી સૌ સુરતવાસીઓએ તેમજ તેના દાનવીરોએ એમાં સાથ પુરાવી. જ્ઞાતિજનોની સેવા અર્થે આજે જે વાડીની ઉદ્‌ઘાટનવિધિ થઈ રહી છે તેથી ખરેખર આ નવિન વાડી સુરત મુકામે એક પવિત્ર સ્થળ સમાન બની ચુકી છે. આના માંગલિક પ્રસંગે સૌ જ્ઞાતિજનો હાજરી આપી આવા સેવાયજ્ઞમાં સાથ આપશે, એવી આશા રાખી રહ્યો છું. વધુમાં આ પંચની નવિન વાડી થકી જ્ઞાતિજનોની દરેક પ્રકારે સેવા થતી રહે એમ હું ખાસ ઇચ્છું છું.

(૨) ઉપર જણાવ્યા પ્રમાણે પંચની વાડીના ઉદ્‌ઘાટનવિધિ બાદ તુર્તજ સૌ પ્રથમ શુભ કર્મ થાય તે માટે **શ્રી સમસ્ત પંચોલી પંચ સુરત**નાં આમંત્રણને માન આપી **શ્રી પંચોલી સેવા સમાજ સહામંડળ દ્વારા આયોજીત પંચમ્ અધિવેશન** આ નવિન વાડીમાં ભરવામાં આવે છે. આની રીતે જ્ઞાતિનાં અધિવેશનમાં સૌ જ્ઞાતિજનો હાજર રહી સૌ મુક્તકંઠે પોતપોતાના અભિપ્રાયો જ્ઞાતિનાં હિતમાં દરેક ક્ષેત્રે ઉન્નતિ અને પ્રગતિનાં પંથે લઇ જવા માટે વિચાર વિનિમય કરી જ્ઞાતિનાં હિતમાં ઠરાવો કરી. આપણી જ્ઞાતિનાં છેલ્લાં સાત વર્ષો થયાં મધ્યસ્થ સેવાભાવી કાર્યકરની સંસ્થા **શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** સમક્ષ રજુ કરે છે અને ઘટતું કરવા આદેશ આપે છે. આથી સૌ જ્ઞાતિજનોને મારી નમ્ર વિનંતી છે જે સુરત મુકામે ભરાતા સેવાયજ્ઞ રૂપી પંચમ અધિવેશનમાં હાજરી આપી, પોતપોતાનાથી બનતો સહકાર આપે.

(૩) જ્ઞાતિના અધિવેશન દ્વારા મળતા વારંવાર માર્ગદર્શનને ધ્યાનમાં લઈ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પોતાનાથી બનતું બધું કરે છે. એ માટે આ જ નવિન વાડીમાં **શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની** સામાન્ય સભા પણ અધિવેશન બાદ તુર્તજ મળવાની છે અને આથી જ્ઞાતિજનોને વિનંતી છે જે સામાન્ય સભાની કાર્યવાહી નિહાળવા સૌ હાજરી આપે. મહામંડળે એમની બાળવયમાં જ ઘણી સારી એવી પ્રગતિ અનેક ક્ષેત્રે કરી છે. મહામંડળનો ઉદ્દેશ અને ધ્યેય શ્રી પંચોલી નવયુગ દ્વારા સમસ્ત જ્ઞાતિને એકત્રિત કરવાનો છે અને આથી જ્ઞાતિજનો જે ગમોગાં વસે છે તેવા દરેક ગામે ગામમાં લોકશાહી ધોરણે એકમોની સ્થાપના કરાવી દરેક એકમને મહામંડળમાં સમાવી લેવું. આવી રીતે ધ્યેય સિદ્ધ કરતાં અનેક ગામોમાં એકમો સ્થપાયા છે અને મહામંડળમાં જોડાયા છે. આથી મહામંડળના કાર્યકરો વારંવાર એકમેક જોડે સંપર્ક સાંધી તેમજ મહામંડળની સામાન્ય સભા તથા કારોબારીમાં હાજરી આપી સેવાભાવી વૃત્તિઓથી પ્રોત્સાહન અને નૈતિક હિંમત કેળવી નિષ્કામ ભાવનાથી કામ હાથ ધરે છે. પરિણામે આવી સદ્‌ભાવનાને લીધે સુરત મુકામે નવિન વાડીનાં આજ આપણે હાજર રહ્યાં છીએ. તે જ પ્રમાણે બ્યારા મુકામે પણ વાડી તૈયાર થઈ રહી છે; તેમજ ઉનાઈ મુકામે શ્રી ઉનાઈ માતાજીનાં મંદિર નજીક આપણી જ્ઞાતિની જે ધર્મશાળા જમીનદોસ્ત થઈ ગઈ હતી તેને ફરી પાછી નવિન સ્વરૂપમાં તૈયાર કરવામાં મહામંડળનાં કાર્યકરો તેમજ જ્ઞાતિનાં સૌ દાતાઓની મદદને આભારી છે. એવી રીતે મહામંડળ જ્ઞાતિની ઉન્નતિ અર્થે અનેક ક્ષેત્રે પ્રગતિમય સેવાયજ્ઞ કરી રહ્યું છે.

ઉપરોક્ત જણાવ્યા મુજબનો આજનો શુભદિન અવસર **શ્રી પંચોલી જ્ઞાતિનાં** ઇતિહાસમાં **'ત્રિવેણી સંગમ સેવાયજ્ઞ' તરીકે સુવર્ણ અક્ષરે આલેખાશે.** આજે મને આપણા દેશના લાડીલા નેતા સ્વ. **પંડીતશ્રી નહેરૂજી**નાં શબ્દો યાદ આવે છે કે: **The World moves inevitably towards closer cooperation"** અંતે જનસેવા એ પ્રભુસેવા સમજી આપણા આ **"ત્રિવેણી-સંગમ સેવાયજ્ઞ"**માં સૌ જ્ઞાતિજનો હાજરી આપી તન, મન અને ધનથી સહકાર આપશો.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની ગયા વર્ષે બીલીમોરા મુકામે મળેલી સામાન્ય સભામાં મને પ્રમુખસ્થાન આપી જે સેવા કરવાની તક આપી છે, જે બદલ હું આપ સૌનો આભારી છું.

ચાલુ વર્ષનો મહામંડળનો વિગતવાર અહેવાલ તથા હિસાબી આવક-જાવક તથા સરવૈયું આપણા મહામંત્રીજીએ આપના સમક્ષ રજુ કર્યું અને આપ સૌએ સહર્ષ મંજુરી આપી જેથી હું ખુશી છું. વર્ષ દરમ્યાન મહામંડળની સુંદર કામગીરીનો યશ આપશ્રીઓના સંપ અને સહકારને આભારી છે.

મહામંડળે વર્ષ દરમ્યાન પોતાના ધ્યેયો સિદ્ધ કરવા માટે સમાજને એકત્રિત કરવામાં ઘણો સારો જેવો ભાગ ભજવ્યો છે. વર્ષ દરમ્યાન ત્રણ નવા એકમોએ મહામંડળમાં સ્થાન મેળવ્યું છે અને આશા રાખવામાં આવે છે જે ટુંક સમયમાં જ બીજા એકમો પણ મહામંડળમાં જોડાશે. વર્ષ દરમ્યાન મહામંડળના સેવાભાવી કાર્યકરોએ અનેક સ્થળે રૂબરૂ સંપર્ક સાંધી એકમો તૈયાર કરી મહામંડળમાં સમાવી લેવામાં જે પ્રયત્નો કર્યા હતા જે બદલ મહામંડળ એઓનું આભારી છે.

(૩) જ્ઞાતિના અધિવેશન દ્વારા મળતા વારંવાર માર્ગદર્શનને ધ્યાનમાં લઈ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પોતાનાથી બનતું બધું કરે છે. એ માટે આ જ નવિન વાડીમાં **શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની** સામાન્ય સભા પણ અધિવેશન બાદ તુર્તજ મળવાની છે અને આથી જ્ઞાતિજનોને વિનંતી છે જે સામાન્ય સભાની કાર્યવાહી નિહાળવા સૌ હાજરી આપે. મહામંડળે એમની બાળવયમાં જ ઘણી સારી એવી પ્રગતિ અનેક ક્ષેત્રે કરી છે. મહામંડળનો ઉદ્દેશ અને ધ્યેય શ્રી પંચોલી નવયુગ દ્વારા સમસ્ત જ્ઞાતિને એકત્રિત કરવાનો છે અને આથી જ્ઞાતિજનો જે ગમોગાં વસે છે તેવા દરેક ગામે ગામમાં લોકશાહી ધોરણે એકમોની સ્થાપના કરાવી દરેક એકમને મહામંડળમાં સમાવી લેવું. આવી રીતે ધ્યેય સિદ્ધ કરતાં અનેક ગામોમાં એકમો સ્થપાયા છે અને મહામંડળમાં જોડાયા છે. આથી મહામંડળના કાર્યકરો વારંવાર એકમેક જોડે સંપર્ક સાંધી તેમજ મહામંડળની સામાન્ય સભા તથા કારોબારીમાં હાજરી આપી સેવાભાવી વૃત્તિઓથી પ્રોત્સાહન અને નૈતિક હિંમત કેળવી નિષ્કામ ભાવનાથી કામ હાથ ધરે છે. પરિણામે આવી સદ્‌ભાવનાને લીધે સુરત મુકામે નવિન વાડીનાં આજ આપણે હાજર રહ્યાં છીએ. તે જ પ્રમાણે બ્યારા મુકામે પણ વાડી તૈયાર થઈ રહી છે; તેમજ ઉનાઈ મુકામે શ્રી ઉનાઈ માતાજીનાં મંદિર નજીક આપણી જ્ઞાતિની જે ધર્મશાળા જમીનદોસ્ત થઈ ગઈ હતી તેને ફરી પાછી નવિન સ્વરૂપમાં તૈયાર કરવામાં મહામંડળનાં કાર્યકરો તેમજ જ્ઞાતિનાં સૌ દાતાઓની મદદને આભારી છે. એવી રીતે મહામંડળ જ્ઞાતિની ઉન્નતિ અર્થે અનેક ક્ષેત્રે પ્રગતિમય સેવાયજ્ઞ કરી રહ્યું છે.

ઉપરોક્ત જણાવ્યા મુજબનો આજનો શુભદિન અવસર **શ્રી પંચોલી જ્ઞાતિનાં** ઇતિહાસમાં **'ત્રિવેણી સંગમ સેવાયજ્ઞ' તરીકે સુવર્ણ અક્ષરે આલેખાશે.** આજે મને આપણા દેશના લાડીલા નેતા સ્વ. **પંડીતશ્રી નહેરૂજી**નાં શબ્દો યાદ આવે છે કે: **The World moves inevitably towards closer cooperation"** અંતે જનસેવા એ પ્રભુસેવા સમજી આપણા આ **"ત્રિવેણી-સંગમ સેવાયજ્ઞ"**માં સૌ જ્ઞાતિજનો હાજરી આપી તન, મન અને ધનથી સહકાર આપશો.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની ગયા વર્ષે બીલીમોરા મુકામે મળેલી સામાન્ય સભામાં મને પ્રમુખસ્થાન આપી જે સેવા કરવાની તક આપી છે, જે બદલ હું આપ સૌનો આભારી છું.

ચાલુ વર્ષનો મહામંડળનો વિગતવાર અહેવાલ તથા હિસાબી આવક-જાવક તથા સરવૈયું આપણા મહામંત્રીજીએ આપના સમક્ષ રજુ કર્યું અને આપ સૌએ સહર્ષ મંજુરી આપી જેથી હું ખુશી છું. વર્ષ દરમ્યાન મહામંડળની સુંદર કામગીરીનો યશ આપશ્રીઓના સંપ અને સહકારને આભારી છે.

મહામંડળે વર્ષ દરમ્યાન પોતાના ધ્યેયો સિદ્ધ કરવા માટે સમાજને એકત્રિત કરવામાં ઘણો સારો જેવો ભાગ ભજવ્યો છે. વર્ષ દરમ્યાન ત્રણ નવા એકમોએ મહામંડળમાં સ્થાન મેળવ્યું છે અને આશા રાખવામાં આવે છે જે ટુંક સમયમાં જ બીજા એકમો પણ મહામંડળમાં જોડાશે. વર્ષ દરમ્યાન મહામંડળના સેવાભાવી કાર્યકરોએ અનેક સ્થળે રૂબરૂ સંપર્ક સાંધી એકમો તૈયાર કરી મહામંડળમાં સમાવી લેવામાં જે પ્રયત્નો કર્યા હતા જે બદલ મહામંડળ એઓનું આભારી છે.

ચાલુ વર્ષે કારોબારીએ મહામંડળ સમાજમાં વધુ મદદરૂપ થઇ પડે તે માટે શિક્ષણ ક્ષેત્રે ઘણું ધ્યાન આપ્યું છે અને સમાજનાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓને ઘણી સારી જેવી મદદ આપી છે. શિક્ષણ ક્ષેત્રે વધુ ઉરોજન મળે તે માટે ઇનામોની વહેંચણી પણ કરવામાં આવી છે. તદ્ઉપરાંત સમાજમાં નિરાધાર વ્યક્તિઓને પણ મદદરૂપ થવા માટે ચાલુ વર્ષે ઘણી સારી જેવી આર્થિક મદદ મહામંડળે કરી છે.

સૌથી વધુ અગત્યની સેવાભાવી વૃત્તિ મહામંડળ થકી એ થઈ છે જે સંપ અને સહકારથી સમાજમાં નૈતિક હિંમત સેવાભાવી કાર્યકરોમાં આવી છે અને આનાં પરિણામે જ સુરતમાં સેવાભાવી કાર્યકરોએ શ્રી પંચોલી સમસ્ત પંચ સુરતની વાડીમાં સમાજ કલ્યાણ અર્થે હોલ બાંધી પ્રથમ શુભ અવસર તરીકે આપણા મહામંડળનું પંચમ્ અધિવેશન એ હોલમાં જ રાખવા આમંત્રણ આપ્યું જે પ્રસંશનિય છે. એજ પ્રમાણે બ્યારા મુકામે પણ સંપ અને સહકારથી વાડી તૈયાર થઇ રહી છે. તદ્ઉપરાંત આપણી જ્ઞાતિની ઉનાઇ ધર્મશાળા કે જે જમીનદોસ્ત થઇ ગઇ હતી તેને ફરી તૈયાર કરવામાં આપણાં સમાજનાં વડીલશ્રી. વિઠ્ઠલદાસ મકનદાસ ગાંધી તથા શ્રી. મોહનભાઇ ખુશાલદાસ ગાંધીનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. મહામંડળે સમાજ કલ્યાણ અર્થે આવી રીતે તૈયાર થતી વાડીઓ તથા ધર્મશાળામાં યથા યોગ્ય આર્થિક મદદ કરી શુભેચ્છા વ્યક્ત કરી છે.

સમસ્ત સમાજમાં લોકપ્રિય થયેલું આપણું "શ્રી પંચોલી નવયુગ" મહામંડળને પ્રગતિનાં પંથે થઈ જવામાં અગત્યનું સ્થાન લઈ રહ્યું છે. વર્ષ દરમ્યાન અનેક ભાઈઓ, બહેનો તથા બાળકો તરફથી લેખો "નવયુગ"માં આપી તથા દાતાઓએ અંક સમર્પણની જે સદ્ભાવનાં દર્શાવી જે બદલ મહામંડળ આભાર વ્યકત કરે છે. વર્ષ દરમ્યાન તંત્રીશ્રી ભગવાનદાસ મકનદાસ મીસ્ત્રી તથા પ્રકાશન સમિતિના સભ્યોના સુંદર સંચાલનથી જ "નવયુગ" પ્રભાવિત અને લોકપ્રિય બન્યું છે, જેમાં જરા પણ શક નથી. આશા રાખું છું જે એ કાર્યકરો એમનો કિંમતી સમય અને સહકાર "નવયુગ"ને હરહંમેશ આપતા રહે.

વર્ષ દરમ્યાન સમાજનાં ભાઇઓ તથા બહેનો તરફથી મહામંડળના નિષ્કામ અને ભેદભાવ વગરનાં કાર્યમાં વિશ્વાસ રાખી ઘણી સારી જેવી આર્થિક ભેટ મહામંડળને કરી છે જે બદલ હું તેઓનો આભાર માનું છું. આપણાં સમાજનાં પરદેશ ધંધાર્થે ગયેલા ભાઇઓનો ઘણો સારો જેવો આર્થિક ફાળો મહામંડળને વખતોવખત મળતો રહ્યો છે જે બદલ મહામંડળ ખાસ નોંધ લઈ તેઓનો પણ અત્યંત આભાર માને છે અને હરહંમેશ વધુ ને વધુ તેઓ તરફથી ભેટ મહામંડળને મળતી રહે એમ હું આશા રાખું છું.

અંતે હું ચાલુ વર્ષનાં ઉપપ્રમુખ શ્રી નવિનચંદ્ર છોટાલાલ ગજ્જરની ખગશ્ર તેમજ મહામંત્રીજી શ્રી. મગોદચંદ્ર મણીલાલ મીસ્ત્રી તથા સહમંત્રીજી શ્રી ભીખુભાઇ ખુશાલભાઇ મીસ્ત્રીની ઉત્તમ કાર્યનિષ્ઠા બદલ તેમજ મહાખજાનચી શ્રી હિરાલાલ અમૃતલાલ મહેતાની કાર્યકુશળતા તથા ખજાનચી બોર્ડનો તથા કારોબારીનાં સર્વે સભ્યોનો આભાર માનું છું. વર્ષ દરમ્યાન ઇતિહાસ સમિતિનાં સભ્યો શ્રી ડાહ્યાભાઇ દુ.મીસ્ત્રી તથા શ્રી જીતેન્દ્ર ન મીસ્ત્રીએ પણ ઘણી સારી જેવી પ્રગતિ આદરી છે અને આશા રાખવામાં આવે છે જે ટુંક સમયમાં જ આપણા સમક્ષ ઇતિહાસ અંક તેઓ તરફથી રજુ કરાશે. વર્ષ દરમ્યાન શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તરફથી ગને ઘણો સારો જેવો

સાથ અને સંપૂર્ણ સહકાર આપવામાં આવ્યો છે, જે બદલ હું આભાર દર્શાવું છું. એજ પ્રમાણે આપણાં સમાજપિતા શ્રી છગનલાલ ત્રિભોવનદાસ મીસ્ત્રીએ પણ વખતોવખત માર્ગદર્શન કરી તેમજ નિષ્કામ કાર્યકર્તા શ્રી અમૃતલાલ સાકરલાલ જરીવાળા તરફથી પણ મહામંડળને સર્વોત્તમ સાથ અને સહકાર મળ્યો છે જે બદલ હું અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરૂં છું.

અંતે આપણાં સમાજને પ્રગતિના પંથે લઈ જવામાં મહામંડળને વર્ષ દરમ્યાન તન, મન અને ધનથી જે ભાઈઓ તથા બહેનોએ મદદ કરી છે તે માટે પ્રભુને હું પ્રાર્થના કરૂં છું, જે તેઓને સુખ, શાંતિ અને સમૃદ્ધિ અને દિર્ઘાયુ બક્ષે એજ અભ્યર્થના.

લિ. **છગનલાલ ઘેલાભાઈ મીસ્ત્રી**
પ્રમુખ.
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ.
(૧-૬૭-૬૮)

સામાન્ય સભા

સભાની શરૂઆતમાં મહામંત્રી તરફથી સર્વે એકમોના સામાન્ય સભ્યોની નામાવલી રજુ કરાઈ હતી અને રજુ થયેલ નામોની વ્યક્તિઓએ જ સહીબુકમાં સહી કરવા વિનંતી થઇ હતી અધિવેશનમાં હાજર રહેલ સામાન્ય સભ્યો સિવાયની વ્યકિતઓ પ્રેક્ષક તરીકે હાજર હોઈ ઉપરોક્ત રજુઆત થઈ હતી.

ગત સામાન્ય સભાની સને ૧૯૬૬-૬૭ની બીલીમોરા મુકામે કાર્યવાહી થઈ હતી જેની મીનીટસ્ તા. ૧ જૂનની સવારે મળી ગયેલ અંતિમ કારોબારી સભામાં કારોબારી તેમજ મોટી સંખ્યાના સામાન્ય સભ્યોની હાજરીમાં રજૂ કરાઈ હોઈ તેમજ કારોબારીએ પસાર કરી હોઇ સમયના અભાવે વાંચી સંભળાવાઈ ન હતી. અને સામાન્ય સભ્યોની સર્વાનુમતીએ કારોબારીમાં પસાર થયેલ મીનીટસ્ સામાન્ય સભામાં પસાર થયેલ જાહેર થઈ હતી. જેની રૂએ પ્રમુખશ્રીની સહી મીનીટસ્ બુક ઉપર લેવાઇ હતી.

મહામંત્રીશ્રી પ્રમોદ મણીલાલ મીસ્ત્રીએ વર્ષભરની કાર્યવાહીને આવરી લેતું મંત્રી નિવેદન રજુ કર્યું હતું જે અન્યત્ર છાપવામાં આવ્યું છે. સર્વાનુમતીએ નિવેદન પસાર કરાયું હતું. મુખ્ય બજનચી શ્રી હિરાલાલ અમૃતલાલ મહેતા તરફથી સમગ્ર વર્ષનો હિસાબ-કિતાબ રજુ કરાયો હતો. પસાર થયેલ હિસાબ-કિતાબ અન્યત્ર છાપવામાં આવ્યો છે. પ્રકાશન સમિતિનું નિવેદન તેમજ હિસાબ-કિતાબ નવયુગના તંત્રી, પ્રકાશન સમિતિના સભ્ય તેમજ નવયુગના મુખ્ય બજનચી શ્રી ભગવાનદાસ મકનદાસ મીસ્ત્રી તરફથી રજુ કરાયો હતો જે યોગ્ય જણાતાં પસાર જાહેર કરાયો હતો. જેની વિગત અન્યત્ર આપવામાં આવી છે.

સને ૧૯૬૭ ૬૮ની કાર્યવાહીનું સિંહાવલોકન કરતાં પ્રમુખશ્રી છગનલાલ ઘેલાભાઈ મીસ્ત્રી તરફથી સર્વેનો આભાર વ્યક્ત કરાયો હતો. જેમનું નિવેદન પણ અન્યત્ર રજુ કરાયું છે.

આ તબક્કે સને ૧૯૬૭-૬૮ની કાર્યવાહી બરખાસ્ત કરાઈ હતી અને સામાન્ય સભાના આગળના સંચાલન અર્થે વડીલ શ્રી નગીનદાસ રણછોડદાસ મારફતીયાનું સુચન થતાં એમોશ્રીએ સ્વીકારી સંચાલન આગળ ચલાવ્યુ હતું.

સને ૧૯૬૮-૬૯ની પ્રમુખશ્રીની ચૂંટણી અર્થે મુંબઈ એકમ તરફથી બારા એકમના કોઈ પણ સભ્ય અંગે સુચન થયું હતું. જેને અમદાવાદ

એકમ તરફથી ટેકો મળ્યો હતો. વ્યારા એકમના સભ્યો તરફથી એ અંગે શ્રી મોહનલાલ ખુશાલદાસ ગાંધીનું નામ સુચવાયું હતું. નવસારી એકમ તરફથી શ્રી જમનાદાસ ભગવાનજી પંચોલીનું નામ સુચવાયું હતું. જેને વ્યારા એકમનો ટેકો મળ્યો હતો. તેમજ બારડોલી એકમ તરફથી શ્રી છગનલાલ ઘેલાભાઈ મીસ્ત્રીના નામનું સુચન થયું હતું. ઉપરોક્ત પહેલા બે સુચનના અનુસંધાનમાં જાહેર કરાયું હતું કે બન્ને વ્યાકતઓ સભામાં ગેરહાજર હોઈ આગળ કાર્યવાહી શકય નથી. વધુમાં શ્રી છગનલાલ ઘેલાભાઈ મીસ્ત્રીએ પોતાની નાદુરસ્ત તબીયતને લઇને હોદો સ્વીકારવા અશાકત દર્શાવી હતી.

મુંબઇ એકમ તરફથી આ બાદ પ્રમુખશ્રી તરીકે શ્રી મગનલાલ ખુશાલદાસ મીસ્ત્રીનું નામ સુચવાયું હતું. જેને દરેક એકમ તરફથી અપૂર્વ ટેકો જાહેર કરાયો હતો. શ્રી મગનભાઇએ પોતાના અંગત કારણોને લઈને પ્રમુખપદ સ્વીકારી ન શકશે એમ જણાવતાં અમદાવાદ એકમ તરફથી શ્રી જયેન્દ્ર નટવરલાલ પંચોલીનું નામ પ્રમુખપદ અંગે નોંધાવાયું હતું. જેને સર્વેએ ટેકો જાહેર કરતાં બોમણું એ સ્વીકાર્યું હતું અને સભાનુ પ્રમુખ તરીકેનું સ્થાન શ્રી નગીનદાસ રણછોડદાસ મારફતીયા પાસેથી લીધું હતું.

સભાની આગામી કાર્યવાહીમાં બારડોલી એકમ તરફથી અજનચી બોર્ડમાં શ્રી ચંપકલાલ મોતીરામ મીસ્ત્રી (મુંબઇ), શ્રી હીરાલાલ અમૃતલાલ મહેતા (સુરત), શ્રી હિંમતલાલ ત્રિભોવનદાસ મીસ્ત્રી (નવસારી) અને શ્રી બીજુભાઇ ખુશાલદાસ પંચોલી (વ્યારા)નાં નામો સુચવાયાં હતાં, તેમ જ વ્યારા એકમ તરફથી વધુમાં શ્રી ભગવાનદાસ મકનદાસ મીસ્ત્રીના નામનું સુચન થયું હતું. સર્વાનુમતીએ ઉપરોકત વરણી જાહેર થતાં અજનચી બોર્ડ સને ૧૯૬૮-૬૯ વર્ષ માટે અસ્તિત્વમાં આવ્યું હતું.

પ્રકાશન સમિતિના સભ્યો અંગે ગત વર્ષના સભ્યોને ચાલુ રહેવા વિનંતી કરાઈ હતી જેમાં શ્રી. જયેન્દ્ર નટવરલાલ પંચોલીના સ્થાને શ્રી. છગનલાલ ત્રિભોવનદાસ મીસ્ત્રીની રજુઆત થઈ હતી જે સ્વીકારાઇ હતી અને સને ૧૯૬૮-૬૯ માટે પ્રકાશન સમિતિ અસ્તિત્વમાં આવી હતી.

અન્વેષકની વરણી અર્થેની સત્તા કારોબારીને વધુમાં સામાન્ય સભાએ આપી હતી.

ઉપરોકત ચૂંટાયેલ સભ્યોને અભિનંદન અપાયા બાદ અધિવેશનની ભલામણો ઉપરની વિચારણા હાથ ધરાઇ હતી.

બંધારણીય સુધારાઓ જે અધિવેશનમાં પસાર કરાયા છે એ ઉપર કારોબારી ગર્ભ વિચારણા કરે અને યોગ્ય પગલાં ભરે એવી સત્તા સામાન્ય સભાએ આપી હતી. ઉપરોકત નિર્ણય શ્રી મધુસુદન મકનદાસ મીસ્ત્રીની અપીલને ધ્યાનમાં લઇ તેમજ એક સુધારા ઉપર પોતાનો વિરોધ શ્રી નવિનચંદ્ર સી. ગજજરે નોંધાવ્યો હોઇ લેવાયો હતો. જ્ઞાનયજ્ઞ અંગેની સર્વે તૈયારીઓ કારોબારીએ પોતાની સત્તાની રૂએ કરવાનો આદેશ વધુમાં થયો હતો.

આંતરજ્ઞાતિય લગ્નો અંગે અધિવેશનના આદેશાનુસાર સામાન્ય સભાએ બાસ સભ્યોની નિમણુંક કરી હતી. સર્વશ્રી જયેન્દ્ર નટવરલાલ પંચોલી, શ્રી છગનલાલ ત્રિભોવનદાસ મીસ્ત્રી, શ્રી અમૃતલાલ સાકેરલાલ જરીવાલા, શ્રી જીતેન્દ્ર નગીનદાસ મીસ્ત્રી તેમ જ શ્રી ડાહ્યાભાઈ દુર્લભરામ મીસ્ત્રી.

ઉપરોકત સમિતિને પોતાનો રીપોર્ટ કારોબારી સમક્ષ વહેલી તકે રજુ કરવા વધુમાં વિનંતી કરાઇ હતી. અંતમાં પ્રમુખશ્રીએ સર્વે સભ્યોનો આભાર માન્યો હતો અને વર્ષભર યોગ્ય સાથ અને સહકાર ગત વર્ષોની જેમ મળતો રહેશે એવી અપેક્ષા બતાવી હતી.

અધિવેશન પ્રમુખ શ્રી અમૃતલાલ સાકેરલાલ જરીવાલા, નિવૃત્ત પ્રમુખશ્રી શ્રી છગનલાલ ઘેલાભાઈ મીસ્ત્રી. નિવૃત્ત ઉપપ્રમુખ શ્રી નવિનચંદ્ર છોટાલાલ ગજ્જર, નિવૃત્ત મહામંત્રી શ્રી પ્રમોદ મણીલાલ મીસ્ત્રી, સંચાલક પ્રમુખ શ્રી નગીનદાસ રણછોડદાસ મારફતીયા તેમ જ સ્વાગત પ્રમુખ શ્રી અમૃતલાલ ભીખાભાઇ પંચોલીનું ફુલહારોથી અભિવાદન કરાયું હતું. સુરત મહિલા મંડળે પણ વધુમાં ફૂલહારો અર્પણ કર્યા હતા.

શ્રી પંચોલી સમસ્ત પંચ તેમજ એના કાર્યકર્તાઓનો, અધિવેશન તેમજ સામાન્ય સભા અંગેની સર્વે વ્યવસ્થા બદલની જહેમત બદલ આભાર દર્શન કરાયું હતું અને સભા બરખાસ્ત જાહેર થઇ હતી.

શ્રી. પ્રમોદ મણીલાલ મીસ્ત્રી મહામંત્રી
શ્રી ભીખુભાઈ ખુશાલદાસ પંચોલી
સહમંત્રી

લગ્ન સમશ્યાની ગઈ કાલ, આજ, આવતી કાલ ?

પ્રાચીન ઇતિહાસ કે પૌરાણિક પુસ્તકોનાં પાનાં ઉથલાવતાં કોઇ-કોઈ પાને 'લગ્ન' શબ્દ દ્રષ્ટિગોચર થશે જ. ધાર્મિક દ્રષ્ટિએ જોતાં લગ્ન એ એક પવિત્ર સંબંધ ગણાય છે. જીવનરથના રૂપી રથના "પતિ-પત્ની" એ ચક્રો મનાય છે. બન્ને એકબીજાના પૂરક મનાય છે. સ્ત્રી પુરૂષ 'લગ્નગ્રંથી'થી જોડાય છે ત્યારે બે અજાણી વ્યકિત સ્ત્રી-પુરૂષ—પતિ-પત્નીનું મિલન થાય છે.

આ લગ્ન પ્રથા કયારે શરૂ થઈ હશે ? કયારથી શરૂ થઈ હશે ? તે માટે કોણે પહેલ કરી હશે ? તે સંશોધનનો વિષય છે; આપણે તેમાં ન પડીએ. પણ લગ્ન બાબતના અનેક પાસાઓ આપણે દરેકને સ્પર્શ્યા સ્પર્શે છે તેથી તેના ઉપર દ્રષ્ટિપાત કરી લઈએ.

પૃથ્વી પર હસ્તી ધરાવતી દરેક ધર્મની જાતિઓમાં લગ્ન પ્રથા જુદે જુદે સ્વરૂપે જોવા મળે છે. તેથી સહેજે એ સંસ્કાર તરફ બધાને પુજ્યભાવ હોય તે સ્વાભાવિક છે ખાસ કરીને આપણા હિન્દુ સમાજમાં થતી લગ્ન પ્રસંગની વિધીઓ, લગ્ન પ્રસંગે ગોર મહારાજ સુર્યદેવને સાક્ષી રાખીને વર-વધુ પાસે એક-બીજાના સુખ-દુઃખના સાથી "જનમોજનમ"—એકબીજાને સંપુર્ણ વફાદાર રહેવાના જે સોગંદ લેવડાવે છે, પ્રતિજ્ઞા કરાવે છે તે કેટલી વિચાર પ્રેરક છે! લગ્ન શબ્દને ઉંચા આસને બેસાડીએ તો એ " પ્રભુતામાં પગલાં "નું ગૌરવભર્યું માન મેળવે છે. આ સબંધથી માત્ર પતિ-પત્ની કે બે વ્યકિત વચ્ચે જ નહીં પણ બે જુદા જુદા કુટુંબ વચ્ચે પણ સ્નેહગાંઠ બંધાય છે. લગ્ન પછી સંતાનો થતાં તે સબંધ પતિ-પત્ની તથા બન્ને કુટુંબ વચ્ચે વધુ ગાઢ થતો જાય છે. આ જોતાં લગ્નની ભાવના કેટલી ઉદાત્ત છે, પવિત્ર છે, પ્રશંસનીય છે એ વિચારવા જેવું નથી લાગતું ?

આપણા સમાજનો ૩૦-૪૦ વર્ષ પહેલાંનો કાળ તપાસીએ તો જોવા મળશે કે પોતાના પુત્ર-પુત્રીના લગ્ન માટે ઉભયના માતા-પિતા કે સગાં-સ્નેહીઓ પોતાના પુત્ર પુત્રી માટે "સારી કન્યા—સારો વર" મળે તે જોતાં, પાત્રની પસંદગી વખતે સામા પક્ષની કૌટુંબિક-આર્થિક-સામાજિક સ્થિતિ ખાસ જોવાતી અને પોતાના પુત્ર-પુત્રી માટે શ્રીમંત અને ભોભાદાર લોકો પોતાના જેવાં જ શ્રીમંત-ભોભાદાર ઘરને શોધી ત્યાં સંબંધ બાંધતા. કેટલાક કિસ્સાઓમાં આર્થિક સ્થિતિ સારી ન હોય તેવા પ્રસંગે તે કુટુંબની સારી સામાજિક સ્થિતિ ઉપરાંત સંસ્કારી કુટુંબને પણ પસંદ કરતા. આવા પ્રસંગે, વર પક્ષવાળા ગરીબ પણ સંસ્કારી અને વહેવાર કુશળ ઘરની કન્યા 'ચોકખું' ભણેલી હોય તેને ચલાવી પણ લેતાં. તેની પાછળનો હેતુ એ હતો કે ગરીબ ઘરની કન્યા ભલે હોય: સંસ્કારી ઘરની હોવાથી તે પોતાના ઘરનો સંસાર સારી રીતે ચલાવી શકશે એમ મનાતું. જ્યારે શ્રીમંત કુટુંબની કન્યા વિષે શંકા સેવાતી. લગ્ન માટે પાત્રની પસંદગી બાબત પુત્ર-પુત્રી પોતાના માતા-પિતા-વડીલજનોની ઈચ્છાને અનુસરતા. ભાગ્યે જ તો સમયે પોતાની પસંદગી પર ધ્યાન અપાતું !

૩૦–૪૦ વર્ષ પહેલાની જ્ઞાતિ પ્રથા વધુ સંગઠીત મનાતી. સમાજ વિરૂદ્ધ કાર્ય કરનારને સામાજિક બહિષ્કારનો ભય રહેતો. તેથી સમાજ વિરૂદ્ધ કાર્ય કરનાર તેવું કાંતાકારી કાર્ય કરતાં પહેલાં ખુબ ખુબ વિચાર કરતો. સમાજના મોવડી લોકોએ પોતાના ગામની પંચ કે તે પંચ જે ચોરાની મનાતી તેમણે માંગલિક કે મરણોત્તર ક્રિયાઓ માટે જે પ્રણાલિકા પાડી હોય તે પ્રસંગોના જે વિધી-વિધાન નક્કી કર્યા હોય તેનું ચુસ્તપણે પાલન કરવું પડતું. કેટલીક વાર દરજ પણ લાદવામાં આવતી. લગ્ન પ્રસંગે વર કે કન્યા પક્ષે પોતાની આર્થિક સ્થિતિ સારી ન હોવા છતાં વહેવારની દ્રષ્ટિએ પ્રસંગો સાચવવા પડતા. ઘણીક વાર આ કારણે તેમને આર્થિક મુશ્કેલીઓ સહન કરવી પડતી. કોઈ કોઇ કીસ્સામાં તો પોતાનું ઘર–ઝવેરાત ગીરો મૂકી કે વેચીને પણ આ કાર્ય કરવું પડતું ! દરેક કુટુંબને સમાજના મહેણાં—ટોણાં ન સાંભળવાં પડે તેની કાળજી રાખવી પડતી ખાસ કરીને કન્યા પક્ષે આ બાબતે—પોતાની પુત્રીને સહન ન કરવું પડે તેની ખાસ કાળજી લેવાતી. સારા નશીબે આપણા સમાજમાં તે દિવસોમાં વાંઢાઓ, બેઠ, પહેરામણી, વર કે કન્યા વિક્રયની વગેરે ખરાબ પ્રથા અસ્તીત્વમાં ન હતી.

૩૦–૪૦ વર્ષ પહેલાં આપણા સમાજમાં ઉચ્ચ કેળવણીનું પ્રમાણ જુજ હતું. સામાન્યતઃ પુત્રને પોતાનો વડિલો પ્રાર્જીત વ્યવસાય સ્વીકારવો પડતો અને તેથી 'ખપનેગા' જ શિક્ષણની જરૂરત રહેતી. તો તેવી સ્થિતિમાં પુત્રીના શિક્ષણનો વિચાર તો કયાંથી જ આવે ?!

પણ સમયનાં વહેણ બદલાતાં યુવકોમાં ઉચ્ચ કેળવણીની ભુખ જાગવા માંડી ઉચ્ચ શિક્ષણની વધુ સગવડે તે ભૂખમાં અભિવૃદ્ધિ કરી. સ્ત્રી સુધારક આગેવાનોએ સ્ત્રી–પુરૂષને સમાન હક મળવો જોઇએ, સમાન શિક્ષણ મળવું જોઈએ તેવી દલીલ આગળ કરી વિચારને વધુ દ્રઢ બનાવ્યા. અને તેથી કન્યાઓને ઉચ્ચ શિક્ષણ મળવા લાગ્યું.

કિશોર અવસ્થામાં પ્રાથમિક જ્ઞાન તો પોતાના ગામમાં જ મળી રહે છે. પણ જ્યારે માધ્યમિક કે વિદ્યાપીઠનું જ્ઞાન સંપાદન કરવું હોય ત્યારે તેણે ગામ બહાર કે દુર શહેરોમાં જવું પડે છે. પરિણામે બહાર નીકળવાથી તે એક વિશાળ સમુદાયમાં આવી પડે છે. અને તેથી તે હિન્દુ ધર્મની પોતાનાથી અન્ય જાતિ તેમજ અન્ય ધાર્મિક લોકોના સંસર્ગમાં આવે છે. શહેરોમાં ભણતાં વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓને અભ્યાસ સમયનો ફાજલ સમય પસાર કરવા વાંચનાલય, સીનેમા, નાટય ગૃહ, નૃત્ય ગૃહ, સંગીત ગૃહ, ચર્ચા–સભા ગૃહ વગેરે અન્ય મનોરંજનની તથા જ્ઞાન વૃદ્ધિની સગવડો મળી રહે છે. આમ બહારના લોકો તથા આવા વાતાવરણમાં આવવાથી, સીનેમા–નાટકોનાં પ્રણય દ્રશ્યો નિહાળીને, નવલકથા વાંચીને, પ્રણય રસ તથા વિરહ રસથી ભરપુર ગીતો સાંભળીને તેના માનસ ઉપર કંઈક વિભિન્ન પ્રકારની અસર જન્મે છે. વળી હાઈસ્કુલ–કોલેજના ઉત્સવ નિમીત્તો, અભ્યાસ પ્રસંગે, રજાના દિવસોમાં બહાર ફરવા જવાના –'વનભોજન'ના નિમિત્તે તે એકબીજાના સંપર્કમાં આવે છે. ત્યારે સ્વભાવિક રીતે જ બેઉના મનમાં પોતાના પ્રિય પાત્ર પ્રતિ સંવેદના જન્મે છે. આ પરિચય વધુ ગાઢ બનતાં કે અપકવ કે પકવ રૂપે 'પ્રેમ'માં પરિણમે છે! કેટલીક વાર આવા કીસ્સાઓમાં સામેની વ્યક્તિ સુંદર હોય, શ્રીમંત હોય, કલાત્મિક હોય તેવા સંજોગોમાં આવો સદાચાર રહેજે ઉદ્‌ભવે છે!

આવી રીતે ઉચ્ચ કેળવણી અર્થે દુર ગયેલા પુત્ર-પુત્રીના માતા–પિતા પોતાના સંતાનો કેવી કેળવણી મેળવે છે તેની તેમને ખબર પણ પડતી નથી. કેટલાક માતા–પિતા પુત્ર કે પોતાની પુત્રી ઉચ્ચ કેળવણી લઈ રહી છે તેનું અભિમાન સેવે છે, અને કેટલાક માતા–પિતા ઉચ્ચ કેળવણીના પ્રસંગે બનતા પ્રેમ પ્રસંગના ભોગ બનતાં હોવા છતાં તે તરફ દુર્લક્ષ પણ સેવે છે. પરિણામે કેટલીક વાર પોતાના સંતાનો ઉપરની પકડ પણ ગુમાવી બેસે છે. જો કે 'પ્રેમ' પ્રસંગ બધાં જ કીસ્સાઓમાં નથી બનતો. અમુક જ કીસ્સાઓમાં બને છે અને ધીરે ધીરે તેનું પ્રમાણ

વધતું જ જાય છે! આને 'પ્રગતિ' કહેવી કે 'પડતી' તે સૌએ પોતે વિચારવાનો વિષય છે.

સામાન્ય રીતે માતા-પિતાની ઇચ્છા એવી હોય છે કે પોતાના 'પુત્ર' માટે ભણેલી, રૂપાળી, સદ્‌ગુણી કન્યા મળે તો સારું. તેવી જ રીતે કન્યા પક્ષના માતા-પિતા પોતાની 'પુત્રી' માટે રૂપાળો, **ભણેલો**—ગણેલો, સારા વેપાર-ઉદ્યોગવાળો કે પછી સારી નોકરીવાળો યુવક મળે તો સારું એમ સમજી તેની શોધમાં જ હોય છે.

જેમ જેમ પુત્ર-પુત્રીનાં ઉચ્ચ અભ્યાસના સોપાન ચઢતાં જાય છે તેમ તેમ આ ચિંતા વધુ ઘેરી બનતી જાય છે. અને પોતાના પુત્ર-પુત્રી માટે યોગ્ય પાત્ર મળશે કે કેમ તે પ્રશ્ન મુંઝવે છે. કારણ કે પછી તો પસંદગીનું ધોરણ ઊંચું ને ઊંચું ચઢતું જાય છે; કેમકે ભણેલા પુત્ર-પુત્રીની ઇચ્છા વિના કે સંમતિ વિના આ 'લગ્ન' સફળ નિપડશે નહીં તેની દહેશત પણ સતાવતી હોય છે

અને પોતાને તથા પુત્ર-પુત્રીને અનુકૂળ પાત્ર શોધી જલ્દ પરણાવી દેવાની ધેરવીમાં પણ હોય છે. કન્યા પક્ષે આ બાબત વિશેષ ચિંતા હોય છે. અને તેથી ઝટઝટ 'મૂરતિયો' શોધી પરણાવી દેવા માંગતા હોય છે કેટલાક પ્રસંગે પુત્ર-પુત્રીની સંમતિ મેળવવી અનિવાર્ય નથી માનતા—કેટલાક પ્રસંગે તે મેળવાય પણ છે.

આવી રીતે ઉચ્ચ શિક્ષણ અર્થે બહાર પડેલા યુવક-યુવતીઓ અન્ય સમાજના યુવક-યુવતીઓનાં સંપર્કમાં આવે છે. અને એ સંપર્ક વધુ ગાઢ બનતાં એ મિત્રતાને 'કંઈક' પ્રતિ મળતાં તેમાં સંવેદના જન્મે છે—પ્રેમનાં બીજ વવાય છે. અને યુવક-યુવતી એક-બીજાના જીવનસાથી બનવાનાં અરમાન સેવે છે. આ બધામાં નવલકથા, સીનેમા, સંગીત અને સરકારની નીતિ પણ કંઈક અંશે વિશેષ ભાગ ભજવે છે.

કેટલીકવાર આવો પ્રેમ સબંધ નિશાળ, હાઇસ્કૂલ કે કોલેજમાં શિક્ષક-શિક્ષિકાના વ્યવસાય કરતા, વેપારી પેઢીઓમાં તથા સરકારી કચેરીઓમાં કાર્ય કરતા, સામાજિક સેવાના ક્ષેત્રોમાં કાર્ય કરતા યુવક-યુવતિ વચ્ચે પણ થાય છે.

કેટલાક કિસ્સાઓમાં માતા-પિતાને પોતાનાં આવા પરાક્રમી પુત્ર-પુત્રીઓના પ્રેમ સંબંધની જાણ હોતી નથી અને પોતાનું સંતાન ડાહ્યું છે, આજ્ઞાંકિત છે એમ સમજે છે. અને પોતાના સંતાન માટે 'પોતાને યોગ્ય' પાત્ર પસંદ કરે છે. પુત્ર-પુત્રીની ઇચ્છાનો ઊંડો વિચાર કરતા નથી. આવે પ્રસંગે કેટલીક વાર ગુપ્ત પ્રેમ પ્રસંગ પાડી ચુકેલા પુત્ર-પુત્રી જાહેર હિંમત દર્શાવી શકતા નથી. અને માતા-પિતાની ઇચ્છાને વશ વર્તે છે. અથવા હાલ લગ્ન કરવાની ઇચ્છા નથી, ઉતાવળ નથી એવાં બહાનાં બતાવી પ્રસંગને ટાળે છે. કેટલાંક પ્રસંગોમાં પોતાના ગુપ્ત પ્રિય પાત્ર ને અંધારામાં રાખી માતા-પિતાની ધમકીને વશ થઇ પરણી પણ જાય છે અને તેથી પોતાનું અને પોતાના ગુપ્ત પ્રિય પાત્રનું અહિત કરે છે. કેટલાક પ્રસંગે આ પગલું સામી વ્યક્તિને આત્મહત્યા સુધી પણ દોરી જાય છે. એટલે આવા કિસ્સામાં જેમને સામાજિક ડર હોય, જેમનામાં માતા-પિતાને નારાજ કરવાની અશક્તિ હોય, ભવિષ્યના લાગ્નિક જીવન વિષે મનમાં શંકા હોય, જાતિ બહાર લગ્ન કરતા આવી પડનારી પરિસ્થિતિનો મુકાબલો કરવાની અશક્તિ હોય તેમણે આવું પગલું ન ભરતાં કાર્ય યોગ્ય પાત્ર પોતાના સમાજમાંથી શોધી લઈ પરણી જ જવું જોઇએ.

પણ જ્યારે આવો ગુપ્ત પ્રેમ સંબંધ કેળવી ચૂકેલા યુવક-યુવતીની ફરજ છે કે તેમણે પોતાના સ્પષ્ટ વિચારો માતા-પિતા આગળ રજુ કરવા જોઇએ. જેમણે આ બાબતે પુરેપુરો વિચાર કેળવ્યો હોય, આ વિચાર પાછળ સામાજિક ક્રાંતિ કે સુધારક વિચારના મશાલચી ને ઝંડાધારી બનવાની ક્રમના હોય, જે કંઈ પરિસ્થિતિ આવી પડે તેમાં ઝઝુમવાની હિંમત હોય તદ્‌અર્થે દૃઢ થવાની પણ તૈયારી હોય તેમણે જ હામ ભીડવી. નહીં તો બે ભીરૂતા જન્મશે તો બન્નેનું અહિત થશે. જીવન બરબાદ થશે, આશા-અરમાન કચડાઈ જશે, અને આવા અસંતોષી માતાપિતાના

સંતાનો કેવાં થશે, તેમના વિચારો કેવા હશે, તે વિચાર માંગી લે છે.

આજની પરિસ્થિતિમાં ઉચ્ચ કેળવણી લેતા પુત્ર-પુત્રીઓના માતા-પિતાની પરમ ફરજ બની રહે છે કે તેમણે આ બાબતમાં ખુબ સજાગ રહેવું જોઈએ. પોતાના "પ્રિય" સંતાનો પ્રત્યે દુલક્ષ્ય ન રાખતાં તેમનાં લગ્ન બાબતના વિચારો જાણવા જોઈએ. તેમને વિશ્વાસમાં લેવા જોઇએ. અને પોતાના સંતાનોની ઇચ્છા પ્રમાણે જ લગ્ન કરાવશે તેવી ખાત્રી આપવી જોઈએ. તેમને યોગ્ય પાત્ર બતાવી વિચારવા સમય આપવો જોઈએ. તેમની મુશ્કેલીમાં સહાનુભૂતિ દાખવવી જોઈએ. અને છેવટે જ્યાં સમજે-પોતાના જ્ઞાતિ બહારના લગ્ન પરત્વે મક્કમ જણાય તો તેને પ્રોત્સાહન આપવું જોઇએ. કારણ કે જેણે આવી પડનારી પરિસ્થિતિનો પૂર્ણ વિચાર કર્યો હશે તેને કોણ ડગાવી શકે? કારણ કે આપણે સૌ ભારત માતાના જ સંતાનો છીએને! તો પછી તેના જ એક બાળક-બાળકી ને કેમ ન અપનાવીએ? વહેલા-મોડા "વૈશ્વ કુટુંબકમ" ની ભદ્ર ભાવના સ્વીકારવી જ પડશે તો તેની પહેલ કોઈ કરે તો શા માટે તેમને ન ધિરદાવીએ?

કેટલાક કિસ્સાઓમાં પોતાનું સંતાન પોતાની જ્ઞાતિ કરતાં ઊંચા જ્ઞાતિનું પાત્ર પસંદ કરે ત્યારે સંમતિ દર્શાવે-ગૌરવ અનુભવે અને સામો પક્ષ પોતાનાથી નીચા જ્ઞાતિનો હોય ત્યારે નારાજી અનુભવે છે તે બરાબર નથી. જેમનાં હૈયે પોતાના સમાજની એકતા કરતા સમગ્ર દેશની એકતાનું હિત હૈયે વસ્યું હોય તેઓએ આવો ભેદભાવ ન રાખવો જોઇએ. આપણી સરકારે પણ સમગ્ર દેશની એકતાની દૃષ્ટિને જ સન્મુખ રાખી આવાં લગ્ન પ્રત્યે પોતાની નીતિ પ્રસરણ બનાવી છે અને તેને લીધે આ લગ્નોને પ્રેરક બળ મળવા લાગ્યું છે. સમાજના બંધનો તે તે વિષેનો કડ શીથીલ થયાં છે. આને લીધે આંતર જ્ઞાતિય તો શું પણ આંતર ધાર્મીક અને આંતર રાષ્ટ્રીય લગ્ન સબંધો પણ વિકસાવા લાગ્યા છે.

આપણા સમાજમાં આવું ન બને તેવી જેની ઝંખના છે, સમાજ પડતીની જેમનાં મનમાં દહેશત છે, તેમણે આપણા સમાજના યુવક-યુવતીઓને સરખું ઉચ્ચ શિક્ષણ મળે તે માટે સરખી તકો ઊભી કરવી જોઇએ. આવા શિક્ષીત યુવક-યુવતીઓ એકબીજાને ઓળખે તેવી તકો આપવી જોઇએ. તેમનામાં અંદર અંદર જ "પ્રેમની પ્રવિત્ર ભાવના" જન્મે તેવી પરિસ્થિતિ સર્જવી જોઈએ, તેમને એકબીજાની પસંદગીની તકો મળવી જોઈએ. પોતાના સંતાનો માત્ર શિક્ષણ મેળવે તે જ બસ નથી પણ તેમનો પરિચય સમાજને થાય તેવા પગલાં ભરવા જોઇએ. આખા સમાજની એકતાને સાંકળી શકે એવી અસ્તીત્વ ધરાવતી સંસ્થાને સહકાર આપવો જોઈએ. આમ થશે તો રહેજે આપો પ્રસંગો જુજ બનશે. "માડી પરગકૃપાળુ પરમાત્માની જે ઈચ્છા હશે—જે બનવાનું જ હશે તેને કોણ રોકી શકવાનું છે? "ઇચ્છિરેચ્છા બલિયસી"

લિ. **શ્રી ભગવાનદાસ મીસ્ત્રી**

સ્વરાજ આશ્રમ, બારડોલી.

Gram : MOVEMENT Phone : 33115

M/s. A.A.Manasawala & Co.

142, Mutton Street,
BOMBAY-3.

Please contect us
for your requirements
For all sorts of
Ball, Roller, Thrust and Tapperd Bearing for Industrial and Automobile Purposes

THANKS!

(નારી વિભાગ ચાલુ)

બાળકો અને ઘરનું કામ

આપણા દેશમાં કેટલાક માબાપને ખ્યાલ જ નથી આવતો કે બાળકો પાસે ઘરનું કામ કરાવવું કેટલું જરૂરી છે. પરિણામ એ આવે છે કે તેઓ તેમની પાસેથી બાસ ધ્યાન આપીને કંઈ કામ કરાવતા નથી અને બાળકો એવી જવાબદારી સમજતાં પણ નથી.

બાળકોને ભણવા માટે સારી જગ્યાએ મોકલવામાં આવે છે. અને તેમનો બધો સમય એ રીતે ભણવામાં જ વીતે છે. બાકીના સમયમાં પિકનિક, સિનેમા, પાર્ટીઓ અને શાળા કે કોલેજોમાં વીતે છે. આ પછી પણ થોડો સમય બચે તો આરામ કરવામાં ગાળે છે. તેમને કશું પણ કામ કરવાનું કહેવામાં માતા-પિતા પોતાની જાતને ગુનેગાર સમજે છે.

પણ તેમનો આવો ખ્યાલ તદ્દન અયોગ્ય છે. હકીકતમાં તો બાળકોમાં નાની વયથી જ કામ કરવાની ટેવ પાડવી જોઈએ. પોતાનાં જ નહિ પણ બીજાના કામ પણ તેમણે કરવા જોઈએ. તમારા બાળકોને કામ કરવાની ટેવ પાડવામાં તમે ફક્ત તમારો જ ભાર હળવો કરો છો એવું નથી પરંતુ એ રીતે તમે તેમને ભાવિ માટે તૈયાર કરો છો.

તમારે ત્યાં સારો નોકર હોય તો પણ બાળકોને પોતાને હાથે પોતાનાં કામ કરવાનું શિક્ષણ આપો. તેમણે પથારી કરવી જોઈએ, સાયકલ અને જોડા સાફ કરવા જોઈએ અને કપડાં સાંધવાનું કે બટન લગાડવાનું શિખવવું જોઈએ. રજાને દિવસે તેમની પાસે થોડાંક કપડાં ધોવરાવી તેના પર અસ્ત્રી કરાવો આવાં કામની ટેવ પાડવી ખૂબ જરૂરી છે. બાળકો ઘેર હોય ત્યારે તેમની પાસે કબાટ, પેટી વગેરે સાફ કરાવવાં. કયારેક કયારેક ઘરના કોઈપણ રૂમની ગોઠવણી પણ તેમની પાસે નવેસરથી કરાવવી તેનાથી એ ખુશ પણ થશે અને ગોઠવણીની રીતનો પણ તેમને ખ્યાલ આવશે.

ખરીદી માટે પણ બાળકોને બજારમાં મોકલવાં જોઈએ. વસ્તુઓની ખરીદીનું જ્ઞાન તેમને મળવું જોઈએ. અને ભાવતાલ કરીને સારી વસ્તુઓ ખરીદતાં તેમને આવડવી જોઈએ. મોટાઓની જેમ આ બધું તેઓ ન પણ કરી શકે, છતાં તેમને તક આપવામાં આવે તો તેઓ જરૂર જરૂર સમજવા લાગશે.

કયારેક કયારેક બાળકોને રસોઇ કરવાનું અને પીરસવાનું પણ શિખવી શકાય. એમને કામ સોંપવામાં આવે તો જ આવડે ભલે છોકરાઓ રોજ આ કામમાં મદદ ન કરે. પણ જરૂર પડે રસોઇ કરી લેવા જેટલી આવડત તો જરૂરી છે.

એટલે દરેક માતાપિતા પોતાના બાળકોને પુત્ર હોય કે પુત્રી ઘરનું કામ કરવાનું શિખવે. નાનપણથી જ એવી ટેવ પાડવાથી તમે બરોબર તેનું જીવન ઘડતર કરી શકશો. નાનપણમાં સુખ અને આરામ ભર્યું જીવન વીતવાથી મોટા થયા પછી એ બાળકો કામ કરવામાં મન નહિ પરોવી શકે અને ફરજ પડશે ત્યારે કચવાટ અને અત્યંત જાત અનવડ અનુભવશે. બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવા ઉપરાંત માતપિતાની ફરજ છે કે પોતાનાં બાળકોને ઘરનાં કામકાજમાં કુશળ બનાવે.

લેખકો :-શ્રીમતી **વાસંતીબેન બાલુભાઇ પંચોલી**
શ્રી બાલુભાઈ બી. ,,

કેળવણી અંગેના મહકના ફોર્મ મંત્રીશ્રી પાસેથી ચોગસ્ટની આખર તારીખ સુધીમા મોકલવા વિનંતી છે.

એસ. એસ. સી.માં પ્રથમ દ્વિતીય ક્રમાંક માટે એસ. એસ. સી.માં પાસ થયેલ વિદ્યાર્થી ભાઇ બહેનોએ પોતાના માર્કની બરી નકલ ઓગસ્ટની આખર તારીખ સુધીમાં મંત્રીશ્રીને મોકલવા વિનંતી છે.



રાજા અને ગુલામ

એક વખત એક રાજમાર્ગ ઉપર પિતાપુત્ર જતા હતા. એ જ વખતે રાજાની સવારી ત્યાંથી નીકળી. રાજાને ફરતા છ સિપાઈઓ હતા.

પુત્રે પિતાને પૂછ્યું : 'આ કોણ જાય છે ?'

પિતાએ કહ્યું : 'રાજા.'

થોડીવાર પછી એક ચોરને પકડીને રાજ્યના છ સિપાઈઓ એ માર્ગ પરથી પસાર થવા લાગ્યા.

એ જોઈ પુત્રે પિતાને પૂછ્યું : 'બાપુજી, આ કોણ છે ?'

પિતા કહે : 'આ ચોર છે, બેટા !'

આથી પુત્રને નવાઈ લાગી ! તેણે પિતાને પૂછ્યું : 'પહેલાં એક માણસ જતો હતો તેની સાથે છ સિપાઈઓ હતા. આ પછીના માણસ સાથે પણ છ સિપાઈઓ હતા. હવે પહેલાને તમે 'રાજા' તરીકે ઓળખાવો છો, જ્યારે બીજાને 'ચોર' તરીકે વર્ણવો છો. આમ કેમ બને ?'

પિતા કહે : 'બે વચ્ચે ફરક છે, મોટો ફરક છે.'

પુત્ર કહે : 'કયો ફરક ?'

પિતાએ કહ્યું : 'જે પહેલા માણસ સાથે છ સિપાઈઓ હતા તે છયે સિપાઈઓ એ માણસના તાબામાં છે. જ્યારે બીજા માણસ પોતે છ સિપાઈઓના તાબા હેઠળ હતો. એક શાસનકર્તા માણસ હતો અને બીજો ગુલામ હતો. તે જ પ્રમાણે આપણી છ ઈંદ્રિયો છ સિપાઈઓ છે. સંત એ છ યે ઈંદ્રિયો પર કાબૂ ધરાવે છે, જ્યારે સામાન્ય માનવીઓ એ છ ઈંદ્રિયોના ગુલામ હોય છે.'

શ્રી હસમુખકુમાર અંબેલાલ પંચોલી
વ્યારા. મોરલુ-૭. (જનકલ્યાણમાંથી)

શા માટે ?

આનંદી બનવું, ઉમંગી બનવું, દીલગીર બનવું શા માટે ?
હોશીયાર બનવું, મર્દ બનવું, નામર્દ બનવું શા માટે !
બહાદુર બનવું, ખંતિલ બનવું, કાયર બનવું શા માટે ?
ઉદ્યોગી બનવું, મહેનતું બનવું, આળસ કરવી શા માટે ?
વિદ્વાન બનવું, જ્ઞાની બનવું, અજ્ઞાન રહેવું શા માટે ?
વિચાર કરીને કામ જ કરવું, મૂર્ખ બનવું શા માટે ?
ધર્મી બનવું, પવિત્ર બનવું, અધર્મી બનવું શા માટે ?
ભોળા બનવું, ભણવું,–ગણવું, અભણ રહેવું શા માટે ?
ભલા બનવું, ભક્ત બનવું, પાપી બનવું શા માટે ?
સત્ય વદીને, સાચા બનવું, અસત્ય વદવું શા માટે ?
પ્રેમી બનવું, પ્રિય બનવું, અપ્રિય બનવું શા માટે ?
કામ કરો પણ 'નવયુગ' વાંચો, બેસી રહ્યા છો શા માટે ?

—**શ્રી ચંદ્રકાન્ત ચીમનલાલ પંચાલ**
(–સૌજ-ગણી)

દુઃખ ઉપર વિજય

જીવનમાં દુઃખ કદી આવે જ નહિ એ હકીકત કોઈને ય માટે શક્ય નથી. સંતોષ કેવળ એક જ વાતનો છે કે સહન કરેલું કષ્ટ કદી ય વ્યર્થ જતું નથી. પોતાની ઉપર પડતા તાપને પોતાની ભીતરમાં ખેંચીને વૃક્ષ જે રીતે મજબૂત અને સમૃદ્ધ બને છે. તે રીતે આપણે પણ દુઃખને ઉચિત રૂપમાં સહન કરીએ તો વિપત્તિ પણ આખરે તો અમૂલ્ય સંપત્તિનું રૂપ ધારણ કરે.!

મનુષ્યની મહત્તા પરિસ્થિતિના હ્રાસ અનુભવામાં નથી. પરિસ્થિતિ ઉપર પૂરેપૂરો કાબૂ મેળવવામાં છે. દુઃખની સર્વનાશક શક્તિ પર વિજય મેળવવાનું સામર્થ્ય કેવળ મનુષ્યમાં જ હોય છે. આ સામર્થ્યનું બીજું નામ વીરતા છે. ઈશ્વર આપણને દુઃખ સહેવાની શક્તિ આપે અને આપણાં દુઃખો આપણને નવીન દૃષ્ટિ આપનારાં નીવડે એવી જ મારી મનોકામના છે.

—**શ્રી ચંદ્રકાન્ત મગનલાલ પંચોલી** નવસારી.

અગત્યની જાહેરાત

૧. સુરત ભરાયેલ પંચમ અધિવેશન પ્રસંગે જે, દાનવીર ભાઈ-બહેનોએ પોતાનો ઉદ્ધાર ફાળો 'મહામંડળ'ના "કેળવણી ફંડ" "આર્થિક ફંડ"માં નોંધાવ્યો હોય અને જેમની રકમ મોકલવી બાકી હોય તેમણે આ અંગેની રકમો મુખ્ય અમલનગીશ્રીને સત્વરે મોકલી આપવા વિનંતી છે.

૨. સુરત ભરાયેલ પંચમ અધિવેશન પ્રસંગે જે દાનવીર ભાઈ-બહેનોએ પોતાનો ઉદ્ધાર ફાળો શ્રી પંચોલી નવયુગના "પ્રકાશન ફંડ"માં નોંધાવ્યો હોય અને જેમની રકમ મોકલવી બાકી હોય તેમણે શ્રી પંચોલી નવયુગના પ્રકાશન અમલનગીશ્રીને સત્વરે મોકલી આપવા વિનંતી છે.

તા.ક. આ અંગેની ફાળાની નોંધ તથા અને અમલનગીશ્રીઓના નામો—સરનામા આ અંકમાં અન્યત્ર આપેલ છે.


૩. ગયા "દ્વિપોત્સવી અંક"માં દેશમાં તથા દૂનિયાપાર વસતા આપણા સમાજના ભાઈ-બહેનોએ પોતાનો "નૂતન વર્ષાભિનંદન" સંદેશ તથા પોતાના વ્યવસાયની જાહેરાત આપી હોય તેમણે તેમની બાકી રકમ સત્વરે શ્રી પ્રકાશન અમલનગીશ્રીને મોકલવા વિનંતી છે.

૪. 'અધિવેશન અંક' પછીનો અંક "દ્વિપોત્સવી અંક" તરીકે બહાર પડશે. તો જે ભાઈ બહેનોની ઇચ્છા "નૂતન વર્ષાભિનંદન" સંદેશ તથા પોતાના વ્યવસાયની જાહેરાત આપવી હોય તેમણે ગત દ્વિપોત્સવી અંક જોઈ તે પ્રમાણે બ્લોક સૂચીત ફેરફાર સાથે મોકામાં મોકા તારીખ ૧૫-૯-૧૯૬૮ સુધીમાં તંત્રીશ્રીને મોકલી આપવા વિનંતી છે.

૫. જે ભાઈઓને 'પંચોલી નવયુગ'ના અંકો મોકલવામાં આવે છે તેમને જો સંખ્યા ઓછી લાગતી હોય યા વધુ પડતી હોય તો તંત્રીશ્રીને તરત જણાવવા વિનંતી છે. તો ભવિષ્યમાં સુચના પ્રમાણે અંકો મોકલવામાં આવશે.

૬. જે ભાઈઓના જૂના સરનામામાં ફેર પડયો હોય તેમણે પણ તંત્રીશ્રીને હાલનું નવું સરનામું જણાવવા વિનંતી છે.

તા.ક. ઉપરની બધી બાબતોમાં સહકાર આપી મહામંડળને મદદરૂપ થવા વિનંતી છે.



પ્રકાશન સમિતિ સહર્ષ રજુ કરે છે "નિબંધ હરિફાઈ" સમાજના ભાઈ-બહેનોને તેમાં ભાગ લેવા વિનંતી છે.

વિષય છે :—**આંતર જ્ઞાતિય લગ્નો—સમાજ પર તેની અસર**

—: શરતો :—

(૧) નિબંધ ૨૦૦ લીટી સુધી લખી શકાશે.

(૨) નિબંધ સ્પષ્ટ અક્ષરોમાં સુવાચ્ય રીતે લખેલો હોવો જોઈશે.

(૩) લીટીવાળા કાગળની એક બાજુ લખેલો હોવા જોઈશે.

(૪) જેમનો નિબંધ શ્રેષ્ઠ લેખાશે તે લેખક—લેખિકાને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે.

(૫) નિબંધ ગોઠામાં મોકા તા. ૩૧-૮-૬૮ સુધીમાં મોકલાયો હશે તે જ સ્વીકારવામાં આવશે.

(૬) નિબંધ તંત્રીશ્રીને બારોબાર મોકલવાનો રહેશે.

(૭) નિબંધના મથાળે કે નિબંધના નીચે પોતાનું નામ ન લખવું. પણ જુદા કાગળ ઉપર લખવું.

(૮) નિબંધ બે નકલમાં મોકલવો જરૂરી છે.

(૯) ટ્રાઈબ્યુનલ સંજોગોમાં નિબંધ પરત કરવામાં આવશે નહીં.

—"પ્રકાશન સમિતિ"



પેથાભાઈનો પોથી



અધ્યાય ૫—પેથાભાઈની અધિવેશન યાત્રા

રજુઆત :—શ્રી શાંતિલાલ ના. પંચોલી
(વડોદરા)

સવારના પહોરમાં મોઢામાં દાતણના ગોદો નાંખીને પડોશી જેઠાભાઇએ પેથાભાઈના ઘરમાં પૂણ્ય પ્રવેશ કર્યો અને રેવાબેનને હસ્યકાર્યા. "કેમ રેવાબેન અધિવેશનમાંથી પેથાભાઈ આવી ગયા કે નહિ?"

પેથાભાઈના ધર્મપત્નિ રેવાબેને જેઠાભાઈને આવકાર્યા. "આવો જેઠાભાઈ. આ તમારા ભાઇ અધિવેશનમાંથી આવ્યા તો છે પણ શું વાત કરું!"

"કેમ કાંઇ નવા જુની થઈ છે? તબીયત તો સારી છેને? કે પછી કાંઈ મોટી રકમનો ફાળો નોંધાવી આવ્યા? કે પછી એમનું બહુમાન થયું નહિ તેનું દુઃખ લાગ્યું?" જેઠાભાઇએ મજાક કરી.

રેવા બેને ઉતરેલા મોઢે જવાબ આપ્યો. "જેઠાભાઈ એવું તો કાંઈ થયું નથી પણ તમારા ભાઈ અધિવેશનમાંથી આવ્યા છે ત્યારથી, રઘવાયા રઘવાયા થઈ ગયા છે અને કાંઈ એવું એવું બોલે છે કે ના પુછો વાત, આ સાંભળો બાથરૂમમાં નહાવા બેઠા છે ત્યાં શું બબડે છે!"

જેઠાભાઈ બાથરૂમ નજીક જઈને ચુપચાપ સાંભળવા લાગ્યા. પેથાભાઈ બાથરૂમમાં નહાતા નહાતા પ્રાર્થના કરતા હતા. "હે ભગવાન અમારા સમાજનું રક્ષણ કરનાર હવે તું જ છે. અમારા સમાજનું અસ્તિત્વ રાખ્યું કે મીટાવી દેવું તારા જ હાથમાં છે. હે રામ તું કહે તે ખરું! ત્રણ-ચાર અપહરણ તો થઈ ગયાં. અમારા સમાજના કોલેજીયન છોકરાઓનું તું રક્ષણ કરજે. બીચારા છોકરાઓ શું કરે, લાચાર છે. છોકરીઓ આગળ તે બીચારા યુવાનોનું ચાલે પણ કેટલું. પેલી ઉષા અનિરૂદ્ધનું ઉંઘમાં હરણ કરી ગઈ હતી તેવા ઉધાણમી અમારા છોકરાઓનું તું રક્ષણ કરજે એવી હે પ્રભુ મારી અંતરની પ્રાર્થના છે. પેથાભાઇની પ્રાર્થના સાંભળીને જેઠાભાઈ તો બાપા જેવા થઈ ગયા. આ તે કેવું ગાંડપણ પેથાભાઇને લાગ્યું છે! બીચારા રેવાબેન જેઠાભાઇને કહે છે "ગઈ કાલે અધિવેશનમાંથી આવ્યા છે ત્યારથી કટકટ શરૂ કરી દીધી છે મને કહે છે આપણા મકાનની બધી બારીને પડદાઓ લગાવી દે અને આપણા પશા તરફ દેખરેખ રાખતી રહેજે નહિ તો આખો ને આખો છોકરો ઉપાડી દેવો પડશે. સમજી પશાની મા બસ એવું એવું બોલે છે કે કાંઈ સમજાતું જ નથી." રેવાબેન વાત કરતા હતા. એટલામાં જ પેથાભાઈ બાથરૂમમાંથી નાહિને ચોટલીની ગાંઠ વાળતા નિકળ્યા. બહાર આવતા રેવાબેનની વાત સાંભળી અને ભભૂકી ઉઠયા. "તમને બૈરાંઓને કાંઈ સમજાતું જ નથી એ તો જ્યારે આખો ને આખો છોકરો ઉપાડી જશે ત્યારે જ....."

રેવાબેન હવે તંગ આવી ગયાં હતાં તેમણે વાત કાપી નાંખતા કહ્યું. "હવે તમે કાંઈ ફોડ પાડીને વાત કરશો કે આવું ઢગધડા વગરનું બબડયા જ કરશો!

"અરે શું ઢગધડા વગરનું! નજરે જોએલી અને કાને સાંભળેલી વાત છે. અરે ચાર ચાર કલાક તો થયો ચાલી, તે કાંઈ અમસ્તી જ કે! અરે મુંબઇ અને સુરત તરફથી તો ત્રણ ચાર છોકરાઓને પેલીઓ ઉપાડી ગઈ ઓ ઘોળે દહાડે ઉપાડી ગઇ! અને બીચારા મા-બાપ જોતા જ રહી ગયા. આ કાંઈ રમતની

વાત નથી. આખા સમાજમાં હાહાકાર થઈ ગયો છે. અમે ચાર ચાર કલાક ચર્ચા કરી અને રસ્તો શોધવા માટે બીજે દિવસે વાડીમાં પચાસ ટયુશન ક્લાસોનું અજવાળું કર્યું પણ રસ્તો ના મળ્યો તે ના મળ્યો–હવે તો ભગવાન આપણા છોકરાઓનું રક્ષણ કરે. "હવે રેવાબેનને કંઈક સમજાયું તે બોલ્યા. "તે નાના છોકરાઓને મા-બાપ રખડતા મૂકે તો કોણ ભેળવીને ઉપાડી જ જનમને તેમાં નવાઈ શું!" "અરે રામ, બિરાંની બુદ્ધિ ક્યાં ગઈ!" પેથાભાઈએ નિસાસો નાંખ્યો અને બોલ્યા. "કહું છું કે નાના ભૂલકાંઓને નહિ પણ બીચારા પચાસ પચાસ વરસના ગભરૂ છોકરાઓને ચોવીસ ચોવીસ વરસની છોકરીઓ ભેળવી ગઈ કોલેજમાંથી બારોબાર...અરે આપણો પશો ક્યાં છે? કોલેજમાં ગયો! આટલો વહેલો સવારમાં! જો પશાની મા, હું તને કહી દઉં છું કે આપણા પશા તરફ નજર રાખજે. જો આ બારીઓને પડદા નંખાવી દે અને કોઈ છોકરીઓ આપણે ઘેર આવે તો પશાને રસોડામાં સંતાડી દેજે નહિ તો છોકરો ગુમાવવાનો વખત આવશે હોં કે, અને ખરો સવાલ તો છે આપણા સમાજના અસ્તિત્વનો સમજીને!" જેઠાભાઈને પણ હવે વાતમાં રસ પડયો હતો તે બોલ્યા. "પેથાભાઈ તમારી વાત તો ખરી છે. છોકરાઓ મોટા થાય એટલે નજર તો રાખવી પડે. તે હેં પેથાભાઈ, આખ્રેશનમાં ઘણો મોટો હોબાળો થયો હશે?"

"હોબાળાની શું વાત કરું, આર કલાક માંડ તુટી જાય એવી ચર્ચા ચાલી. એક ભાઈ તો ખુબ જુસ્સામાં આવીને બોલ્યા–છોકરાઓ ભલે આપઘાત કરે પણ આવાં લગ્નો નહિ થવા દેવાય." અને મેં પણ ગુસ્સામાં આવીને ભાષણ ઠોકી દીધું કે આવા આંતર જાતિય લગ્નો કરે તેવા છોકરાના મા–બાપોએ જો મુંબઈમાં રહેતા હોય તો વલસાડની બાજીમાં, સુરતમાં રહેતા હોય તો તાપીના પુલ ઉપરથી, વડોદરામાં રહેતા હોય તો સુરસાગરમાં અને અમદાવાદમાં રહેતા હોય તો સાબરમતીમાં કમરે ઘંટીનું પડ બાંધીને ડુબી મરવાનો જાહેર કાર્યક્રમ યોજવો જોઇએ. આવી અનિતિ–આવો અધર્મ! આપણે કેવી રીતે સહન કરી શકીએ? નરસિંહ મહેતા ઢેડવાડે ભજન કરવા જાય તે સંસ્કારી નાગર જાતિ કેવી રીતે સહન કરી શકે? મેવાડની રાણી મીરાં પગે ઘુંઘરૂ બાંધીને સાધુઓ સાથે નાચે તે મેવાડનો રાણો કેવી રીતે સહન કરે? તો પછી આપણે પંચોલી ભાઇઓ નાગર જાતિ અને મેવાડના રાણાથી કાંઇ ઉતરતા થોડા છીએ? હે ભગવાન, જગતમાં અતિ ઉત્તમ એવી આપણી પંચોળી જાતિનું શું થવા બેઠું છે? જેઠાભાઇ પ્રાંતદાસ કહે છે કે સામ્રાજ્યો અને મહાન પ્રજા ત્રણ તબક્કામાંથી પસાર થાય છે. પરિશ્રમ, ઉત્થાન અને પતન–આપણો મહાન પંચોળી સમાજ પરિશ્રમથી આગળ આવ્યો, અને આજે સમૃદ્ધિ, સંસ્કૃતિ અને પ્રગતિના ઉચ્ચ શિખર ઉપર બિરાજમાન થયો છે તેવા જ સમયે સોના પલાનના ભણકારા વાગતા હું સાંભળી રહ્યો છું. ગઇ કાલે આખી રાત આવા અનિષ્ટ ભાવિની કલ્પનામાં અને ઉંઘ નહિ આવવાથી, મારા હાથે સેંકડો માંકડોનો સંહાર થઇ ગયો, પરંતુ તેનો મને અફસોસ નથી, કારણ કે માંકડ મારવાનું મારૂં કૃત્ય પણ સમાજ સેવાનો એક ભાગ છે, એમ મારૂં માનવું છે. જેઠાભાઇ કહે "પેથાભાઇ તમારી સમાજ સેવાની ભાવનાની કદર કરીને સમાજ એક દિવસ તમારૂં બહુમાન જરૂર કરશે. અરે તમે ના, ના, કહેતા રહેશો અને મઘમઘતા ફૂલોના હાર તમારા ગળામાં પડી જશે સમાજના ઇતિહાસમાં. તમારી સેવા ભાવના સુવર્ણ અક્ષરોમાં નોંધાશે એવી મને ખાત્રી છે. જેઠાભાઇએ મસાણના ધુપેલા ચેરવા માંડયા તે ઉપરથી ખુશ થઈને પેથાભાઇએ જેઠાભાઇ માટે દૂધના મસાલાવાળી ચહા બનાવવા રેવાબેનને હુકમ આપ્યો અને ગંભીરતાથી બોલ્યા "મને પણ ઉંડે ઉંડે આશા છે કે સમાજ મારી સેવા ભાવનાઓની કદર વહેલા મોડા જરૂર કરશે. જો કે જેઠાભાઇ, તમારા જેવી નિષ્પક્ષ દ્રષ્ટિથી વિચાર કરનારા ઘણાં બેઠા હોય છે છતાં પણ મારૂં બહુમાન જરૂર થશે, મારાં વખાણ થશે મઘમઘતા ફૂલોનો હાર આપણો સમાજ પરાણે પહેરાવશે. ઇતિહાસમાં મારા....." વાત વંચી જતી જોઇ જેઠાભાઇએ પેથાભાઇને અટકાવ્યા અને કહ્યું. "પેથાભાઈ થોભો, તમોને વિચારવાયુ ચઢવા માંડયું છે માટે જરા બોલવાનું ઓછું કરો"

પેથાભાઈ ભાનમાં આવ્યા "હા બરોબર છે. ગયા મહિને, માધાભાઈને ત્યાં વિવાહનો પાટો બેસાડવા ગયેલો ત્યારે પણ આવું જ વિચારવાયુ ચઢી ગએલું...ઠીક, ઠીક, તો હું શું કહેતો હતો... ઇતિહાસ—આપણા સમાજનો ઇતિહાસ, ઘણા વર્ષોથી લખાય છે, હજુ લખવાનું ચાલું જ છે અને બીજા એક બે વર્ષ લખવાનું ચાલુ જ રહેશે, ચાલુ જ રહેશે...અહાહાહા, ઓહોહોહો...એ ઇતિહાસમાં આપણા સમાજનો ભવ્ય ભૂતકાળ આલેખાશે, તેમાં સમૃદ્ધિ અને પ્રગતિનો વર્તમાન સમય પણ નોંધાશે, પરંતુ ચ ફસોસ થાય છે કે આ ઇતિહાસના છેવટના પૃષ્ઠો ઉપર, આપણા છોકરાઓએ કરેલ આંતરજાતિય લગ્નોની કલંક કથા આપણા હાથે જ એ ઇતિહાસમાં આપણે લખવી પડશે...અફસોસ...અને હા એ ઇતિહાસ અંક પુરો થતાં પહેલાં તો કોણ જાણે કેટલાય નવજુવાનોનું અપહરણ થઈ ચુકયું હશે...શરમ શરમ!"

પેથાભાઈ આવેશમાં બોલી રહ્યા હતા તેમને અટકાવીને જેઠાભાઇએ પુછયું "આપણા બધા છોકરા એવા હોતા નથી અને છોકરીઓ પણ રસ્તામાં નથી પડી કે વાતવાતમાં પંચોલીના છોકરાઓને ભગાડી જાય."

પેથાભાઈ ગંભીરતાથી બોલ્યા "જેઠાભાઈ તમે સમજ્યા નહિ. આ તો એક છાંડુ પડયું એટલે પછી એવું જ ચાલવાનું. મને તો ખાનગીમા જણાયા મયું છે, કે આપણા પંચોલીના છોકરાને જોતા જ, છોકરીઓ એની પાછળ મધમાખીની જેમ લાગે છે. આપણા પંચોલીના કુંવર કેલૈયા જેવા છે કરાએ ને કોઈપણ છોકરી વાતવાતમાં ઉપાડી જ જવાની હોં કે " આ સાંભળીને જેઠાભાઈ મુછમાં હસી પડયા અને બોલ્યા : "તો પછી એક કરાત કરી નાંખો કે છોકરાઓને કોલેજમાં દાખલ કરવા જ નહિ."

પેથાભાઈને આ વાત ગમી. "જેઠાભાઈ ખરી વાત છે પણ પંચોલીના છોકરાને જરૂર કે છોકરી પાછળ પડે, ઉપાડી જાય અને ચોવીસ કલાકમાં લગ્ન...હે રામ આવું ને આવું ચાલશે તો આપણા પંચોલી સમાજનું નામોનિશાન ભુસાઇ જશે તેનું શું ?

રેવાબેન તો આ બધુ સાંભળીને રડી પડયા. "જેઠાભાઈ, આ તમારા ભાઈ સાચું કહે છે. આપણો છોકરો જાય, ઢાંકણીમાં પાણી લઇને ડુબી મરવું પડે અને આજરના કાંકરા થઈ જાય...પણ જેઠાભાઈ જાતિ તો ગંગા છે તે આપણને માફ નહિ કરે ?"

આ સાંભળીને પેથાભાઈની કમાન છટકી "શું બોલી પશાની મા, જે છોકરો, જે છોકરાના મા—બાપ અને જે છોકરાના સગાસબંધીઓ આવું અધમ કૃત્ય કરી આપણા સમાજને છીન્નભીન્ન કરવા બેઠા હોય તેમને માફ ? ધીક્કાર છે, શરમ છે."

"તો આપણા પશાને કોલેજમાંથી ઉઠાડી લ્યો અને દુકાને બેસાડો કાલે ઉઠીને કોઈ છોકરી આપણા પશાને પણ ભગાડી જાય. બજ્યું એ ભણતર અને મરે એ ભણાવનારા પણ." રેવાબેને ઉભરો ઠાલવ્યો.

જેઠાભાઇએ સલાહ આપી. "રેવાબેન ભણાવવો તો ખરો જ પણ બહાર જાય ત્યારે તમારા નાનકાને સાથે મોકલવો, બન્નરહાટ વધારે મોકલવો નહિ અને બારીઓને પડદા નંખાવી દ્યો એટલે પત્યું, પણ ભણાવવો ખરો જ. ભણતરની બાબતમાં આપણી દયાળુ સરકાર જેવી નીતિ રાખવી કે આપણા છોકરા પરદેશ જઇને અંગ્રેજી ભણે અને ગરીબ જનતાના છોકરાઓને અંગ્રેજી ભણતરની બંધી."

પેથાભાઈને આ બધી વાત ગમી નહિ તે બોલ્યા "જેઠાભાઇ આપણા સમાજનું નિકંદન નિકળી જાય તેવા મહત્વના વિષયને બદલે શિક્ષણ જેવી મામુલી વાત ઉપર તમે ચઢી ગયા તે બરોબર નથી. મારું તો માનવું છે કે કુમળા મગજો ઉપર બોટા સંસ્કાર નહિ પડે માટે છોકરા અને છોકરીઓ માટેના બાલમંદિરો જુદા હોવા જોઇએ. તમને ખબર છે કે લાલા ગજનુ, શિરિ—ફરહાદ અને અરે પશાની મા, તને ખબર છે ને કે ગજા। મારું અને મહેવંત સાવણીગાને પણ બાળમંદિરમાંથી જ પ્રેમ થઇ ગએલો. તેઓ બધા આખરે દુઃખી દુઃખી થઇને મર્યા. આ બધા દાખલા ઉપરથી સમજાશે કે હવે આપણા સમાજનું અસ્તિત્વ ભયમાં છે."

જેઠાભાઈએ કંઈક વિચાર કરી પુછ્યું : "પેથાભાઈ આપણા છોકરાને ઉચ્ચ જ્ઞાતિની સંસ્કારી શિક્ષિત છોકરી મળે તો કાંઈ વાંધો ખરો ?"

પેથાભાઇનું ક્રોધી ઉકળી આવ્યું "ના, ના; એ કદાપી નહિ બને. ઉચ્ચ જ્ઞાતિ, શિક્ષણ કે સંસ્કાર અમારે કાંઈ જોયતું નથી. અમારી ન્યાત તે ન્યાત, પરન્યાત નહિ, નહિ તે નહિ જ. એવા ગેરકાયદેસર દંપતિ-ઓએ અમારી લાશ ઉપરથી આગળ વધવું પડશે....પહેલા ઉંચ વરણ, પછી નીચ વરણ, પછી હરીજન અને છેવટ મુસલમાન...અરે આપણું પતન કયાં જઇને અટકશે ? આપણે આપણું અસ્તિત્વ ટકાવી રાખવું છે...અરે હા એક વાત યાદ આવી. મહા ભયાનક વાત. એક મુસલમાનની અટક પંચોલી છે! જેઠાભાઇ હવે તો તમે માનશોને કે દુનિયા રસાતળ જવાની તૈયારીમાં છે. અનીતિની હદ-અધર્મનું સામ્રાજ્ય! પંચોલી મુસલમાન!! મુસલમાન પંચોલી!!! દુનિયામાં બીજા કોઈની અટક પંચોલી હોઇ જ કેમ શકે ? હું આ બાબતમાં સરકારને લખવાનો છું, ધારાસભામાં લડવાનો છું કારણ આ આપણાં પંચોલી સમાજના અસ્તિત્વનો સવાલ છે."

આ વાત સાંભળીને રેવાબેન ગભરાયા. "અરે તમે મારી વાત તો સાંભળો. મારા બાપુજીની અટક છે તે પણ કાઢી નાંખવી પડશે કે ?"

પેથાભાઈ એ હુંકાર કર્યો. "હા, એમાં કાંઈ શંકા રાખવાની જરૂર નથી. તારા બાપુજી અને મારા પરમ પૂજ્ય સસરાજીને કહી દે, કે તમોને આપણી પંચોલી જ્ઞાતિનું જરા પણ અભિમાન હોય, આપણા સમાજનું અસ્તિત્વ ટકાવી રાખવું હોય, તો આજે જ અને અત્યારે જ તમારી એ કોળી-કણબીની અટક ઉપર ડામ્બરનો કુચડો લગાવી દો, તમારી દુકાનનું પાટીયું ઉંધુ ફેરવી દો, અને પવિત્ર એવી પંચોલી અટક ધારણ કરો." રેવાબેને ચોખવટ કરી કે મારા બાપુજી તો આપણી ન્યાતના પટેલ છે તો પણ અટક બદલવી પડશે !"

પેથાભાઇએ સ્પષ્ટ ના કરી. "તે જે હોય તે પરંતુ આપે પરન્યાતની અટકનો શબ્દ આપણી ન્યાતમાં નહિ જોઇએ. મને હવે ખ્યાલ આવે છે કે આપણી આવી બેદરકારીને લઇને જ મુસલમાનોએ આપણી પંચોલી અટક પચાવી પાડી હશે. હજારો ધન્યવાદ છે એ આપણા પંચોલી ભાઇને કે આવી મહત્વની બાબતનું સંશોધન કરવામાં તેમણે તનના કિમતી સમયનો ભોગ આપ્યો અને આપણા સમાજને વેળાસર ચેતવ્યો.

ત્રાહિમામ્, ત્રાહિમામ્, ત્રાહિમામ્-"બોલતા બોલતા પેથાભાઈ લાગણીવશ થઇ ઢળી પડયા અને લવારો કરવા માંડયા" બસ હવે તો નિકંદન નીકળી જવાનું, બે, ત્રણ, ચાર લગ્નો-હવે કયાંથી ઢંકે આપણો સમાજ, હું જોઇ લઇશ, જમાનજરતી...ના ના, શું સમજે છે એ લોકો પોતાના મગજમાં...હેં, આપણા જ ભાઈઓ છે. પછી શું.. સમજાવીશું. વિરોધ કરીશું...ના...સમજાવીશ, પગે પડીશ, આજે નહિ તો કાલે જરૂર સમજશે...આપણા ભાઈઓ છે...સમજુતિ...સ્નેહભાવ..."

આ બધું જોઈ, સાંભળીને રેવાબેન ગભરાઇ ગયા, જેઠાભાઈને ડોકટરને બોલાવા મોકલ્યા-ડોકટરે આવીને પેથાભાઈને તપાસ્યા અને કહ્યું કે "કાંઇ વાંધો નથી, હૃદય ઉપર કોઈક બાબતનો આઘાત લાગ્યો છે એટલે મગજ ઉપર બરાબર અસર છે-ગભરાવાની જરૂર નથી આ ઉંઘની ગોળી આપું છું. ચેનમાં ઉંઘી જશે એટલે મટી જશે. પેથાભાઈને ઉંઘની ગોળી આપવામાં આવી છતાં લવારો તો ચાલુ જ હતો કે મારે સમાજને જાગૃત કરવો છે-હું સમાજને જાગૃત કરીશ, મારે સમાજને જાગૃત કરવો પડશે જ" એ પ્રમાણે બબડતા બબડતા પેથાભાઈ પોતે જ ઉંઘી ગયા !

હવે ભાઈ તમે જ ન્યાય કરો કે સમાજને જાગૃત કરનારાઓ જ સંમોહનના ચેનમાં પડી ઉંઘવા માંડે ત્યારે સમાજની દશા કેવી થાય ? ? ?

ઇતિશ્રી પેથાભાઇની પોથી પ્રશણે પાંચમો, પંચમ અધિવેશન અધ્યાય સ પુર્ણ-અસ્તુ !

આંતર જ્ઞાતિય લગ્ન સમિતિ
* અહેવાલ *

પ્રતિ, નવસારી, તા ૨૦-૭-૬૮

કારોબારી સમિતિ,

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ.

મહામંડળના આદેશ અનુસાર આ સમિતિએ આંતર જ્ઞાતિય લગ્ન પરત્વે ઊંડી અને લાંબી વિચારણા કરી છે. સમિતિને લાગે છે કે આ પરિસ્થિતિ નિર્માણ કરવામાં **રાજકીય અને કેટલાંક અસામાજિક પરીબળો** પણ એ માટે જવાબદાર છે. છતાં આપણા સમાજની કક્ષાને ધ્યાનમાં લેતાં સમાજની એકતા અને વ્યવહાર જાળવવા સમિતિ આ પ્રશ્નને અતિ ગંભીરતાથી જુએ છે, અને તે પરત્વે નીચેના સૂચનોની ભલામણ કરે છે.

(૧) આંતર જ્ઞાતિય લગ્નો આપણી સામાજિક પ્રવૃત્તિઓમાં અવરોધ ઉત્પન્ન કરે છે. અને તેમાંથી સમાજનું વિભાગીકરણ થવાનો ભય રહે છે. આથી આંતર જ્ઞાતિય લગ્નો કરનાર યુવક—યુવતીઓને આપણી સામાજિક સંસ્થાઓના સભ્યપદેથી અને તેના લાભોથી વંચિત રાખવા.

(૨) આંતર જ્ઞાતિય લગ્નો માટે અમુક અંશે જવાબદાર નીચેની સામાજિક પરિસ્થિતિમાં સુધારણા કરવા ઘટતાં પગલાં ભરવા :—

(અ) લગ્નના મર્યાદિત વર્તુળનો વિસ્તાર વિકસાવવો.

(બ) લગ્ન અંગેના રૂઢીચુસ્ત રીત-રિવાજો અને લગ્ન પદ્ધતિમાં સરળતા લાવે એવા પરીવર્તનો કરવાં.

(ક) કન્યા શિક્ષણને ઉત્તેજન આપવા તેમની શૈક્ષણિક મદદોમાં વધારો કરવો.

(ડ) પંચોલી નવયુગ દ્વારા આવા વિચારોનો પ્રચાર કરવો.

લગ્ન એક રીતે વ્યક્તિની અંગત બાબુ છે. છતાં વ્યક્તિ પોતે સમાજનું એક અંગ હોઇ, લગ્નમાંથી પરિણમતી અનેક સમસ્યાઓ સામાજિક રૂપ ધારણ કરે છે, એ રીતે લગ્ન એક વ્યક્તિગત ઘટના હોવા ઉપરાંત સમાજની સ્થિરતા અને વ્યક્તિનો સામાજિક દરજ્જો તેના પર અવલંબે છે. આંતર જ્ઞાતિય લગ્નો તરફ અભિમુખ થતાં યુવકો એ દ્રષ્ટિથી આ સામાજિક સમસ્યાનું દીર્ઘદ્રષ્ટિ પૂર્વક મૂલ્યાંકન કરે એવી ચેતવણી સમિતિ ઉચ્ચારે છે.

લિ.

(૧) **શ્રી જયેન્દ્રભાઇ નટવરલાલ પંચોલી** (અમદાવાદ)
(૨) ,, **જીતેન્દ્ર નગીનદાસ મીસ્ત્રી** (મુંબઈ)
(૩) ,, **છગનલાલ ત્રીભોવનદાસ મીસ્ત્રી** (સુપા)
(૪) ,, **ડાહ્યાભાઇ દુર્લભભાઈ મીસ્ત્રી** (મુબઇ)
(૫) ,, **અમૃતલાલ સાકેરલાલ જરીવાલા** (સુરત)

આંતર જ્ઞાતિય લગ્ન સમિતિના સભ્યો.

તા. ૨૧-૭-૬૮ની કારોબારીની બેઠકમાં ચર્ચાને અંતે ૨૩ સભ્યો વિરુદ્ધ ૧ મતથી પસાર કરવામાં આવે છે અને સામાન્ય સભાને સુપ્રત કરે છે.

પ્રમુખ **શ્રી જયેન્દ્રભાઈ નટવરલાલ પંચોલી**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

આભાર !

આદી ઔદ્યોગ વસ્તુ ભંડાર, નવાપરા, પારસી શેરી, સુરતના વ્યવસ્થાપક શ્રી બહુભાઈ પટેલ તથા તેમના અન્ય કર્મચારી ભાઈઓના આપણે ખુબ આભારી છીએ.

તેઓ સુરત પ્રેસમાંથી પ્રુફો લાવવા તથા પ્રેસને પ્રુફો પહોંચાડવા તેમજ મહામંડળના અન્ય કાર્યો કરીને આપણને મદદરૂપ થાય છે.

—પ્રકાશન સમિતિ

મહામંડળ વર્તમાન–સુરત

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના માજી મુખ્ય ખજાનચી અને શ્રી પંચોલી સમસ્ત પંચ સુરતના ઉપ–પ્રમુખ શ્રી હીરાલાલ અમૃતલાલ મહેતાને શ્રી સુરત ડીસ્ટ્રીક્ટ કો-ઓ. બેન્ક લિ.ની નિઝર ખાતે બ્રાન્ચ મેનેજર તરીકે બઢતી મળતાં તેમણે તા. ૩–૬–૬૮ના રોજ પોતાનો નવો હોદ્દો સંભાળી લીધો છે.

અભિનંદન

સુરતના સ્વ. વિઠ્ઠલદાસ વલ્લભરામ ઝવેરી વિદ્યોત્તેજક ફંડ ટ્રસ્ટ તરફથી ચાલુ વર્ષે જ્ઞાતિના (સુરતના જ) વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકો વહેંચવામાં આવ્યા હતા.

આ પુસ્તકોની વહેંચણીનું કાર્ય શ્રી પંચોલી સેવા સદનમાં શ્રી ઈશ્વરલાલ ત્રિ. ગજ્જરે વિદ્યાર્થીઓના સહકારથી કર્યું હતું.

શ્રી પંચોલી સેવા સમાજ, સુરત દ્વારા સ્વ. પરમાનંદલાલ દામોદરદાસ ગજ્જરના સ્મરણાર્થે જ્ઞાતિના (સુરતના) વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુકો વહેંચવામાં આવી હતી.

આ નોટબુક વહેંચણીના કાર્યમાં શ્રી ઈશ્વરલાલ ત્રિ. ગજ્જર, શ્રી ભોગીલાલ મણીલાલ ગજ્જર, શ્રી ચંપકલાલ મોતીરામ ઝવેરી તથા શ્રી પ્રફુલ્લકુમાર શાંતિલાલ લાકડાવાળાએ સહકાર આપ્યો હતો.

મહામંડળ વર્તમાન અમદાવાદ

(૧) ધૂળેટીની ઉજવણી અંગે એક "પીકનીક પાર્ટી" અમદાવાદ સમાજ તરફથી શ્રી ભદ્રેશ્વર મહાદેવના મંદિરે યોજવામાં આવી હતી. સભ્યોએ ઘણા જ ઉત્સાહથી ભાગ લીધો હતો.

(૨) રામનવમીની ઉજવણી અંગે અમદાવાદ સમાજ તરફથી એક "ભોજન સમારંભ" શ્રી જયેન્દ્રભાઈ પંચોલીના નિવાસ સ્થાને યોજવામાં આવ્યો હતો.

(૩) તા. ૫–૫–૬૮ના રોજ શ્રી અશોકભાઈ દલસુખરામ પંચોલીના વિદેશગમન અંગેનો વિદાય સમારંભ એમના નિવાસસ્થાને શ્રી જયેન્દ્રભાઈ પંચોલીના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. શ્રી અશોકભાઈ તરફથી સભ્યોનો સત્કાર અલ્પહાર અને ઠંડાપીણાથી કરવામાં આવ્યો હતો. સભ્યોએ એમના વિદેશગમન અંગે શુભેચ્છા વ્યકત કરી હતી.

મંડળ વર્તમાન–રાજપીપળા

શ્રી પંચોલી સેવામંડળ રાજપીપળાની ૧૯૬૮/૬૯ની કાર્યવાહી સમિતિ.

પ્રમુખ : શ્રી ચેતનલાલ ધીરજલાલ પંચોલી
ઉપપ્રમુખ : ,, બાબુભાઈ મગનલાલ ,,
મંત્રી : ,, રઘુછોડભાઈ ગોવિંદભાઈ ,,
સહમંત્રી : ,, નટવરલાલ નારણદાસ ,,
ખજાનચી : ,, પ્રેમાનંદ ધનજીભાઈ ,,

સભ્યો :

શ્રી મનહરભાઈ લલ્લુભાઈ પંચોલી
,, મણીલાલ કાળીદાસ ,,
,, હીરાલાલ મૂળજીભાઈ ,,
,, ઈશ્વરલાલ કાળીદાસ ,,
,, છીતાલાલ મણીલાલ ,,
,, બાબુભાઈ ગોવિંદભાઈ ,,

ઓડીટર તરીકે (૧) શ્રી છગનલાલ ખુશાલદાસ તથા (૨) શ્રી છીતાલાલ જેઠાલાલની નિમણુંક કરવામાં આવી છે.

શ્રી પંચોલી સેવા મંડળ, રાજપીપળાની છત્રછાયા હેઠળ શ્રી નટવરલાલ મોતીલાલ ભરણવાલાના પ્રમુખપદે એક જ્ઞાતિજનોનો મેળાવડો યોજવામાં આવ્યો હતો અને તે પ્રસંગે કુમારી પદ્માબેન મફતલાલ મપારા કે જેઓ રાજપીપળા સેન્ટરમાં S.S.C. માં પ્રથમ આવ્યા હતા તે બદલ તેમનું બહુમાન થયું હતું તેમજ તેમને સ્ટીલના "થાળી–વાડકો" ભેટ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રી નટવરલાલ મોતીલાલ ભરણવાલાએ રૂા. ૧૦૧ શ્રી પં. સે. સ. રાજપીપળાને ભેટ આપી તેના આજીવન સભ્ય થયા હતા.

મહામંડળ વર્તમાન-નવાપુર

નવાપુરના શ્રી પોપટલાલ બાડીલાલ ગાંધીનું મુંબઇની તાતા મેમોરિયલ કેન્સર હોસ્પિટલમાં તા. ૩૧-૫-૬૮ને રોજ કેન્સરનું ઓપરેશન કરાવ્યા બાદ તા. ૪-૬-૬૮ને રોજ હોસ્પિટલમાં દુઃખદ અવસાન થયું હતું. તેઓ નવાપુર ગામના કાર્યકર્તા હોવાથી તેમનો મૃતદેહને નવાપુર લાવી તેમની સ્મશાન યાત્રા કાઢવામાં આવેલી અને ગામના ઘણા લોકો એ સ્મશાનયાત્રામાં જોડાયા હતા, તેમના અવસાનથી ગામને એક કાર્યકર્તાની ખોટ પડી છે. નવાપુરની અગ્રગણ્ય પેઢી મિલને એક સંનિષ્ઠ પ્રમાણિક મહેતાજીની ખોટ પડી છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

મુંબઈ-વર્તમાન

શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ તથા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના માજી પ્રમુખ શ્રી નરોતમદાસ મકનજી મીસ્ત્રીના સુપુત્ર શ્રી કમલ નયને ભાટિયા જ્ઞાતિના શ્રી વૃંદાવન જમનાદાસ કાપડિયાની સુપુત્રી લતાદેવી સાથે આર્ય સમાજ વિધિ પ્રમાણે "સુધારક લગ્ન" કર્યા છે. શ્રી કમલનયને આર્કીટેકચરની છેલ્લા વર્ષની પરીક્ષા આપી છે. શ્રી લતાદેવી ઈન્ટર કોમર્સ પાસ થયેલા છે.

તંત્રીશ્રીને પત્રો,

તંત્રીશ્રી,

વર્ષ-૭, અંક, ૧, માર્ચ-એપ્રીલ ૧૯૬૮ના અંકમાં પાનું નંબર ૭, પર "આત્મા શું છે" એ નું કાવ્ય, ગણદેવીથી ભરતકુમાર બંડુભાઈ મીસ્ત્રીએ લખ્યું છે. કાવ્યમાંનું બાળકું સુંદર છે, આઠલી નાની ઉમરે એક બાળકે ચિંતન કરીને કાવ્ય લખ્યું છે, જે પ્રશંસાને પાત્ર છે. બાળક બુદ્ધિ પ્રમાણે એણે જે લખ્યું છે તે યોગ્ય છે. એ કાવ્યના જવાબરૂપે આ સાથે એક કાવ્ય મોકલ્યું છે, જે કાવ્ય લખનારને તથા નવયુગના વાંચનારને સાધારણ ખુલાસો આપશે, અને સદ્‌ચિંતનમાં વધારો કરશે. કાવ્ય યોગ્ય લાગે તો નવયુગમાં પ્રગટ કરશો, પ્રકાશન સમિતિ આગળ મૂકશો.

આત્મા શું છે ?

નથી સૂર્યથી જુદો એનો પ્રકાશ,
નથી સાકરથી જુદી એની મીઠાશ. (૧)
નથી મીઠાથી જુદી એની ખારાશ,
નથી મરચાંથી જુદી એની તીખાશ. (૨)
નથી પાણીથી જુદી એની શિતળતા,
નથી ફુલોથી જુદી એની સુગંધતા. (૩)
નથી અન્નથી જુદુ એનું તત્વ,
નથી ઘીથી જુદુ એનું સત્વ. (૪)
વસ્તુઓમાં સત્વભર્યું, જે જાણી
શકે હરકોઇ,
જ્ઞાન આતમનું જાણી શકાશે,
જે જ્ઞાની, જનસંગ હોય. (૫)

લિ. વેણીલાલ ત્રિ. મીસ્ત્રી (મુંબઈ)

સમાજ પ્રત્યેનું ઋણ આવી રીતે અદા કરી ભાગ્યશાળી બનો

આ વખતનો "અધિવેશન-વિશેષાંક" સ્વર્ગસ્થ શ્રી હલસુખરામ મોરારજી પંચોલી, અમદાવાદના સ્મરણાર્થે તેમના આપ્તજનો તરફથી અર્પણ થયો છે. તેમના આવા શુભ કાર્યબદલ આપણે સૌ તેઓના આભારી છીએ.

લિ.

શ્રી જયેન્દ્ર નટવરલાલ પંચોલી
(અમદાવાદ)
પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

જન્મ

મુંબઇના શ્રી ગુલાબદાસ ઇચ્છારામ કાપડીઆને ત્યાં પુત્ર જન્મ. માતા શ્રી લીલાવતી.

સુરતના શ્રી જયંતિલાલ મગનલાલને ત્યાં પુત્ર જન્મ તા. ૨૨-૪-૬૮. માતા જયવિદ્યાબેન

સુરતના શ્રી કેશવલાલ દયારામને ત્યાં પુત્રી જન્મ તા. ૧૦-૬-૬૮. માતા ગુલાબબેન.

સુરતના શ્રી મનહરલાલ ગુલાબદાસને ત્યાં પુત્રી જન્મ. માતા નર્મદાબેન.

બારાના શ્રી મોહનલાલ જયજીવનદાસ (બુહારી-વાળા)ને ત્યાં પુત્રી જન્મ તા. ૨-૫-૬૮. માતા શ્યામત્રાબેન.

બારાના શ્રી જયંતિલાલ ઠાકોરલાલ ગાંધીને ત્યાં પુત્રી જન્મ. માતા શ્રી રમીલાબેન.

રાજપીપળાના શ્રી બળવંતરાય મગનલાલને ત્યાં પુત્ર જન્મ. માતા તરલતાબેન.

રાજપીપળાના શ્રી ગજેન્દ્રભાઇ વલ્લભભાઇ મથારાને ત્યાં પુત્ર જન્મ તા. ૧૮-૬-૬૮. માતા જયોત્સનાબેન.

નવાપુરના શ્રી ઈશ્વરલાલ મંછુલાલ શાસ્ત્રીને ત્યાં પુત્રી જન્મ તા. ૯-૭-૬૮. માતા રંજનાબેન

સીસોદ્રાના શ્રી માણેકલાલ નરોત્તમદાસ પંચોલીને ત્યાં પુત્રી જન્મ તા. ૪-૭-૬૮ માતા શાંતાબેન.

વેવિશાળ

મુંબઇ નિવાસી શ્રી લલ્લુભાઇ જીવણજી મીસ્ત્રીના સુપુત્ર શ્રી ભરતકુમારના વેવીશાળ સુરત નિવાસી શ્રી મણીલાલ ભીખાભાઇ ગજ્જરની સુપુત્રી જયાગૌરી સાથે થયાં તા. ૩૦-૫-૬૮.

સુરત નિવાસી શ્રી ચંપકલાલ નાગરદાસ ડવાલાના સુપુત્ર શ્રી ચંદ્રકાંતના વેવીશાળ સુરત નિવાસી શ્રી બળવંતરાય મૂલચંદદાસ મીસ્ત્રીની સુપુત્રી જયોત્સનાબેન સાથે થયાં તા. ૩-૭-૬૮.

સુરત નિવાસી શ્રી દિલીપકુમાર ઇચ્છારામ મીસ્ત્રીના વેવીશાળ સુરત નિવાસી શ્રી મોહનલાલ ઝીણાભાઇ જરીવાળાની સુપુત્રી ઇલાક્ષીબેનના સાથે થયાં તા. ૩૦-૬-૬૮.

બારડોલી નિવાસી શ્રી અંબુભાઇ છગનલાલ મીસ્ત્રીના સુપુત્ર શ્રી નરેન્દ્રકુમારના વેવીશાળ બીલીમોરા નિવાસી શ્રી સ્વ. રઘુછોડજી છીણાભાઇ મીસ્ત્રીની સુપુત્રી પદ્માબેન સાથે થયાં તા. ૨૬-૫-૬૮.

નવાપુર નિવાસી શ્રી વાડીલાલ ખુશાલદાસ ગાંધીના સુપુત્ર શ્રી ઇન્દ્રવદનના વેવીશાળ સુરત નિવાસી શ્રી બીખાભાઇ ઇચ્છારામ જરીવાળાની સુપુત્રી હંસાબેન સાથે થયાં તા. ૨૫-૪-૬૮.

લગ્ન

મુંબઇ નિવાસી શ્રી હરગોવિંદદાસ વલ્લભરામ મીસ્ત્રીના સુપત્ર રજનીકાંતના લગ્ન મુંબઇ નિવાસી શ્રી બીબુભાઇ ગુલાબદાસ મીસ્ત્રીની સુપુત્રી શારદાબેન સાથે થયાં તા. ૧૦-૫-૬૮.

રાજપીપળા નિવાસી શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ પંચોલી (S. I.) ના લગ્ન બહાદુરપુર નિવાસી શ્રી ચીમનલાલ લલ્લુભાઇ પંચોલીની સુપુત્રી કોકીલાબેન (P. T. C. ટ્રેઇન્ડ) સાથે થયાં તા. ૨૧-૫-૬૮.

રાજપીપળા નિવાસી શ્રી જેકીશનદાસ છગનલાલ પંચોલીના સુપત્ર શ્રી રમેશચંદ્રના લગ્ન રાજપીપળા નિવાસી શ્રી બળદેવદાસ નરોત્તમદાસની સુપુત્રી સુધાબેન સાથે થયાં તા. ૭-૬-૬૮.

જંબુગામ નિવાસી શ્રી ચંદુલાલ ચુનીલાલ પંચોલીના સુપુત્ર શ્રી હસમુખભાઇના લગ્ન જેતપુર નિવાસી શ્રી લલ્લુભાઇ મગનલાલ પંચોલીની સુપુત્રી ચંપાબેન સાથે થયાં.

પરદેશગમન—આગમન

વડોદરાના શ્રી ગણપતભાઇ દામોદરદાસ તારીખ ૨૦-૪-૬૮ના રોજ સહકુટુંબ નૈરોબીથી આવ્યા છે.

નવસારીના શ્રી રમાકાંત ગણપતભાઇ તારીખ ૧૬-૬-૬૮ના રોજ નૈરોબીથી આવ્યા છે.

નવાપુરના શ્રીમતી શાંતાબેન છગનલાલ પંચોલી તા. ૧૪-૬-૬૮ના રોજ લીસ્ટર ગયા છે.

નવસારીના શ્રી ચુનીલાલ નરોત્તમદાસ પંચોલીની પુત્રી તા. ૧૪-૭-૬૮ના રોજ વિમાન દ્વારા ઇંગ્લેન્ડ ગયા છે.

મરણ

મુંબઇના શ્રી મનુભાઈ ફકીરભાઇ મીસ્ત્રીના ફોઇબા ધનુબેન દેવલોક પામ્યા છે. ઉંમર ૭૦ વર્ષ. તારીખ ૧૧-૫-૬૮.

સુરતના શ્રી નાગજીભાઈ નાથુભાઈના ભાઈશ્રી મગનભાઇ દેવલોક પામ્યા છે. તા. ૨૯-૫-૬૮.

વ્યારાના શ્રી અમૃતલાલ મગનલાલ મીસ્ત્રીની પુત્રી દેવલોક પામ્યા છે.

વ્યારાના શ્રી ભીખુભાઇ ગાંડાભાઇ પંચોલી છાપરા પરથી પડી જવાથી દેવલોક પામ્યા છે. ઉંમર ૪૦ વર્ષ તા. ૮-૬-૬૮.

નવસારીના શ્રી નરોત્તમદાસ ગોકળદાસ દેવલોક પામ્યા છે. તા. ૧૩-૬-૬૮.

નવાપુરના શ્રી વાડીલાલ ખુશાલદાસ ગાંધીના પુત્ર પોપટલાલ મુંબઇ મુકામે દેવલોક થયા છે. ઉંમર ૪૨ વર્ષ. તા. ૪-૬-૬૮.

નવાપુરના શ્રી છબીલદાસ રામજીભાઈ પંચોલીનાં બેન મણીબેન દેવલોક પામ્યા છે. તા. ૮-૫-૬૮.

બીલીમોરાના શ્રી રતિલાલ ઠાકોરભાઇ પંચોલીના પુત્ર દેવલોક પામ્યા છે. ઉંમર ૨ માસ. તા. ૧૫-૫-૬૮.

હજરાઇના શ્રી ફકીરભાઈ ગુલાબદાસ મીસ્ત્રીના માતા ભાણીબેન દેવલોક પામ્યા છે. તા. ૮-૫-૬૮.

સુરતના શ્રી શાંતિલાલ છબીલદાસ દેવલોક પામ્યા છે. ઉંમર ૪૦ વર્ષ તા. ૧૪-૭-૬૮.

ગણદેવીના શ્રી ગુલાબભાઈ ઝીણાભાઇ કંપડિયાના માતા રતનબેન દેવલોક પામ્યા છે. તા. ૨૦-૭-૬૮.

પ્રગતિ

શ્રી પદ્મકાંત મફતલાલ બપારા, રાજપીપળા B E. Electrical II Class (સરકાર તરફથી રૂા. ૧૬૫૦-૦૦ સ્કોલરશીપ મળી છે.)

,, દિનેશચંદ્ર મણીલાલ પંચોલી, રાજપીપળા B. Sc. II Class.

,, વિરેન્દ્ર વલ્લભદાસ બપારા ,, B. A. II Class.

કુમારી મનોરમા મકનદાસ મીસ્ત્રી નવાપુર B. A. II Class.

શ્રી વસંતલાલ ચુનીલાલ પંચોલી વ્યારા B.A.IIIClass

,, પુરુષોત્તમ કાલિદાસ ,, સંબેડા ,, ,,

,, ઠાકોરભાઈ કંચનલાલ ,, રાજપીપળા ,, ,,

,, શશિકાન્ત હીરાલાલ ,, સંબેડા B. E. Chemical I Class.

,, ભોગીલાલ જી. પંચોલી. વડોદરા B. Com. I Class.

કુમારી મધુરી વિષ્ણુપ્રસાદ ઘડીઆલી, નવસારી Sy. B. Sc II Class.

શ્રી શાંતિલાલ છગનલાલ પંચોલી, બારડોલી Sy. B. Sc I Class.

,, નવીનકુમાર ચીમનલાલ પંચોલી, છોટાઉદેપુર Sy. B. Sc. I Class.

,, વિનોદકુમાર પરમાનંદ પંચોલી, વ્યારા Sy. B. Sc. II Class.

,, અરવિંદકુમાર દલસખરામ પંચોલી, ભાટપુર Sy. B A. II Class.

,, બિપીનચંદ્ર જમનાદાસ પંચોલી, વ્યારા Sy. B. A. II Class.

,, ચંપકલાલ છોટાલાલ પંચોલી, ભાટપુર Sy. B. A. II Class

,, ધીરજલાલ ભગવાનદાસ પંચોલી, વ્યારા Sy B Com. II Class.

,, નરેન્દ્રકુમાર ભગવાનદાસ પંચોલી, બીલીમોરા Ty. B. E. ૫૫ %

,, નરેશચંદ્ર સોમાભાઈ ,, રાજપીપળા Fy. B. A. II Class.

,, પ્રવિણચંદ્ર હિંમતલાલ ,, અમદાવાદ Fy. B. A II Class

કુમારી કાશ્મીરા કુંદનલાલ મોદી, બીલીમોરા Fy B. A. II Class.

,, કાશ્મીરા નરોત્તમદાસ મીસ્ત્રી, મુંબઈ Fy B. A. પાસ.

શ્રી ગીરીશચંદ્ર બાબુભાઈ પંચોલી, રાજપીપળા P. Sc. II Class.

,, દક્તુભાઈ મંગુભાઇ ,, ,, P. Sc. II Class.

નવાપુરનું ગૌરવ



કુ. મનોરમા મકનદાસ મીસ્ત્રી
B. A. II CLASS

રાજપીપળાનું ગૌરવ



કુ. પદમાબેન મફતલાલ મપારા
ચાલુ વર્ષે S. S. C. માં ૭૬ ટકા માર્ક મેળવી રાજપીપળા સેન્ટરમાં પ્રથમ આવ્યા.

આવતી કાલનો 'અધિર'



'અનિયકુમાર'
—: પિતા :—
અમૃતલાલ છગનલાલ પંચોલી
—: માતા :—
જયવંતીબેન
મુંબઈ

અમદાવાદનું ગૌરવ



કુ. કમલેશ મણીલાલ પંચોલી
S.S.C.માં પ્રથમ (૧૯૬૯-૭૦)

મુંબઈનું ગૌરવ



કુ. રશ્મિન ભગવાનદાસ મીસ્ત્રી
S. S. C.માં દ્વિતીય (૧૯૬૯-૭૦)

પોતાની મહામંડળને આપેલ લોનો વધુ ૫ વર્ષ યા અનુકૂળ વર્ષ માટે ચાલુ રાખવા આધિવેશન પ્રસંગે સંમતિ આપનાર નીચેના લોનદાતાઓનો મહામંડળ આભાર માને છે.

નામ	ગામ	રકમ	કેટલા વર્ષ માટે
શ્રીમતી લલીતાબેન છગનલાલ મીસ્ત્રી,	સુપા	૧૫૦૦	૩
શ્રી ચંપકલાલ મોતીરામ મીસ્ત્રી,	મુંબઈ	૨૦૦	૫
,, છગનભાઈ ઘેલાભાઈ	,, ,,	૨૦૦	૫
,, મધુસુદન મકનદાસ	,, ,,	૨૦૦	૫
શ્રીમતી લીલાવતી છગનલાલ	,, ,,	૧૦૦	૫
શ્રી મણીલાલ કુંવરજી	,, ,,	૧૦૦	૫
,, સુનીલાલ છગનલાલ પંચોલી	,, ,,	૧૦૦	૫
,, પરમાનંદ રામજીભાઇ	,, ,,	૧૦૦	૫
,, શાંતિલાલ નાથુભાઈ	,, વડોદરા	૧૦૦	૫
,, અમૃતભાઇ છગનલાલ	,, મુંબઇ	૧૦૦	૫
,, કુમાર અમૃતલાલ	,, અમદાવાદ	૧૦૦	૫
શ્રીમતી લલીતાબેન છગનલાલ મીસ્ત્રી,	સુપા	૧૦૦	૩
શ્રી હિંમતલાલ ત્રિભોવનદાસ	,, નવસારી	૧૦૧	૫
,, ચુલાબભાઈ ભૂલાભાઈ	,, ,,	૧૦૧	૩
,, છગનભાઇ ત્રિભોવનદાસ	,, સુપા	૧૦૦	૫
,, ડાહ્યાભાઇ ભાણુભાઈ	,, નવસારી	૨૫	૫

ઉપર સિવાયના પણ ઘણા ભાઈ બહેનોએ પોતાની લોન વધુ સમય માટે ચાલુ રાખવા ઈચ્છા પ્રગટ કરી છે તેમના શુભ નામો આવતા અંકે જાહેર કરવામાં આવશે

અગત્યના સરનામા

૧. **પ્રમુખશ્રી**

શ્રી જયેન્દ્ર નટવરલાલ પંચોલી,
૪-B, શારદા સોસાયટી, અમદાવાદ ૭.

૨. **મહામંત્રીશ્રી**

(મહામંડળનું હંગામી સરનામું)
શ્રી કુમાર અમૃતલાલ મીસ્ત્રી,
૯, રાજનગર સોસાયટી, સંસ્કાર કેન્દ્ર સામે,
અમદાવાદ-૭.

૩. **મુખ્ય ખજાનચીશ્રી**

શ્રી ચંપકલાલ મોતીરામ મીસ્ત્રી,
જલારામ નગર, ગાંધવાલા ચાલ, મંડપેશ્વર
રોડ, બોરીવલી, (W.) મુંબઈ-૯૨.

૪. **તંત્રી-નવયુગ પ્રકાશન ખજાનચીશ્રી**

શ્રી ભગવાનદાસ મકનજી મીસ્ત્રી,
સ્વરાજ આશ્રમ, પો. બારડોલી-૨. જિ. સુરત.

— પ્રકાશન સમીતીના સભ્યો :—

૧. શ્રી છગનલાલ ત્રિભોવનદાસ મીસ્ત્રી,
નાયણ ધજનેર, નહેર ખાતુ,
પો. સુપા બોર્ડિંગ, જિ. વલસાડ

૨. શ્રી પ્રશાંત વિઠ્ઠલદાસ ગાંધી,
જવાહર ચોક, બજારમાં, પો. વ્યારા જિ. સુરત.

૩. શ્રી શાંતિલાલ નાથુભાઈ પંચોલી,
પંચોલી ગાજ ઘર, શિવાજી રોડ, વડોદરા

મહામંડળના અધિકૃત એકમોના સરનામા

(મુંબઈ) *

શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ.
૪૫૮, સીધી લેન, મુંબઇ-૪.

(સુરત) *

શ્રી પંચોલી સેવા સમાજ, સુરત.
હરિપુરા, પંચોલી શેરી, સુરત.

(અમદાવાદ)

(મહામંત્રીશ્રીના સરનામા પ્રમાણે)

(વ્યારા) *

શ્રી પંચોલી સેવા મંડળ, વ્યારા.
C/o. શ્રી અમૃતલાલ મગનલાલ લોખંડવાલા
બજારમાં, પો. વ્યારા. જિ. સુરત.

(બારડોલી)

(તંત્રીશ્રી નવયુગ પ્રકાશન ખજાનચી પ્રમાણે)

(નવસારી) *

શ્રી પંચોલી સેવા સમાજ, નવસારી.
C/o. શ્રી નટવરલાલ લલ્લુભાઈ પંચોલી
ગોલવાડ, પો. નવસારી. જિ. વલસાડ.

પોતાની મહામંડળને આપેલ લોનો વધુ ૫ વર્ષ યા અનુકૂળ વર્ષ માટે ચાલુ રાખવા આધિવેશન પ્રસંગે સંમતિ આપનાર નીચેના લોનદાતાઓનો મહામંડળ આભાર માને છે.

નામ	ગામ	રકમ	કેટલા વર્ષ માટે
શ્રીમતી લલીતાબેન છગનલાલ મીસ્ત્રી,	સુપા	૧૫૦૦	૩
શ્રી ચંપકલાલ મોતીરામ મીસ્ત્રી,	મુંબઈ	૨૦૦	૫
,, છગનભાઈ ઘેલાભાઈ	,, ,,	૨૦૦	૫
,, મધુસુદન મકનદાસ	,, ,,	૨૦૦	૫
શ્રીમતી લીલાવતી છગનલાલ	,, ,,	૧૦૦	૫
શ્રી મણીલાલ કુંવરજી	,, ,,	૧૦૦	૫
,, સુનીલાલ છગનલાલ પંચોલી	,, ,,	૧૦૦	૫
,, પરમાનંદ રામજીભાઇ	,, ,,	૧૦૦	૫
,, શાંતિલાલ નાથુભાઈ	,, વડોદરા	૧૦૦	૫
,, અમૃતભાઇ છગનલાલ	,, મુંબઇ	૧૦૦	૫
,, કુમાર અમૃતલાલ	,, અમદાવાદ	૧૦૦	૫
શ્રીમતી લલીતાબેન છગનલાલ મીસ્ત્રી,	સુપા	૧૦૦	૩
શ્રી હિંમતલાલ ત્રિભોવનદાસ	,, નવસારી	૧૦૧	૫
,, ચુલાબભાઈ ભૂલાભાઈ	,, ,,	૧૦૧	૩
,, છગનભાઇ ત્રિભોવનદાસ	,, સુપા	૧૦૦	૫
,, ડાહ્યાભાઇ ભાણુભાઈ	,, નવસારી	૨૫	૫

ઉપર સિવાયના પણ ઘણા ભાઈ બહેનોએ પોતાની લોન વધુ સમય માટે ચાલુ રાખવા ઈચ્છા પ્રગટ કરી છે તેમના શુભ નામો આવતા અંકે જાહેર કરવામાં આવશે

અગત્યના સરનામા

૧. **પ્રમુખશ્રી**

શ્રી જયેન્દ્ર નટવરલાલ પંચોલી,
૪-B, શારદા સોસાયટી, અમદાવાદ ૭.

૨. **મહામંત્રીશ્રી**

(મહામંડળનું હંગામી સરનામું)
શ્રી કુમાર અમૃતલાલ મીસ્ત્રી,
૯, રાજનગર સોસાયટી, સંસ્કાર કેન્દ્ર સામે,
અમદાવાદ-૭.

૩. **મુખ્ય ખજાનચીશ્રી**

શ્રી ચંપકલાલ મોતીરામ મીસ્ત્રી,
જલારામ નગર, ગાંધવાલા ચાલ, મંડપેશ્વર
રોડ, બોરીવલી, (W.) મુંબઈ-૯૨.

૪. **તંત્રી-નવયુગ પ્રકાશન ખજાનચીશ્રી**

શ્રી ભગવાનદાસ મકનજી મીસ્ત્રી,
સ્વરાજ આશ્રમ, પો. બારડોલી-૨. જિ. સુરત.

— પ્રકાશન સમીતીના સભ્યો :—

૧. શ્રી છગનલાલ ત્રિભોવનદાસ મીસ્ત્રી,
નાયણ ધજનેર, નહેર ખાતુ,
પો. સુપા બોર્ડિંગ, જિ. વલસાડ

૨. શ્રી પ્રશાંત વિઠ્ઠલદાસ ગાંધી,
જવાહર ચોક, બજારમાં, પો. વ્યારા જિ. સુરત.

૩. શ્રી શાંતિલાલ નાથુભાઈ પંચોલી,
પંચોલી ગાજ ઘર, શિવાજી રોડ, વડોદરા

મહામંડળના અધિકૃત એકમોના સરનામા

(મુંબઈ) *

શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ.
૪૫૮, સીધી લેન, મુંબઇ-૪.

(સુરત) *

શ્રી પંચોલી સેવા સમાજ, સુરત.
હરિપુરા, પંચોલી શેરી, સુરત.

(અમદાવાદ)

(મહામંત્રીશ્રીના સરનામા પ્રમાણે)

(વ્યારા) *

શ્રી પંચોલી સેવા મંડળ, વ્યારા.
C/o. શ્રી અમૃતલાલ મગનલાલ લોખંડવાલા
બજારમાં, પો. વ્યારા. જિ. સુરત.

(બારડોલી)

(તંત્રીશ્રી નવયુગ પ્રકાશન ખજાનચી પ્રમાણે)

(નવસારી) *

શ્રી પંચોલી સેવા સમાજ, નવસારી.
C/o. શ્રી નટવરલાલ લલ્લુભાઈ પંચોલી
ગોલવાડ, પો. નવસારી. જિ. વલસાડ.

અનુકરણીય દાન !



રાજ પીપળાના (હાલ ભરથ)ના શ્રી નટવરલાલ મોતીલાલ પંચોલી તરફથી 'કેળવણી ફંડ'માં રૂ. ૬,૦૧૦-૦૦ મળ્યા છે. તેઓશ્રીએ દર વર્ષે દસ વર્ષ સુધી રૂ. ૧૦૧) આપવાનું જાહેર કર્યું હતું. પણ તેમ ન કરતાં એક સામટી રકમ આપી દઈ મહામંડળને ખુબ મદદકર્તા બન્યા છે. મહામંડળ તેમનું ખુબ આભારી છે.

"વડોદરાનું ગૌરવ"



શ્રી ભોગીલાલ છ. પંચોલી
(વડોદરા)
B Com I CLASS

"સંજેટાનું ગૌરવ"



શ્રી પુરૂષોત્તમદાસ કાલીદાસ પંચોલી
(સંજેટા)
B A II CLASS

નવાપુર

શ્રી પંચોલી રોવા સમાજ, નવાપુર
C/o. શ્રી હીરાલાલ મકનદાસ મીસ્ત્રી,
બજારમાં, પો. નવાપુર. જિ. ધુલિયા.
(વાયા–સુરત) ટી. વી. રેલ્વે

* શ્રી પંચોલી ભગિની સમાજ, મુંબઈ.
C/o. ,, પં. સે. સમાજ, ,,
* ,, પચોલી ભગિની સમાજ, સુરત.
C/o. ,, પં. સે. સમાજ, ,,
* ,, પંચોલી ભગિની સમાજ. વ્યારા.
C/o. ,, પં. રો. મંડળ, ,,
* ,, પંચોલી ભગિની સમાજ, નવસારી.
C/o. ,, પં. સે. સમાજ, ,,

—: અખબારપત્રીઓના સરનામા :—

(મુંબઇ)

શ્રી ભીમક આર. પંચોલી,
C/o. મે. ઉષા ટ્રેડર્સ. ૨૭–ડી. માહેલા પટેલ
અગિયારી લેન, સાંઢ રોડ, મુંબઈ ૭.

(સુરત)

શ્રી ભોગીલાલ મણીલાલ ગજ્જર,
હરિપુરા, ઘોબીશેરી, સુરત.

(બીલીમોરા)

શ્રી ત્રિભોવનદાસ રણછોડજી મહેતા,
૨૭૮૧, બીજી રોડ, પો બીલીમોરા જી–વલસાડ

(અમદાવાદ)

C/o. મદદમંત્રીના સરનામા પ્રમાણે

(વડોદરા)

વડોદરાના પ્રચારાર્થ સમિતિ સભ્યના સરનામા પ્રમાણે

(રાજપીપળા)

શ્રી રણછોડજી જી. પંચોલી,
અનસૂયા ભવન, લુહાર ફળિયું, પો રાજપીપળા.
જિ. ભરૂચ

(સંખેડા)

શ્રી ભોગીલાલ મૂળજીભાઈ પંચોલી,
મુ. છીપવાડ. પો સંખેડા. જિ. વડોદરા.

(વ્યારા)

શ્રી ચંપકલાલ ખુશાલદાસ પંચોલી,
ગાયકવાડ ફળીયું, પો. વ્યારા. જિ–સુરત.

(નવાપુર)

શ્રી ઇન્દ્રવદન વાડીલાલ ગાંધી,
પટેલ ફળીયું, પો. નવાપુર. જિ–ધુલિયા.
(વાયા–સુરત) ટી. વી. રેલ્વે

(નવસારી)

શ્રી શાંતિલાલ મણીલાલ પંચોલી
C/o. મણીલાલ પ્રાણજીવનદાસ મીસ્ત્રી
બજારવાડ મહોલ્લો, ટાવર પાછળ, નવસારી.

=આખરી વિનંતી=

પંચોલી
નવયુગના છેલ્લા
બે અંકોમાં 'જ્ઞાનયજ્ઞ'
અંગેના પત્રકો ભરી મોક-
લવા સમાજના શિક્ષીત ભાઇ-
બહેનોને વિનંતી કરવા છતાં ખેદ અને
દુઃખની સાથે જણાવવું પડે છે કે તેઓએ
જોઇતો સહકાર આપ્યો નથી ! આજ દિન સુધીમાં
ફક્ત ૪૦–૫૦ પત્રકો જ ભરાઈને આવ્યા છે! તેમ છતાં
એક વધુ તક આપવાને ઇરાદે આ અંકમાં 'જ્ઞાનયજ્ઞ'
પત્રક સામેલ કરવામાં આવ્યું છે અને જોઇતી
માહિતી ભરીને તા. ૩૧–૮–૬૮ સુધીમાં
મોકલવાની મુદત લંબાવવામાં
આવે છે. ૩૧–૮–૬૮ સુધીમાં
પત્રકો ભરીને મોકલ-
નાર 'શિક્ષીત'
ભાઇ–બહેનોના
નામો આગામી અંકમાં
પ્રગટ કરવામાં આવશે. ૩૧–૮–૬૮
પછી આવેલ પત્રકો સ્વીકારવામાં આવશે નહીં.

(બાળ વિભાગ ચાલુ)

"શુભ આશિષ"

મહામંડળ શરણું મમ, એ મંત્ર સદા તું જપતો જા, આવ્યો છે તો આ અવસરે, સકળ કાર્ય તું કરતો જા.

મન વાણી ને કાયા વશ રાખી,
મમતા નો બોન્ને દૂર રાખી;
ધન ઢીલું ને ધરણી ધરે તો,
કામ સેવાનાં કરતો જા....આવ્યો છે૦

મહામંડળમાં તું મહાન કહાવે,
આશા ધરી કોઈ આંગણે આવે;
દીન-દુઃખીયાની દુઃખની વાતો,
ધ્યાન ધરી તું સુનતો જા...આવ્યો છે૦

જાજાલાજના ઘેરા ગઢ ભેદી,
હું પદ ની ગ્રંથી ને છેદી,
પ્રકાશમય મંડળ ના ચરણે,
હળવે—હળવે સરતો જા...આવ્યો છે૦

સેવા સહકારનું શરણું ગ્રહી લે,
દુઃખ પડે તો દુઃખ સહી લે;
માન – અપમાનના સરોવરમાં,
તું હંસલો બની તરતો જા...આવ્યો છે૦

—શ્રી પ્રવિણકુમાર ચુનીલાલ મીસ્ત્રી
ઉ. વ. ૧૪ (નવસારી.)

"ક્ષમાયાચના"

આ વખતના અધિવેશન અંકને નવા પ્રીન્ટીંગ પ્રેસ ઉમા પ્રિન્ટરી, સુરતમાં છપાવવો પડયો છે. આપણા આ દ્વિમાસિક છાપવાનો આ પ્રેસનો પ્રથમ પ્રયાસ હોવાથી જે કંઈ મુદ્રણ દોષો વાંચક વર્ગની નજરે પડે તે બદલ ક્ષમા માંગીએ છીએ.

—પ્રકાશન સમિતિ

STOP-PRESS

બારાના શ્રી વિઠ્ઠલદાસ મકનદાસ ગાંધી, શ્રી મોહનલાલ ખુશાલદાસ ગાંધી તથા સુપાના શ્રી છગનલાલ ત્રિભોવનદાસ મીસ્ત્રી તારીખ ૬-૭-૬૮ના રોજ ઉનાઈ ધર્મશાળા માટે ફાળો ઉઘરાવવા ગયા હતા.

આપણા સમાજમાં મુંબઇવાસી દાનવીર ભાઈ-બહેનોએ આ ફાળામાં રૂા. ૬,૦૦૦ જેટલી સારી રકમનો ફાળો નોંધાવી "મુંબઇનું નામ" દીપાવ્યું હતું.

આ કાર્ય માટે ગયેલ મહાનુભાવોની સરભરા તથા જરૂરી બધી જ વ્યવસ્થા શ્રી જમનાદાસ ભગવાનજી પંચોલી તરફથી કરવામાં આવી હતી.

આપણે મુંબઇવાસી દાનવીર ભાઈ-બહેનોના તથા શ્રી જમનાદાસ ભ. પંચોલીના ખૂબ આભારી છીએ.

卐

એસ. એસ. સી. માં પ્રથમ ઈનામ

ઓકટોબર ડ્રાપલ એ માર્ચમાં S. S. C. માં પાસ થયેલા વિદ્યાર્થી ભાઇ-બહેનોમાંથી સૌથી વધુ માર્ક મેળવનાર બે વિદ્યાર્થીઓને દર વર્ષના જેમ ઈનામ આપવામાં આવશે તો વિદ્યાર્થી ભાઇ બહેનોએ પોતાના માર્કની ખરી નકલ સુરત મહામંડળના મંત્રીશ્રીને મોકલવી.

પ્રગતિ

જનશક્તિ તા. ૧૮-૬-૬૮ના રોજે "વણઝારા" નામક કાવ્ય શ્રી અમૃત સી. પંચોલી, મુંબઈનું છપાયું હતું.

★

પ્રકાશક અને તંત્રી : શ્રી ભગવાનદાસ મકનજી મીસ્ત્રી, સ્વરાજ આશ્રમ, બારડોલી-૨. જી. સુરત.
મુદ્રક : શ્રી હીરાભાઈ એમ. પટેલ · ઉમા પ્રિન્ટરી, મોટેશ્વર મહાદેવની પોળ, ગોપીપુરા, સુરત-૨.

નીચેના દાનવીર ભાઈ–બહેનો તરફથી ઉનાઈની ધર્મશાળાને

નીચે મુજબના રકમદાનો—સાધન દાનો મળ્યાં છે.

શ્રી જમનાદાસ ભગવાનદાસ મીસ્ત્રી, મુંબઈ
હોલ માટે રૂ. ૨૦૦૧
,, પંચોલી રો. સ. મ (આજ સુધી) ,, ૧૨૯૧
,, છગનલાલ ત્રિભોવનદાસ મીસ્ત્રી, સુપા
(રૂમ માટે) ,, ૧૦૦૧
,, છગનલાલ ધોલાભાઈ મીસ્ત્રી, મુંબઈ
(રૂમ માટે) ,, ૧૦૦૧
,, નરોતમદાસ મકનદાસ મીસ્ત્રી, મુંબઈ
(રૂમ માટે) ,, ૧૦૦૧
ગં. સ્વ. વિજ્યાગૌર ખુશાલભાઈ ગાંધી
વ્યારા (કૂવા પંપ માટે) ,, ૫૦૧
વ્યારાના યુવક ભાઈઓ તરફથી, વ્યારા ,, ૪૧૦
શ્રી ગજુદેવી પંચ ગણદેવી ,, ૩૦૧
,, છગનલાલ નરોતમદાસ લાઈટવાલા, મુંબઈ
(લાઈટ શેડીંગ) ,, ૩૦૦
ગં. સ્વ. સુકારગૌર મકનદાસ મીસ્ત્રી, મુંબઈ ,, ૨૫૧
શ્રી ઝીણાભાઈ દામોદરદાસ કાપડીયા ,, ,, ૨૫૧
,, મગનભાઈ ખુશાલભાઈ મીસ્ત્રી ,, ,, ૨૫૧
,, મનુભાઈ કીકાભાઈ મીસ્ત્રી ,, ,, ૨૫૧
મેસર્સ સાકરલાલ પ્રેમચંદ જરીવાળા,
મુંબઈ–સુરત ,, ૨૦૨
શ્રી વિઠ્ઠલદાસ મકનદાસ ગાંધી, વ્યારા ,, ૨૦૧
,, નગીનદાસ પ્રાણજીવનદાસ મીસ્ત્રી, મુંબઈ ,, ૧૫૧
,, ઉત્તમરામ મૂલાભાઈ ,, ,, ,, ૧૫૧
,, હરગોવનદાસ કુંવરજી ,, ,, ,, ૧૫૧
,, છોટાલાલ લલ્લુભાઈ પેન્ટર ,, ,, ૧૫૧
,, ભોગીલાલ કીકાભાઈ મીસ્ત્રી ,, ,, ૧૫૧
,, શાંતીલાલ ખુશાલભાઈ મીસ્ત્રી, મુંબઈ ,, ૧૫૧
,, ચંપકલાલ મોતીરામ ,, ,, ,, ૧૦૧
,, હરગોવિંદદાસ વલ્લભરામ ,, ,, ,, ૧૦૧
,, મુળીલાલ છગનલાલ ,, ,, ,, ૧૦૧
,, ગોવિંદદાસ છોગાભાઈ ,, ,, ,, ૧૦૧
,, પરમાનંદ રામજીભાઈ પંચોલી ,, ,, ૧૦૧
,, ઠાકોરભાઈ આત્મારામ મીસ્ત્રી, ચીખલી ,, ૧૦૧
,, ડાહ્યાભાઈ નાથુભાઈ મીસ્ત્રી, હજીરાઈ ,, ૧૦૧
,, હિંમતભાઈ ત્રિભોવનદાસ ,, નવસારી ,, ૧૦૧
,, કુમાર અમૃતલાલ ,, અમદાવાદ ,, ૧૦૧
ગં. સ્વ તાપીગૌર વલ્લભરામ મીસ્ત્રી,
નવસારી ,, ૧૦૧
શ્રી દિનેશચંદ્ર દલસુખરામ પંચોલી
અમદાવાદ ,, ૧૦૦
શ્રી છગનભાઈ રામજીભાઈ મોદી, ખીલીમોરા ,, ૭૫
,, જમનાદાસ ઉત્તમરામ મીસ્ત્રી, મુંબઈ રૂ. ૫૧–૨૫
,, શાંતિલાલ અંબેલાલ ,, ,, ,, ૫૧–૨૫
ગં. સ્વ. મહાલક્ષ્મી છગનલાલ ,, ,, ૫૧–૨૫
હ. અમૃત સી. પંચોલી ,,
શ્રી ભીખાભાઈ આઈ. પંચોલી, વડોદરા ,, ૫૧–૨૫
,, મગનલાલ ત્રિકમદાસ ,, ,, ,, ૫૧–૨૫
,, સુખંકાન્ત નટવરલાલ ઝવેરી, મુંબઈ ,, ૫૧–૦૦
,, ચુનીલાલ મંછારામ મીસ્ત્રી, ,, ,, ૫૧–૦૦
,, સોમાભાઈ રામજીભાઈ ,, ,, ,, ૫૧–૦૦
,, નગીનદાસ રણછોડદાસ મારફતીયા, સુરત ,, ૫૧–૦૦
,, પ્રવિણચંદ્ર મણીલાલ મીસ્ત્રી, ગજુદેવી ,, ૫૧–૦૦
,, ડાહ્યાભાઈ પ્રાણજીવનદાસ ,, ભુદારી ,, ૫૧–૦૦
,, વજેરામ ત્રિકમદાસ પંચોલી, વ્યારા ,, ૫૧–૦૦

તા. ક. રૂ. ૫૧) થી ઓછાની યાદી બીજા અંકમાં છપાશે.

"સાધન દાન"

શ્રી છગનલાલ ત્રિભોવનદાસ મીસ્ત્રી, સુપા તરફથી ચહા માટે 'પ્યાલા' નંગ ૧૨ ભેટ મળ્યા છે.

શ્રી હીરાલાલ અમૃતલાલ મહેતા, સુરત તરફથી પાણી ભરવા માટેની સારી જાતની 'બાલદી' ભેટ મળી છે.

શ્રી ગોવિંદભાઈ ત્રિકમભાઈ પંચોલી, વ્યારા તરફથી "પિત્તળના પવાલાં" પાણી પીવા માટે ભેટ મળ્યાં છે.

'વ્યારા'ના એક 'સદ્‌ગૃહસ્થ' તરફથી "ક્ષિપ્રાવ સ્ટવ" એટલુમીનીઅમના "તપેલીઓ (૩)" "ચા ગરણી (૧)" તથા "સાણસી (૧)" ભેટ મળ્યાં છે.

ઉપરના દાતાઓના અમે ખુબ આભારી છીએ અને આશા રાખીએ છીએ કે અન્ય દાનવીરભાઈ બહેનો પણ પોતાનો ઉદાર હાથ "ઉનાઈ વાડી" તરફ લંબાવી યથા શકિત 'રકમો' તથા 'સાધનોના' દાનો મોકલી આભારી કરશે.

ભિ. શ્રી વિઠ્ઠલદાસ મકનદાસ ગાંધી, વ્યારા
શ્રી સંચાલક: "ઉનાઈ વાડી," ઉનાઈ

મહામંડળ અધિવેશન પ્રસંગે નીચેના દાનદાતાઓનો આભાર માને છે

શ્રી કેળવણી ફંડ

* ૧૧૧–૨૫ સ્વ. વેલાભાઈ જમજીવનદાસ મીસ્ત્રી (નવસારી)ના સ્મરણાર્થે હા. શ્રી છગનલાલ વેલાભાઈ મીસ્ત્રી, મુંબઈ.
\+ ૧૦૧–૦૦ શ્રી નાથુભાઈ નારણજી મીસ્ત્રી, નવસારી
૫૧–૨૫ શ્રી હાકોરલાલ આત્મારામ મીસ્ત્રી, ગોપ્પરી
* ૫૧–૦૦ ,, સ્વ. શ્રી મંછુભાઈ મોરારજી લોખંડવાલાના સ્મરણાર્થે હા. શ્રી હીરાલાલ મકનદાસ, નવાપુર.
* ૫૧–૦૦ શ્રી જમનાદાસ વેલાભાઈ મીસ્ત્રી, નવસારી.
\+ ૫૧–૦૦ ,, સ્વ. શ્રી પરસોતમ દાજીભાઈના સ્મરણાર્થે હ. શ્રી હાકોરલાલ પી. મીસ્ત્રી, નવસારી.
\+ ૫૧–૦૦ ,, મણીલાલ માણેજીવનદાસ, નવસારી.
\+ ૫૧–૦૦ ,, ખુશાલદાસ નરોત્તમદાસ મીસ્ત્રી હા. ,, શાંતીલાલ ખુશાલદાસ, નવસારી.
* ૫૧–૦૦ ,, કાશીબેન ગુલાબભાઈ, નવસારી. હા. બાબુભાઈ
૫૧–૦૦ ,, ગં. સ્વ. મનુબેન નગીનદાસ લાકડાવાલા...સુરત
૨૫–૨૫ ,, પરમાનંદ રામજીભાઈ, મુંબઈ
\+ ૨૫–૦૦ શ્રી મગનલાલ જમજીવનદાસ, નવસારી.
* ૨૫–૦૦ ગં. સ્વ તાપીબેન વલ્લભરામ મીસ્ત્રી, નવસારી
૨૧–૨૫ શ્રી ભીખુભાઇ ઈશ્વરલાલ પંચોલી, વડોદરા
૧૧–૨૫ ,, પંચોલી મહીલા મંડળ, સુરત
૧૧–૦૦ ,, પંચોલી સમાજ, અમદાવાદ.
૧૦–૨૫ સ્વ. ઈચ્છાબેન મોનજીભાઈ નવાપુરવાલાના સ્મરણાર્થે હા. શ્રીમતી રમણબેન, સુરત.
૧૦–૨૫ શ્રીમતી સવિતાબેન બંડુભાઈ મીસ્ત્રી, ગણદેવી.
૫–૨૫ ,, ઇન્દુમતી ઠ. ગમનલાલદાસ જરીવાલા
૫–૨૫ શ્રી વિજયકુમાર ચંદુલાલ જરીવાલા, સુરત.
૫–૨૫ શ્રીમતી પ્રભાવતીબેન નાગુભાઈ
૫–૦૦ શ્રી બાબુભાઈ રામલાલ મપારા, રાજપીપળા હા શ્રીમતી પદ્માબેન
૨–૨૫ શ્રીમતી ધર્મિષ્ઠા રમણીકલાલ, સુરત.
–૧૦ કુમારી રેખા બાલકૃષ્ણ જરીવાળા, સુરત.

૭૮૨–૮૫

નવયુગ પ્રકાશન ફંડ

* ૫૧–૦૦ સ્વ. મછુભાઈ મોરારજી લોખંડવાલાના સ્મરણાર્થે હા. શ્રી હીરાલાલ મકનદાસ, નવાપુર
૨૫–૦૦ શ્રી વિઠ્ઠલદાસ મકનદાસ ગાંધી, વ્યારા.
* ૩–૦૦ ,, શશીકાંત હીરાલાલ, વડોદરા.

૭૯–૦૦

શ્રી આર્થિક મદદ

૧૫૧–૦૦ શ્રી અમરતલાલ સાકરલાલ જરીવાલા, સુરત.
\+ ૫૧–૦૦ સ્વ. શ્રી પરસોતમ દાજીભાઈના સ્મરણાર્થે, હા.હાકોરલાલ પી. મીસ્ત્રી, નવસારી.
\+ ૫૧–૦૦ શ્રી મણીલાલ પ્રાણજીવનદાસ, નવસારી.
૫૧–૦૦ ગં. સ્વ. હરકોરબેન મકનદાસ હા. શ્રી મધુસુદન મકનદાસ, મુંબઈ.
૨૫–૨૫ શ્રી ચંપકલાલ મોતીરામ મીસ્ત્રી, મુંબઈ.
૨૫–૨૫ ,, નરોત્તમદાસ મકનજી મીસ્ત્રી, મુંબઇ.
૨૫–૨૫ ,, છગનલાલ નરોત્તમદાસ મીસ્ત્રી, મુંબઈ.
૨૫–૨૫ ,, શાંતીલાલ ખુશાલદાસ, મુંબઇ.
\+ ૨૫–૦૦ ,, ખુશાલદાસ નરોત્તમદાસ મીસ્ત્રી, નવસારી. હા. શાંતીલાલ ખુશાલદાસ
૫–૦૦ ,, ચંદ્રકાન્ત મગનલાલ પંચોલી, નવસારી.

૨૮૫–૦૦

વિધવા સહાયક ફંડ

૧૫૧–૦૦ શ્રી અમરતલાલ સાકરલાલ જરીવાલા, સુરત
* ૨૫–૦૦ ગં. સ્વ. તાપીબેન વલ્લભરામ, નવસારી.
૨૫–૦૦ શ્રી ખુશાલદાસ નરોત્તમદાસ મીસ્ત્રી, નવસારી. હા શ્રી શાંતીલાલ ખુશાલદાસ મીસ્ત્રી
* ૨૫–૦૦ નવસારી મહીલા મંડળ, નવસારી
૧૫–૨૫ સ્વ. રતનબાઇ કુંવરજીના સ્મરણાર્થે હા. શ્રીમતી મલીતાબેન હરગોવિંદદાસ મીસ્ત્રી, મુંબઈ.

૨૪૧–૨૫

જનરલ ભેટ

૧૧–૨૫ સ્વ. ઝવેરભાઈ હરીભાઇ હા શ્રી ભીખુભાઇ ગુલાબદાસ મીસ્ત્રી, મુંબઈ.

સમરી

૭૮૨–૮૫ કેળવણી ફંડ
૭૯–૦૦ નવયુગ પ્રકાશન ફંડ
૨૮૫–૦૦ આર્થિક મદદ
૨૪૧–૨૫ વિધવા સહાયક ફંડ
૧૧–૨૫ જનરલ ભેટ

૧૩૮૯–૩૫

* ૨૬મ અધિવેશન પ્રસંગે સભ્યગૃહસ્થો તરફથી રોકડી મળી છે.
! આ રકમની દાતાઓએ પોતાની લોનની પાકેલી રકમ પછી ન લેતા જુદા જુદા દાનોમાં ભેટ આપી છે.